MULCHAND SATMO (Gujarati Edition)

Ganatra, Dr. Nalini

VISIT...

LANZAROTE Caliente.COM

મૂળચંદ સાત

ડૉ. નલિની



mulchand satmo
By Dr. Nalini Ganatra



Published by Gurjar Granthratna Karyalay,Gandhi Road, Ahmedabad 380 001

પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001
ફોન : 079-22144663, 09227044777
e-mail : goorjar@yahoo.com
ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ-380006.
ફોન : 26564279 email : bhagwatioffset@yahoo.com

અર્પણ

જેમની હિંમત હિમાલય
જેવી હતી તેવા મારા

પૂજ્ય મોટાભાઈ
સ્વ. હિંમતભાઈ જે. કારીઆને...

પ્રસ્તાવના

મૂળચંદ ઉર્ફે...

આમ તો, હવે પ્રસ્તાવના અને સાસુ આ બંનેનું મહત્ત્વ રહ્યું નથી. છતાં થોડું-થોડું `ચલણ' તો છે ! એમ પણ કહી શકાય કે પ્રસ્તાવના હવે આઉટ ઑફ ફૅશન થઈ ગઈ છે. બહુ ઓછા લખે-લખાવે છે. ચાલી જતું હોય તો ચલાવી લેવું... એવી ભાવના ! જોકે મને `આઉટ ઑફ ફૅશન' ગમે છે. ગમે તેમ તોય એમાં `ફૅશન' (શબ્દ) તો છે જ ને ? મારાં પુસ્તકોનું પણ એવું જ છે. અત્યાર સુધી મારાં છ પુસ્તકો થયાં: (1) હસવું મરજિયાત છે (2) હાસ્યમ્ શરણમ્ (3) અહમ્ હાસ્યાસ્મિ (4) લાફિંગ મોલ (5) લાફ પાંચમ (6) છઠ્ઠ હાસ્ય.

તમે રસપૂર્વક નોટિસ કર્યું હશે તો ખ્યાલ આવી ગયો હશે કે મારાં પુસ્તકો ભલે (ફૅશનની જેમ) જૂનાં થયાં, પણ એ બધાં પુસ્તકોનાં નામમાં હસવું (શબ્દ) તો આવે જ છે. આ જ મારી આગવી ફૅશન છે ! અરે હવે પછીના એટલે કે આઠમા, નવમા અને દસમા પુસ્તકનાં નામ પણ મેં `હસવું' આવે એવાં જ આપી દીધાં છે. હવે ફક્ત એ પુસ્તકો લખવાનાં જ બાકી છે ! તમે કહેશો જ કે તો પછી આ `મૂળચંદ સાતમો' પુસ્તકમાં તો `હસવું' ન આવ્યું. પણ એવું નથી. આમાં એ ગર્ભિત છે. વાત એવી છે કે હવે મારો મૂળચંદ ખુદ જ હાસ્યનો પર્યાય બનીને મારા વાચકગણમાં પ્રસરી ગયો છે. મૂળચંદ ઉર્ફે જ હાસ્ય !

હે વાચકમિત્રો, ગંભીરતાને ગાંઠે બાંધીને કહું તો મારી લેખનયાત્રામાં મૂળચંદનો નાનોસૂનો નહીં, પણ બહુ મોટોસૂનો ફાળો છે. મેં રમૂજની રમકડાંની બંદૂક કે સાચી બંદૂક મૂળચંદના ખભે મૂકીને જ ફોડી છે અને છતાં મૂળચંદે ક્યારેય એના ખખડધજ ખભાનું ભાડું લીધું નથી. તેથી જ તેના ઉદાર સહકારની સરાહના કરવા જ મેં મારા આ સાતમા પુસ્તકમાં એને ત્રિલોકમાં સ્થાન આપી એનું ઋણ ચૂકવવાનો પ્રેમાળ પ્રયત્ન કર્યો છે. ત્રિલોક એટલે પુસ્તકના મુખપૃષ્ઠ પર એને શીર્ષક સિંહાસન આપ્યું. બે મુખ્ય પૃષ્ઠો વચ્ચેના હાસ્યલોકમાં વિહરવા માટે વાઉચર આપ્યું અને પીઠપૃષ્ઠ એટલે કે બૅકટાઇટલ પેજ પર `મૂળચંદ મુખેથી...' એની સરવાણીને સ્થાન આપ્યું છે.

તો સહુ વાચકમિત્રો પણ `મૂળચંદ સાતમા'ને હસતાં-હસતાં વધાવી લેશો. મૂળચંદનું ઋણ ચૂકવીને હું હળવી થઈ એમ તમે પણ આ પુસ્તક વાંચીને હળવા થાવ એવી શુભ શુભ શુભકામના.

04-05-2019 ડૉ. નલિની ગણાત્રા
એ/704, સંષાર્ય ટાવર,
નંદદીપ બંગલા પાસે,
લેકવ્યૂ એપાર્ટમેન્ટની પાછળ,
વસ્ત્રાપુર, અમદાવાદ-380054
મો. 9428351120

આભાર

સહુ પ્રથમ આભાર, મા સરસ્વતીનો... જેમની કૃપા વગર હું પુસ્તક તો શું પ્રસ્તાવના પણ ન લખી શકી હોત. એ પછી આભાર કલમ-કાગળનો. હજુ મને કમ્પ્યૂટરનો ક આવડતો નથી એટલે ક કલમનો અને કાગળનો ક જ વાપરું છું. આ બંને માટે મેં બે પંક્તિ પણ લખી છે -

``કર, કલમ અને કાગળનો સંયોગ થયો,
અને મારે લખવાનો જોગ થયો.''

મારાં પુસ્તકો `પ્રકાશિત' કરવામાં જેઓ હંમેશ `ઊજળો' સહકાર આપતા રહ્યા છે એ ગૂર્જર પ્રકાશનની બે શાહી શખ્શીયત જેવા શ્રી મનુભાઈ શાહ તથા શ્રી રોહિત શાહનો અંતઃકરણપૂર્વક આભાર. (આથી સાબિત થાય છે કે મારામાં પણ અંતઃકરણ છે !)

`વાંચે ગુજરાત' અભિયાનનો આરંભ થયો એ પહેલાં પણ મારાં પુસ્તકો વાંચતા અને વાંચીને પાછા પ્રતિભાવ આપવાની અઘરી તસ્દી લેતાં અને એમની તસ્દી મારું `પ્રેરણાતીર્થ' બની રહી છે એવા મારા એ તમામ વાચકમિત્રો, પ્રતિભાવકોનો હૃદયપૂર્વક આભાર. (આથી સાબિત થાય છે કે હું એકાદ હૃદય પણ ધરાવું છું.) મારા ઉત્સાહી વાચકમિત્રોમાં એકનો પણ નામ ઉલ્લેખ કરવાનું રહી જાય તો મને ડંખ રહી જાય. તેથી કોઈનો પણ નામોલ્લેખ ન કરતાં સર્વેનો સામૂહિક આભાર માનું છું.

મેં પૂરાં નવ વર્ષ નિયમિત કૉલમ લખી છે. અને મારાં પુસ્તકો થવામાં એ કૉલમનો પણ ફુલ-ઓન ફાળો છે. તેથી મને કૉલમની તક આપવા બદલ જનસત્તા, દિવ્યભાસ્કર તથા સંદેશ અખબારના તંત્રીશ્રીઓનો તથા તેમની ટીમના તમામ સભ્યશ્રીઓનો સસ્નેહ આભાર.

મારું કામ હોય ત્યારે પણ કમને જ મને ડિસ્ટર્બ કરે, બાકી મને ડિસ્ટર્બ કરતાં જેમને જોર આવે, એવા મારા ગણાત્રા પરિવારનો આબાલવૃદ્ધ (2 વર્ષથી માંડી 94 વર્ષની ઉંમરવાળા દસેદસ સભ્યો)નો પ્રેમપૂર્વક આભાર. (આથી સાબિત થાય છે કે મારા હૃદયમાં પ્રેમ પણ બિરાજમાન છે)

અસ્તુ.

ડૉ. નલિની ગણાત્રા

અનુક્રમ

લગ્નની સિઝનમાં છૂટાછેડા

છમ્મવડું

પતિ-પત્ની વચ્ચે સંપ હોય તો છૂટાછેડા મેળવવામાં સરળતા રહે છે!!!

વરસમાં ત્રણ-ચાર વખત લગ્નની સિઝન આવે છે છતાં એ સિઝનમાં હું લગ્ન કરી શકતી નથી, કારણ કે એ માટે મારે પહેલાં છૂટાછેડા લેવા પડે! કિંતુ હું છૂટાછેડા લેવા પણ માંગતી નથી, કારણ કે મારા પતિને આસાનીથી સુખ મળી જાય તો એમને સુખની કદર ન થાય અને આખરે એ મા... રા પતિ છે! એટલે મારે વિચારવું તો પડે જ ને કે એમને આસાન સુખ આપીને મને શો ફાયદો? તેથી આ બેમાંથી એક્કેય પ્રસંગ હું ઊજવી શકું એમ નથી. એટલે મારી મધ્યમ પ્રકારની મતિથી મેં મધ્યમ માર્ગ કાઢ્યો. અને લગ્નની સિઝનમાં જ છૂટાછેડા વિશે લેખ લખીને મન મનાવી લેવાનું નક્કી કર્યું.

મારું માનવું તો એવું છે કે લગ્ન અને છૂટાછેડાના હૉલ બાજુબાજુમાં જ હોવા જોઈએ. અને છૂટાછેડાના ચાહકોએ છૂટાછેડા (પોતાના) પણ લગ્નની સિઝનમાં જ લેવા જોઈએ. જેથી લગ્નોત્સુકોમાંથી બે-ચાર ``તેજીને ટકોરો'' થઈ જાય તો છુટાછેડિયાને ``ઈ. પુણ્ય'' મતલબ ઇશારો કર્યાનું પુણ્ય મળી જાય અને એ પુણ્યથી પોતાના છૂટાછેડા સફળ થાય એવુંય બને! આવા અણમોલ વિચારો એમનેમ નથી આવતા મૂળચંદ! એના માટે બુદ્ધિ ભાડે લઈને વાપરવી પડે છે.

સમાજમાં પણ જુઓને, કેવી અંધાધૂંધી ચાલે છે! લોકોને જેની સદાય લગન રહેતી હોય છે એવા `છૂટાછેડા'ની કોઈ સિઝન જ ફાળવવામાં નથી આવી. અને પેલા લગ્નની સિઝન વરસમાં ત્રણ-ચાર વાર રૂમઝૂમ કરતી હેંડી આવે છે. ફાલતું બુદ્ધિથી વિચારો તો એવું લાગેય ખરું કે છૂટાછેડાની સિઝન નથી હોતી એ સારું જ છે. જેથી ગમે ત્યારે અને ગમ્મે ત્યારે લઈ શકાય! પણ એવું નથી મૂળચંદ! છૂટાછેડા બારેમાસ સુલભ હોવાથી જ આજે લઈશું..., કાલે લઈશું... એમ કરીને લોકો આળસી જાય છે. પણ લગ્નની સિઝનની જેમ એની પણ ચોક્કસ સિઝન હોત તો લાભાર્થીઓ જાગ્રત રહીને એનો સમયસર લાભ લેતા હોત. વળી કોઈ આપણને છૂટાછેડા લેવાનું કારણ પૂછે તો સંકોચ વગર કહી શકીએ કે સિઝન હતી એટલે લઈ લીધા!! આમ સિઝન ફાળવેલી હોય તો છૂટાછેડાનું સાચું રિઝન (Reason) સાવ સાદાઈથી છુપાવી શકાય.

સાદાઈ ઉપરથી યાદ આવ્યું કે છૂટાછેડા પર અમથી સાદગી થોપી દેવામાં આવી છે. લગ્ન સાદાઈથી અને ધામધૂમથી એમ બેય રીતે થાય છે જ્યારે છૂટાછેડાને ધામધૂમથી સદાય વંચિત રખાયા છે. અરે છૂટાછેડા તો પંદરમી ઑગસ્ટનો મા જણ્યો ઉત્સવ કહેવાય!! એટલે એને પણ આખ્ખા દેશે સલામી સાથે ધામધૂમથી જ ઊજવવાનો હોય. આઝાદી-મુક્તિ મેળવવી એ હિંમતવાનનું કામ છે. નામર્દ કે નામહિલાનું કામ નથી. એટલેસ્તો છૂટાછેડાનો દર લગ્ન કરતાં ઓછો છે. કારણ કે બધા બીયાય (બીવે) છે. હમણાં જો એવી જાહેરાત કરવામાં આવે કે ``એક કલાકમાં જે છૂટાછેડાની નોંધણી કરાવી જશે એને કોઈ કરતાં કોઈ વઢશે નહીં!''... તો `પરણેતર'ના મેળા ઊભરાય બૉસ, મેળા!!

તમે પરણેલા છો એટલે વિચારવા માટે બે મિનિટની શાંતિ ફાળવવી તમારા માટે કઠિન હશે. છતાં ફાળવીને વિચારશો તો ખ્યાલ આવશે કે, ``ત્યાગીને ભોગવો''વાળા આનંદની ફિલોસોફી પણ છૂટાછેડામાં જ સમાયેલી છે. કુછ સોચો!! આ ઉપરાંત છૂટાછેડાની ખાસિયત એ છે કે એ આપી પણ શકાય છે અને લઈ પણ શકાય છે. એ રીતે તમને ``Joy of Giving'' અને ``Joy of taking'' એમ બંને પ્રકારના આનંદની લ્હાણી કરાવે છે! હું તો કહું

છું કે આવા પ્રકારના આનંદો ઉઠાવવામાં લગીરે આળસ ન કરવી જોઈએ.

લગ્નનાં ચોઘડિયાં અને મુહૂર્તો જોવાય છે. એ જ બતાવે છે કે લગ્નની સફળતા અંગે સહુને અતૂટ શંકા હોય છે. જ્યારે છૂટાછેડા પર તમે આંધળો વિશ્વાસ મૂકી શકો. જેમ સાકર ગમ્મે ત્યારે ખાવ, તો ગળી જ લાગે એમ છૂટાછેડા સમૂર્તામાં લો કે કમૂર્તામાં લો, એનું રિઝલ્ટ ગળ્યું જ આવે!

દ્વિધાસભર મૂળચંદને એ દ્વિધા કોરી ખાય છે કે આપણે પડોશી કે સગાસંબંધી સાથે અણબનાવ રહેતો હોય, વાંધા પડતાં હોય, ઝઘડા થતા હોય કે દીઠાયે ન ગમતાં હોય, તો એમની સાથે તો આપણે એમનેમ સંબંધ તોડી નાંખીએ છીએ. બીજા કોઈ પણ સંબંધમાં છૂટાછેડા નથી લેવા પડતા. તો ફક્ત પતિ-પત્નીને જ કેમ છૂટાછેડાનું બંધન વળગાડ્યું છે?.... મૂળચંદ, એ બધા સાથે સારાસારી હોય કે પ્રેમભાવ ઊભરાતા હોય ત્યારે એમની સાથે લગ્ન કરીએ છીએ? તો પછી? છોનોમોનો છૂટાછેડા લઈ લે કી!

છૂટાછેડા એ કોઈ છીછરી બાબત નથી. એટલેસ્તો એ જેને-તેને મળતાય નથી. એના માટે તમારી પાસે લગ્નનું પાકું લાઇસન્સ જોઈએ. પ્રેમ કે સગાઈનું કાચું લાઇસન્સ ન ચાલે!! કુંવારા અલબત્ત, ભાગ્યશાળી હોય છે. એ સઘળી મનમાની કરી શકે છે પણ છૂટાછેડા મેળવી શકતા નથી. અરે એ કુંવારાને ભગવાન પણ મળી શકે, પણ છૂટાછેડા ન મળે! જ્યારે લગ્નથી તમને ભલે બીજું કશું કરતાં કશું ન મળે, પણ છૂટાછેડા તો મળે જ! છૂટાછેડા એ જીવતેજીવ મોક્ષનો અહેસાસ કરાવે છે. ઈક અહેસાસ હૈ યે રૂહસે મહેસૂસ કરો....!

આમ છૂટાછેડાને સાવ છુટ્ટા મતલબ પરચૂરણ ગણવાની જુર્રત ન કરી શકાય. ``પેટ ચૂર્ણ"ની જેમ છૂટાછેડા પણ રાત્રે સૂતા પહેલાં લઈ લો તો વહેલી સવારે પરિણીત જીવનના બધા પ્રૉબ્લેમનો નિકાલ કરે છે. `નિકાલ'ની કલ્પના માત્રથી કેટલાયને `હાશકારો' થઈ ગયો હશે અને મનમાં છૂટાછેડાના ઘોડા થનગનવા લાગ્યા હશે. અરે કેટલાકે તો ડિવોર્સ સેરેમની માટે કયો પાર્ટીપ્લોટ બુક કરાવવો એય વિચારવા માંડ્યું હશે. પરંતુ હે હરખપદુડાઓ થો..ડા...સા... ઠહરો. આ પુસ્તકનો છેલ્લો લેખ ``છૂટાછેડા લેવાતા હશે?" વાંચો. પછી તમતમારે છૂટાછેડાની કંકોત્રી છપાવજો. O. K.?

*

ભારે ભેંસની હળવી ભાગવત!

છમ્મવડું

`નલિનીબહેન, તમને ભેંસ માટે આટલો ભગવદ્ભાવ કેમ?'

`કંઈક ગુણાનુબંધ, કંઈક ઋણાનુબંધ!'

`ભેંસ આગળ ભાગવત' કહેવત સાંભળી ત્યારે આપણી શ્રીમદ્ ભાગવતને ઇગ્નોર કરવા બદલ ભેંસ માટે મને ઘડીક માન ઊતરી ગયેલું કે ભેંસે આવું ન કરવું જોઈએ. જોકે મને ભેંસ માટે માન ઊતરી ગયું છે એવી જાણ મેં ભેંસને કરી નહોતી. કારણ કે વળી પાછું એને મારા માટે માન ઊતરી જાય! કાયમ સામસામે રહેવું અને ક્યાં બગાડવું? (ભેંસનો વાડો અમારા વાડાની, સૉરી, અમારા ઘરની સામે જ છે.) જોકે કાયમી નજરસંગને કારણે મને ભેંસ પર આંધળો નહિ પણ દેખીતો વિશ્વાસ કે ભેંસ કારણ વગર ભાગવતનું અપમાન કરે નહિ, ભેંસ વિશે વિચારવાનું હતું એટલે મેં બુદ્ધિને જાડી કરીને કારણ વિચાર્યું તો મને ભેંસનો નહિ, પણ ભેંસ આગળ ભાગવત મૂકનારનો વાંક જણાયો. ભલા માણસ, ભેંસ આગળ ભાગવત મૂકવાની હોય કે પૂળો? એ તો રૂડી ભરવાડણના રૂડા સંસ્કાર કે ભેંસે ભાગવતના ભુક્કા ન બોલાવી દીધા. આપણી પાસે કોઈ પૂળો મૂકે તો મુક્કો લગાવીને એને પૂરો કરી દઈએ કે નહિ?

આમ ભેંસ આગળ ભાગવતની દુઃખદ ઘટનાથી ભેંસને પોતાના ભારે શરીર જેવો જ ભારે આઘાત લાગ્યો. અને બસ ત્યારથી તે હતાશાનો ભોગ બની પાણીમાં પડી રહે છે. શાંતિથી પાણીમાં પડી રહેલી ભેંસ સ્થિતપ્રજ્ઞ સરીખી લાગે છે! પરંતુ હકીકતમાં એ શાંત નહીં, પણ સૂનમૂન બેઠી હોય છે. ભેંસ એ ડિપ્રેશનનો કેસ છે, સ્થિતપ્રજ્ઞતાનો નહિ. ભેંસને ડિપ્રેશનમાંથી અને પાણીમાંથી બહાર લાવવા જ હું એના ગુણગાનની ભાગવત કરી એને ઇન્ટરોડ્યુસ કરવા માંગું છું.

`ભેંસ' નામ જ કેવી આગવી આભા ઉપસાવે છે! ભેંસ નામ સાંભળતાં જ સહુ કોઈના અંતરમાં એકસરખો ભારે ભાવ જ પેદા થાય. પરંતુ ભેંસને પોતાના ભારેપણાનું હળવું અભિમાન પણ નહિ, કે નહિ પોતાના આકર્ષક શિંગડાં `ગોડ ગિફ્ટ' છે એવું સુંવાળું અભિમાન!

ગાયનું દૂધ સહેજ પીળાશ પડતું હોય છે, પણ ભેંસનું દૂધ તો ધોળી ગાય જેવું સફેદ હોય છે. એટલું જ નહિ, એના દૂધમાં ફેટ પણ વધારે હોય છે. એ ધારે તો પોતાની માલિકીના ભેંસાસુરમાં ભાંભરી શકે, સૉરી, ગાઈ શકે કે ``... મૈં કાલી હૂઁ તો ક્યા હુઆ, ફેટવાલી હૂઁ..." પણ એને પોતાનાં ગાણાં પોતે જ ગાવામાં રસ નહિ. એના માત્ર દૂધમાં જ નહિ. શરીરમાં પણ ભારોભાર ચરબી ભરી છે છતાં એ `ચરબી' કરતી નથી, શાયદ આળસ!! વળી એ સાત્ત્વિક પણ એટલી જ. હિંદી અને ગુજરાતી બંનેમાં એ `મોટી' હોવા છતાં મોટપ રાખ્યા વગર નાનકડી કહેવતોમાં એ સમાઈ ગઈ છે.

અમિતાભ બચ્ચન અને રાજકુમાર `જાની'ને ધ્યાનમાં રાખીને જેમ ફિલ્મોના ડાયલોગ્સ લખાય એમ ભેંસને ધ્યાનમાં રાખીને સ્પેશિયલ કહેવતો રચાઈ છે. જેમ કે - `ભેંસનાં શિંગડાં ભેંસને ભારે', `ભેંસ આગળ ભાગવત', `મૂઈ ભેંસના મોટા ડોળા" (મર્યા પછી ડોળા કાઢે તોય વાંધા પાડવાના?), `ભેંસ ભાગોળે છાશ છાગોળે', `જેની લાઠી તેની ભેંસ', `કાળા અક્ષર ભેંસ બરાબર', `ભેંસ, ભામણ અને ભાજી'... વગેરે. આ કહેવતો ભેંસની પ્રાઇવેટ પ્રોપર્ટી છે. આ કહેવતોમાં તમે ભેંસની જગ્યાએ ભૂંડ કે ભૂતને ન મૂકી શકો. `ભૂંડ ભાગોળે છાશ છાગોળે' કે `જેની લાઠી તેનું ભૂત' એવું શોભે પણ નહીં. આની સામે બિચારી ગાયના ભાગમાં જૂજ કહેવતો આવી છે. એમાંય વળી એક માંદલી કહેવત - `દૂબળી ગાયને બગઈઓ ઘણી' અને

બીજી કહેવત `દીકરી ને ગાય દોરે ત્યાં જાય' એ પાછી દીકરીની પાર્ટનરશિપમાં એને મળી એટલે અડધી જ ગણાય. અને વળી પાછી એ પણ ફ્લોપ ગઈ. એ કહેવતનું સંપૂર્ણ ધર્માંતર થઈ ગ્યું. અત્યારે `દીકરી ને ગાય ફાવે ત્યાં જાય' એવું બોલાય છે. ત્રીજી કહેવત `ધરમની ગાયના દાંત ન જોવાય' આમાં ધર્મ સાથે જોડી એટલે ગભરાતી જ ફરતી રહે ગાય બિચ્ચારી! જ્યારે ભેંસની બધી કહેવતો લાઇફટાઇમ એચિવમેન્ટ બની રહી!

આ ઉપરાંત ગુજરાતી કલાકારો ઢોલિવૂડમાંથી બોલિવૂડમાં જાય એમ ભેંસને ગુજરાતી કહેવતમાંથી હિન્દી ગીતમાં સ્થાન મળ્યું છે. `...મેરી ભેંસકો ડંડા ક્યૂં મારા?..., જાકે અપની ભેંસ ચરા લે...' એટલું જ નહીં, ભેંસનો સૂર પણ ભેંસાસુર તરીકે વ્યવહારમાં લબ્ધપ્રતિષ્ઠિત થયો છે.

ભેંસ ભોજન માટે આમતેમ ભટકતી ઓછી જોવા મળે છે, કારણ - ઈશ્વર પ્રત્યેની તેની શ્રદ્ધા `ગેરેન્ટેડ ગિફ્ટ' જેવી છે. નહીં આપે તો જશે ક્યાં? `... વાળ આપ્યા છે તો કાંસકો પણ આપશે... સાઇકલ આપી છે તો હવા પણ આપશે... એવી આપણને ઈશ્વર પર શ્રદ્ધા નથી. પણ પહોળું પેટ આપ્યું છે તો પાંચ શેર પૂળા પણ આપશે એવી ભેંસને ખાતરી ખરી! ગુણ અને સંસ્કારની આવી ઉચ્ચ લાયકાત ધરાવતી હોવા છતાં ગાય જેટલાં સ્નેહ અને આદર ભેંસને નથી મળ્યા. ગાય અને ભેંસ એક જ ફેમિલીની... બોલે તો મામા-ફોઈની બહેનો થાય. બંનેને એક પૂંછડું છે, બે શિંગડાં છે, ચાર પગ છે... છતાં કરમની કઠણાઈ ગણો કે કલરની (!) પણ વારે-તહેવારે લોકો ગાયની પૂજા કરે; ચાંદલો કરે, લાલ-પીળા ફૂલનો હાર પહેરાવે; આટલું ઓછું પડતું હોય એમ પાછું પૂંછડે પાણી રેડે; પણ આવો સન્માન સમારંભ ક્યારેય ભેંસનો ન યોજાય.

ગાય... ગાય... ગાય... લે... લે... લે.... એમ બચકારીને લંચ-ડિનર માટે ગાયને બોલાવે અને કેટલાક તો વળી લાડકી દીકરીને કોળિયો ભરાવતા હોય એમ પાછા સ્વહસ્તે ખવડાવે પણ ખરા. જ્યારે ભેંસને કદી ભેંસ... ભેંસ... લે... લે... લે... એમ રાગમાં બોલાવે નહીં. ભેંસ પ્રત્યે દાખવવામાં આવેલા ભેદભાવથી હું ઘેરા શોકની લાગણી અનુભવું છું. ગાયને માતા કહો એનો વાંધો નથી પણ ભેંસને માસી તો કહો!

એની વે, ભેંસ તો એના `ભૂ (પાણી), ભેંસ અને ભરવાડ'ના સીમિત સંસારમાં સુખી છે. આ તો મારો સ્વભાવ કદર કરવાનો એટલે રહેવાયું નહીં. કોઈ આપણા માત્ર ચાંદલાનાં વખાણ કરે તો આખ્ખું કપાળ ચાંદલાથી ભરી મૂકીએ છીએ એમ ભેંસની કદર કરીએ તો શક્ય છે કે ભેંસ પણ ખુશીની મારી ઊછળીને આખી પાણીમાંથી બહાર આવીને ગાયની જેમ રસ્તા વચ્ચે બેસીને આપણી ડિવાઇડર કે બમ્પની ખોટ પૂરી કરી આપી આભાર વ્યક્ત કરે!

મેં પ્લૅટફૉર્મ આપ્યું હવે તમે પરફોર્મન્સ જોજો! ભેંસનું નહીં યાર, ભેંસ તરફની તમારી દૃષ્ટિનું પરફોર્મન્સ! નજરિયો બદલાઈ જશે. ભેંસને જોઈને કદાચ હસવું રોકી શકશો, પરંતુ સહાનુભૂતિ જરૂર ભભૂકી ઊઠશે!

*

મેરા પતિ સિર્ફ મેરા નહીં હૈ

છમ્મવડું

જો પશુ સે કરે પ્યાર... ઉસે પત્ની સે ક્યા એતરાઝ??

શીર્ષકના અંતે મેં કોઈ ખેદચિહ્ન મૂક્યું નથી, છતાં `અરરરરર... આશિકો' બોલી ઊઠશે કે, અરરરરર.... એક હાસ્યલેખિકાની આવી ગમગીન દશા?! આ અધૂરાજનોને ઝટ્ટ જણાવવાનું કે, સ્વભાવ વિરુદ્ધ જઈને વાત પૂરી સાંભળો, મારા પતિ ડૉ. ગણાત્રા, એક એનિમલ ડૉક્ટર છે, એટલે પશુઓની સાર-સંભાળ લેતા હોવાથી તેઓ `પશુ-પતિ' પણ કહેવાય છે. તેથી મેં કહ્યું કે, મેરા પતિ સિર્ફ મેરા નહીં હૈ. મારા નાથ, પશુપતિ છે એની મને ઈર્ષ્યા નહિ, પણ ગૌરવ છે. તેથી જ આદરથી હું એમને `પશુપતિનાથ' કહું છું. આ સિચ્યુએશનની સુંદર સાઈડ ઇફેક્ટ એ છે કે `મેરા પતિ સિર્ફ મેરા હૈ' એવી જીદ મિથ્યાભિમાન કે મોહમાયાથી હું અલિપ્ત રહી શકી છું. જોકે લેવું જ હોય તો તમે મારા માટે હળવું અભિમાન લઈ શકો કે, માત્ર લગ્ન કરીને એક માણસને નલિનીબહેને રાતોરાત ભગવાન (પશુપતિનાથ) બનાવી દીધો!! કિંગમેકર તો ઘણા થઈ ગયા, પણ ગૉડમેકર, હું ફર્સ્ટ અને ઓન્લી હોઈશ. અભિનંદન આવકાર્ય છે.

મારા સુજ્ઞ વાચકો સાનમાં સમજી ગયા હશે કે આજે નલિનીબહેન એમના પતિને ઝપટમાં લેવાનાં છે, તો... તેઓ સાચા છે. `તું તારા પતિ વિશે નિબંધ નહિ લખે તો તને ગાયબ કરી દેવામાં આવશે.'... આવું કોઈ ગેબી સપનું આવ્યું અને તેથી હું ગભરાઈને લખવા બેઠી... એવું નથી. આ તોતિંગ વૃક્ષ જેવડા લેખ લખવા માટેનાં બીજનું વાવેતર અમારા એક જાણભેદુ મિત્રે કર્યું છે. વાત કંઈક આવી છે.

અવનવું જાણવાનો પ્રદીપ્ત જ્ઞાનાગ્નિ ધરાવતા સાહિત્યકાર મિત્ર શ્રી પ્રદીપ ત્રિવેદીને ગ્રીષ્મની એક માસૂમ મધ્યાહ્ને એવું જાણવાની ભૂખ જાગી કે, જાહેરક્ષેત્રમાં સફળતાપૂર્વક સફળ થયેલી સ્ત્રીઓની સફળતા પાછળ એમના પતિશ્રીનો કેવો સહયોગ રહેતો હશે? અને એ જાણવા એમણે, વિવિધ ક્ષેત્રમાં કાઠુ (કોઠુ નહિ, કાઠુ... કાઠુ...) કાઢ્યું હોય એવી મહિલાઓને નિમંત્રણ આપતાં કહ્યું કે, `સોણલો મારો સાહેબો' એ શીર્ષક હેઠળ હું એક પુસ્તક સંપાદિત કરવા જઈ રહ્યો છું. તો તમારી સફળતા પાછળ તમારા પતિનો કેવોક ફાળો (ફંડફાળો નહિ, ફાળો... ફાળો...) છે તે તમે મને લખી મોકલશો, પ્લીઝ?!! હવે હું તો પ્લીઝ... આગળ સાવ પાંગળી! મેં કીધું, માત્ર મારી સફળતા પાછળ જ શું કામ, મારા જીવન અને સમગ્ર પરિવાર પ્રત્યે પણ એમનો વિશેષ ફાળો રહ્યો છે એય જણાવીશ.

આમ શ્રી પ્રદીપ ત્રિવેદીનું આહવાન જેવું નિમંત્રણ એ જ આ લેખ લખવા માટેનું ઉદ્દીપન તત્ત્વ છે. જોકે મને કૌંસમાં ખુશી એ થઈ કે આ પ્રકારનાં નિમંત્રણથી મને એટલું તો જાણવા મળ્યું કે હું મારા ક્ષેત્ર - હાસ્યલેખનમાં સફળ છું.

તો આજે `પશુપતિનાથની પારાયણ'નું મેં કરેલું હોમવર્ક તમારી સમક્ષ પેશ કરું છું. બાય ધ વે, `પશુપતિનાથ'ની વાત માંડી છે એટલે ભાવથી કે ભયથી વાંચ્યા વગર વાચકભક્તોને છૂટકોય નહીં ને?!! તો વાં... ચો!

એક આદર્શ વ્યક્તિત્વ ધરાવતા મારા સાહેબાનું પૂરું નામ છે, અશ્વિનકુમાર કાનજીભાઈ ગણાત્રા. પોતાના કાર્યક્ષેત્રમાં તેઓ ડૉ. એ. કે. ગણાત્રાના નામથી સુખ્યાત છે. પાંચમાં મતલબ `ફાઇવ-સ્ટાર'માં જેની ગણતરી થાય છે તે ગણાત્રા! તેમનું જન્મસ્થળ નેનોસિટી ઉર્ફે સાણંદ છે. તેઓ 9-5-1984ના રોજ મારી સાથે લગ્નગ્રંથિથી જોડાયા. જોકે મા...રી સાથે લગ્નગ્રંથિથી જોડાયા છતાં એમનામાં ગુરુતાગ્રંથિ કે લઘુતાગ્રંથિ પ્રવેશી નથી. એનાં કારણની તપાસ કેજરીવાલ ચલાવી રહ્યા છે. હું તો ફક્ત એટલું જ જાણું છું કે આ લોખંડી લગ્નગાંઠ છોડવા કે

તોડવા, ડૉ. ગણાત્રાએ આજ સુધી નથી પ્રયત્ન કર્યો, નથી હિંમત!!

તેઓ મારા પ્રિય-વર છે. હું એમને કોઈ પણ પ્રકારના દબાણ વગર ચાહું છું. એમના વૈવિધ્યપૂર્ણ વ્યક્તિત્વનો, બોલે તો... મલ્ટીપર્સનાલિટીનો મને ગર્વ છે. એમાં તાણવા જેવી પહેલી લીટી એ છે કે, આડો આકાર ધરાવતા પશુઓ સાથે કામ કરતાં હોવા છતાં તેઓ પોતે સીધી લીટીના માણસ છે. એમનામાં સહુથી મજાની વાત એ છે કે, તેઓ એક પશુચિકિત્સક હોવા છતાં લાત માર્યા વગર વાત કરે છે. વળી વાતે વાતે શિંગડાંયે નથી ભેરવતા. અરે, ગમ્મે તેવા ગેલમાં આવી જાય તોયે ગુલાંટિયા ખાવા માંડતા નથી. ઉપરાંત ગમ્મે તેવી કકડીને ભૂખ લાગી હોય તોપણ ક્યારેય ઘાસચારા પર કુદૃષ્ટિ નથી કરતા, કારણ કે આ સિંહમાણસ, `પ્રાણ જાયે પર પ્રામાણિકતા ના જાય'ને વરેલો છે. નહિ તો એમની પાસે તો પશુચિકિત્સકનું આધારકાર્ડ છે, હકથી ખાઈ શકે. પણ સિંહ ઘાસ ખાતો હશે? અને એક હું છું. જે આજે એમનાં નામે `ચરી ખાવા' બેઠી છું. બીજું કે, અડોશ-પડોશમાં કે સગાસંબંધીમાં કોઈ વાંદરાવેડા કે ગધેડાવેડા કરે તો ભૂલથી પણ એમણે ક્યારેય લાકડી નથી ફટકારી. બાકી સામાન્ય માણસ તો ક્યારેક આદતસે મજબૂર બની જાય કે નહિ?! પણ નો, નેવર.

આમ મારો વર એક અસામાન્ય, પ્રામાણિક, દૃઢ મનોબળવાળો તથા તુલારાશિમાં ન આવતો હોવા છતાં બેલેન્સ-માઇન્ડ છે. વળી પચાસ ટકા સમય પશુ સાથે રહેવા છતાં સો ટકા માણસ રહી શક્યા છે. અનુભવે કરીને ખાતરીપૂર્વક કહું તો તેઓ મારવા જેવા નહીં, પણ એક મળવા જેવા માણસ છે.

નેપોલિયનની ડિફેક્ટીવ ડિક્ષનરીમાં `અશક્ય' શબ્દ નહોતો, જ્યારે આ નલિનીપતિની ઇફેક્ટીવ ડિક્ષનરીમાં બે શબ્દો મિસિંગ છે. કંટાળો અને આળસ. એ રીતે તેઓ નેપોલિયનથી એક કદમ આગળ કહેવાય. અને આ બે શબ્દો મિસિંગ છે એવી કોઈ હોહા કે જાહેરાત પણ ડૉ. ગણાત્રાએ ક્યારેય નથી કરી. એ રીતે નેપોલિયનથી બે કદમ આગળ ગણાય. `કંટાળો આવે છે' આ ડાયલોગ તો કળિયુગના તકિયાકલામ જેવો છે, પણ મેં એમના મોઢે કદી `કંટાળો' શબ્દ નથી સાંભળ્યો. અલબત્ત, એ સાંભળવાની મારી મહત્ત્વાકાંક્ષા નથી. આ તો જસ્ટ....! સવારે ઊઠતાંવેંત, રાત્રે સૂતાંવેત કે ઑફિસેથી આવતાંવેંત, ઘરનું કે બહારનું કોઈ કામ કરવાની ફરજ પડે તો એમનાંકપાળ પર કંટાળાની એક કરચલી સુધ્ધાં ન પડે, એ રીતે તેઓ ઇસ્ત્રીના બિલની બચત કરાવે છે. કરચલી કપડામાં હોય કે કપાળમાં, ઇસ્ત્રી તો કરવી જ પડે ને?!!

ધંધાના ધોરણે ભેંસને તો એ હાલતા ને ચાલતા જોતા-મળતા જ હોય ને? છતાં એમનામાં આળસનો `ળ' ઘૂસ્યો નહિ. `ળ'ને તમે ચલ ચોઘડિયામાં જુઓ તોપણ આળસ મરડતો હોય એવો જ લાગે. એટલે જ મેં કીધું કે મારા વરમાં આળસનો `ળ' ઘૂસ્યો નથી. બૅન્કમાં જતા હોય એટલી જ સ્ફૂર્તિથી બેસણામાં જાય! સવારે ઑફિસે જતા ફ્રેશ હોય એવા જ ફ્રેશ ઑફિસથી સાભાર પરત થાય ત્યારે હોય. એ તો ઑફિસમાં આરામ ફરમાવતા હશે... એવું કોણ બોલ્યું?? જી ના, તેઓ સરકારી બાબુ હોવા છતાં, પહેલી તારીખે પગાર ખુદ, એમના હાથમાં આવતાં ગૌરવ અનુભવે એવા ખંતથી, ઑફિસને પોતાની કૂખ-કંપની માનીને કામ કરે છે અને છતાં કે એટલે જ ફ્રેશ અૅન્ડ ફાઇન રહે છે. સ્વામી વિવેકાનંદે હમણાં જ કીધું, મતલબ હમણાં જ એમનું ક્વૉટ મારા વૉટ્સ-અપમાં આવ્યું કે - every thing is easy, When you are busy but nothing is easy, when you are lazy. એટલે જ કહું છું કે, મારો સ્વામી, સ્વામી વિવેકાનંદસે કમ નાહી.

ટૂંકમાં કામ નાનું-મોટું હોય, ઘરનું, ઑફિસનું કે સામાજિક હોય... સ્ફૂર્તિથી, મજેથી, લગનથી અને પરફેકશનથી જ કરે. કહોને કે, `કર્મ જ ધર્મ' અને `યોગઃ કર્મસુ કૌશલમ્' એ જ

એમની જીવનશૈલી. એમનાં આ `એવર ફ્રેશ, નેવર ડિપ્રેશ' પાછળ એમનાં હકારાત્મક વલણનો જ હાથ છે. પ્રત્યેક સિચ્યુએશનમાં પોઝિટિવ એટિટ્યૂડ જ રાખતા હોવાથી નેગેટિવિટીમાં એમની એનર્જી વેસ્ટ નથી થતી તેથી જ તેઓ એનર્જેટિક ફોર એવર છે. ઘરની બહાર તો ઘણા `સદાબહાર' લાગતા હોય છે, પરંતુ આ અશ્વિનકુમાર તો ઘરમાં પણ `સદાબહાર'!

તેઓ શૈક્ષણિક લાયકાત પણ ધરાવે છે. એમની પાસે 3-3 ડિગ્રી છે પણ આ ડિગ્રીને ઉનાળાના તાપમાન સાથે કોઈ લેવાદેવા નથી. મતલબ એ `ડિગ્રી'ઓનો એમને જરાય `પારો' (અહમ્) નહિ. પહેલી ડિગ્રી છે. B. V. Sc & A. H. (બેચરલ ઑફ વેટરનરી સાયન્સ અૅન્ડ એનિમલ હસબન્ડરી) આમાં એનિમલ હસબન્ડ - પશુપતિ અંગેની વાત આગળ કરી. પશુ સાથે નિત્ય સત્સંગ છતાં પશુસ્વભાવથી કેવા પર રહ્યા એ પણ જોયું. બીજી ડિગ્રીની વાત કરું તો એમણે M.B.A. અને LL.B કર્યું છે. જોકે લગ્ન પછી કર્યું છે એટલે મેં કરવા દીધું છે એમ પણ કહી શકાય. પ્રૉબ્લેમ માણસમાં હોય કે મશીનમાં... એમને રિપેર કરતાં આવડતું જ હતું. મની-મૅનેજમેન્ટથી માંડી મૅન-મૅનેજમેન્ટની આવડત પણ હતી જ, પરંતુ લોકોને લાગમાં (વિશ્વાસમાં) લેવા ડિગ્રી જરૂરી હોય છે. એટલે M.B.A. કર્યું અને હોશિયારને હથિયાર મળ્યા જેવો ઘાટ પણ થયો જ. જોકે ડિગ્રીએ એમનાં વ્યક્તિત્વ અને આવડતમાં તેજ લિસોટાનું કામ અલબત્ત, કર્યું જ.

LL.B. કર્યું છે. છતાં સવિનય કાનૂનભંગ (પણ) નથી કરતા. કાયદાકાનૂન કંઠસ્થ ખરા, પરંતુ કાયદો ક્યારેય હાથમાં ન લે, મગજમાં જ રાખે. અને એટલે જ એમની ઇચ્છા વિરુદ્ધ કોઈ એમને છેતરી ન શકે. હા, કોઈ નાના વેપારી કે ફેરિયાને વસ્તુની ડબ્બલ કિંમત ચૂકવીને એ જાણી જોઈને છેતરાવાનું પસંદ કરે પાછા! આમ ભોળા સહેજેય નહિ, અને કપટી લગીરેય નહિ. હોશિયાર ખરા પણ `હોશિયારી' ન કરે.

તેઓ સોફ્ટ સ્કીલ ટ્રેનર છે. સોફ્ટ સ્કીલ ટ્રેનર હોવા છતાં સખતમાં સખત માણસ પાસેથી કામ લઈ શકવા સમર્થ! મારી સાથે તેત્રીસ વર્ષ ભાર દોરીમાં ખેંચી કાઢ્યાં. એ જ એની સાબિતી, આ ઉપરાંત R.T.I. (રાઇટ ટુ ઇન્ફર્મેશન) `માહિતી જાણવાનો અધિકાર'ના પણ ટ્રેનર અને એક્ષપર્ટ, છતાં `મને બધ્ધી ખબર છે' એવું અભિમાન નહીં. આટલી બધી પ્રવૃત્તિમાં બિચ્ચારાને અભિમાન કરવાનો ટાઇમ જ નથી મળતો ને! એમનું સામાન્ય જ્ઞાન પણ અસામાન્ય. બોલે તો... જક્કાસ! તેઓ એક અચ્છા ઓરેટર અને એન્કર પણ ખરા. (આ કોમર્શિયલ જાહેરાત નથી). સ્પીચ પર્સનાલિટીનો મોંઘો કોર્સ કર્યા વગર જ સ્પીચ પર્સનાલિટી પાવરફુલ. મતલબ બોલવામાં પાછા ન પડે, રમૂજવૃત્તિ પણ રોકડી, મતલબ (ચોક્કસ લઢણથી) બોલીને હસાવે; લખીને નહિ, કારણ કે લખીને હસાવે તો મારા પેટ પર લાત પડે. મેરા ખયાલ વો નહીં રખેંગે તો ઔર કૌન રખેગા?

તેઓ માત્ર મારો નહિ, પૂરા પરિવારનો ખ્યાલ જવાબદારીપૂર્વક રાખે. એમના માટે પહેલો પ્યાર... પરિવાર! પરિવાર સંયુક્ત, સ્નેહયુક્ત અને ખુશ હોવો-રહેવો જોઈએ, એ એમનું મંગલ-સૂત્ર! એ મંગલસૂત્રની રક્ષા માટે તન-મન-ધનથી તૈયાર! જેમ ઑફિસમાં ફાઈલોનો પોદરો સૉરી ઢગલો ન થવા દે, તત્કાલ નિકાલ કરે એમ જ ઘરમાં પણ કોઈને કંઈ પણ તકલીફ હોય, આંશિક પણ અપ-સેટ સર્જાય તો 108ની ઝડપે હલ કરવામાં લાગી જાય. સમસ્યાને સ્હેજેય વાસી ન થવા દે, વાસી થાય તો વકરે ને? ઈવન પુત્રવધૂઓને પણ એમણે ક્યારેય પપ્પાની ખોટ નથી સાલવા દીધી. મારી વાત અલગ છે. હું તો એક સાસુ છું એટલે વહુઓને એમની મમ્મીની ખોટ ન સાલવા દઉં તો મારામાં ખોટ ગણાય. એક સાસુ થઈને હું ખોટનો ધંધો કરતી હોઈશ?

મારા પતિને પરિવારના પ્રત્યેક સભ્યના ડેવલપમેન્ટમાં રસથી રસ લેવામાં ભારે રસ!

દરેકની સ્કીલને પુશ-અપ કરે. ઉપરાંત પોતાની તથા પ્રત્યેક કુટુંબીજનની ખામીને પણ સહજતાથી સ્વીકારે. કચવાટ કરીને તો સહુ સ્વીકારે, સહજતાથી સ્વીકારવું એ એમનામાં વિશેષ અને મોટી વાત છે. પોતાનાં અભ્યાસ, નોકરી, ટ્રેનરશિપ કે સામાજિક પ્રસંગો દરમિયાન જે અનુભવો થાય એ બાળકો સાથે શેર કરીને ઇન્ડાયરેક્ટ ઘણુંબધું કોચિંગ આપી દે. બંને દીકરાઓ પણ કોચિંગ કૅચ કરવામાં કુશળ નીકળ્યા અને અનેક ક્ષેત્રમાં આગવી ઓળખ ઊભી કરી નાખી. આજે અમે એમનાં મમ્મી-પપ્પા તરીકે ઓળખાઇએ છીએ. બધી મારા પશુપતિનાથની કૃપા છે.

આમ તેઓ એક લવિંગ અને કેરિંગ પર્સન છે. પરિવારનાં ફ્રેન્ડ, ફિલોસોફર, ગવર્નર અૅન્ડ ગાઇડ છે. એક ફુલ્લી ફેમિલી ઓરિયેન્ટેડ માણસ! અરે, મને એટલે કે પોતાની પત્નીને પણ તેઓ પરિવારની સભ્ય જ ગણે છે. (બધી અખંડ સૌભાગ્યવતીના સૌભાગ્યમાં આ નથી હોતું) તેથી મારી સાથે ક્યારેય અસભ્ય વર્તન નથી કર્યું. અન્ય પતિઓની જેમ મજાકમાં પણ મને ક્યારેય ઉતારી નથી પાડી. એ તો... તમારાથી ગભરાતા હશે, એવું કોણ બોલ્યું? બોલનારને જત જણાવવાનું કે મને તો એ અભયારણ્ય જ માને છે, સમજે?! પત્નીથી ધરાહાર ન ગભરાવું, એ પણ વિશેષતા જ થઈને એમની? પોતાના કરતાં પત્નીનો પગાર દસ રૂપિયા વધારે હોય તોપણ પતિ નામના પુરુષનો અહમ્ ઘવાઈ જતો હોય છે. જ્યારે આ સજ્જનને તો હું હાસ્યલેખિકા છું, એનું સવાયું ગૌરવ! મારા હાસ્યલેખનો કોઈ સુંદર ફીડબેક આપે તો જાણે મોટી ફિક્સ-ડિપોઝિટ પાકી હોય એવો એમનો ચહેરો ફુલ્લ-કુસુમિત થઈ જાય. ખબર નહિ કેમ, પણ પત્નીની પ્રગતિમાં રાજી રહે.

જોકે પ્રોત્સાહક સાથે મારા કડક વિવેચક પણ ખરા. પ્રેસમાં મોકલતા પહેલાં મારા લેખો અવશ્ય વાંચે જ. અને લખાણમાં હ્યુમર ઓછી જણાય અથવા તો કોઈ શબ્દ કે વાક્ય અનુચિત જણાય તો વાંચતાં વાંચતાં એમનો ચહેરો ઘડીક `ડલ્લ-કુસુમિત' થઈ જાય અને ફેરફાર કરીને ફરી લખવાનો રીતસર હુકમ જ કરે. (પતિ થઈને હુકમ કરે, બોલો!) એકવાર તો, `આ ના ચાલે...' કહીને આખો લેખ રિજેક્ટ કરીને મારી પાસે ફરી લખાવેલો. એટલે જ મારો લેખ વાંચીને તેઓ ઓ. કે. ન કરે ત્યાં સુધી મને રીતસર ફડફડ રહે. (આજની પત્નીને એક પતિથી ફડફડ રહે, બોલો!) જોકે લેખ ખૂબ ગમી જાય તો પરફેક્ટ... કહી પીઠ થાબડીને તત્કાલ શાબાશી પણ આપે. આમ એક આખા વાચકવર્ગનાં પ્રતિનિધિની ગરજ સારે.

મારાં બાળકો દસમા-બારમામાં હતાં ત્યારે એમણે એક `આઇડિયા' લોન્ચ કરેલો. ઑફિસથી આવીને રોજે હસતા-હસતા જ ફક્ત એટલું જ પૂછે કે, શું બચ્ચુ... કેટલે આવ્યું? અને પ્યારા પપ્પાને કિ.મી.ની સારી એવરેજ બતાવવા પણ બાળકો દિવસ દરમિયાન રસપૂર્વક અને પેલું દૂધનાં ઉમેરા જેવું થોડું વધારે વાંચતા અને પપ્પાની અપેક્ષિત શાબાશી મેળવતાં. વળી બાળકોને થોડા-થોડા સમયે `નાઇન્ટી પ્લસ'નો ટાર્ગેટ યાદ કરાવે, પણ ટોર્ચર ક્યારેય ન કરે. આમ છતાં કે એટલે જ બંને બાળકો તદ્દન ટેન્શન વગર ભણીને સરકારી ફીમાં ડૉક્ટર થયા.

આ પ્રસ્તાવના રજૂ કરવાનું કારણ એ કે લેખન બાબતે મને પણ તેઓ ત્રીજા બાળકની જેમ ટ્રીટ કરતા રહ્યા છે. હું કૉલમ લખતી ત્યારે લેખ લખીને પ્રેસમાં આપ્યા પછી બે દિવસ તો હું બારદાનની જેમ રિલેક્સ જ રહું. ત્રીજા દિવસે નવા વિષય પર ઠીચુક-ઠીચુક લખવાનું ચાલુ કરું. પછી ડેડલાઇન નજીક આવે એટલે હાઈએલર્ટ જાહેર કર્યા વગર ઉજાગરાવેડા કરું. પણ મારા ઉજાગરા મારા સાહેબાને પસંદ નહીં એટલે એ તો પેલા ચોક્કસ પ્રકારના હપતાની જેમ નિયમિત ઉઘરાણી કર્યે જ રાખે કે, નવો લેખ ચાલુ કર્યો?... કેટલું લખાયું?... મારો પ્રતિસાદ ઢીલો જણાય તો એક આદર્શ માસ્તરની જેમ સમજાવે કે, દરરોજ થોડું લખવાનું ચાલુ જ

રાખવું. રોજનો એક ફકરો લખે તોપણ સાત દિવસમાં શાંતિથી લેખ પતી જાય અને ટૅન્શન કે ઉજાગરા ન થાય. એ જ રીતે પુસ્તક લખવાનું ચાલુ હોય ત્યારે પણ કહેતા રહે કે રોજ એક પાનું કે છેવટે અડધું પાનું લખે તોપણ વરસમાં પુસ્તક તૈયાર થઈ જાય. હવે થોડું વાજબી કરી આપે એટલે બહેનલોગ ખુશ જ થઈ જાય ને? આમ મારે ક્યારેય ગાવું નથી પડ્યું, ચલે યાર ધક્કા માર...! તેઓ જ સમજદારીથી - સ્વેચ્છાએ હળવા ધક્કા મારી આ બળદગાડાને સૉરી નલિનીગાડાને હંકારતા રહ્યા છે. (આમાં સૉરી કહેવાની ક્યાં જરૂર હતી એવું કોણ બોલ્યું?) ખરેખર કોઈ કહેવા કે પૂછવાવાળું હોય તો ઘણો એટલે ઘણો ફરક પડે... અસરકારક અસર થાય, એ અનુભવ મને ઘેર બેઠા મળ્યો છે.

અખબારમાં નિર્ધારિત કરેલા વારે મારો લેખ આવે એ દિવસે ડૉ. ગણાત્રા સવારે ઊઠીને પ્રથમ પહેલા મારો લેખ વાંચે, કહોને... એ જ એમનું પ્રાતઃકર્મ! સમાચાર પણ પછી વાંચે. હું તો ઘરરસોડાનાં પ્રાતઃકર્મ પતાવીને પછી જ શાંતિથી વાંચું. મારો લેખ હોય તો શું થઈ ગયું? ઘરવાળીની પ્રાયોરિટી તો ઘરકામ જ ને?! જોકે હું રસોડું, ચોકડી કે પછી માળિયામાં કામ કરતી હોઉં, એ ગમે ત્યાંથી ગોતીને મને કહી જાય કે, લેખ સરસ છપાયો છે હો. એકેય ભૂલ નથી. આવું કહેતી વખતે એમની ખુશી કંઈક અલગ જ હોય. વળી એ દિવસે સાંજે આવીને પણ પ્રતિભાવનો સ્કોર અવશ્ય પૂછે કે, કોઈના ફોન આવ્યા'તા? મૅગેઝિનમાં મારો લેખ આવ્યો હોય તો એ મૅગેઝિન હું એમના ટેબલ પર મૂકી દઉં. એ ઑફિસથી આવીને ઊભા-ઊભા જ એમાંનો મારો લેખ વાંચી નાખે. પછી ફ્રેશ થવા જાય. મારું પુસ્તક પ્રકાશિત થઈને આવ્યું હોય એ દિવસ તો એમના માટે, આજની ઘડી રળિયામણી...! પુસ્તક જોતાં જ, કૉંગ્રેચ્યુલેશન... આપતાં ભેટી જ પડે. અને એ જ મારી ભેટ કે રોયલ રોયલ્ટી બની રહે.

જોકે પરિવારને પ્રોત્સાહિત કરવાનો ગુણ પારંપરિક છે એમનામાં. મારાં સાસુ-સસરા પણ અખબારમાં આવતા મારા હાસ્યલેખો નિયમિત વાંચતાં અને વાંચીને પણ... નિયમિત હસતાં પણ ખરાં. મારા સ્વ. સાસુએ એકવાર સાસુના જ અંદાઝમાં એવું પણ કહેલું કે, જોજેને... તને તો દેશ-વિદેશમાં નામના મળશે!! અને ખરેખર એ પછી મારા લેખો ગુજરાત ટાઇમ્સ (ન્યૂયૉર્ક)માં ઘણા સમય સુધી છપાયા. રીડ ગુજરાતી.ડોટ કોમ - વેબમાં પણ આવતા રહ્યા અને અમેરિકા, કૅનેડા વગેરે દેશોની લાઇબ્રેરીમાં મારાં પુસ્તકો વાંચ્યાના અહેવાલ વાચકો હાલ પણ આપતા રહે છે. આમ એક `સાસુની શુભેચ્છા!' વહુને ફળી. નાભિમાંથી નીકળેલા આશીર્વાદને ફળ્યા વગર છૂટકોય ન થાય ને? આને કહેવાય વડીલોનો સાથ, વહુનો વિકાસ! કહેવાનો મતલબ કદર-બૉસી એમને પરંપરાથી મળી છે.

સંયુક્ત કુટુંબની જવાબદારી, નોકરી અને કૉલમ લખવી... આમ ત્રણ ઘોડે સવારી કરતાં થાક અને સમયાભાવે કરીને મને કૉલમ છોડી દેવાનાં વારંવાર હુમલા આવતા, ત્યારે પણ મને પ્રોત્સાહનની ભેળસેળવાળું શુદ્ધ આશ્વાસન આપતાં તેઓ કહેતા કે, `તારી વાત સાચી છે, તને તકલીફ પડે છે એ પણ હું જોઉં છું પણ Humour - હ્યુમર એ તને મળેલી ગોડ-ગિફ્ટ છે. તો થોડું સહન કરીને પણ લખવાનું ચાલુ રાખ. આ પ્રવૃત્તિ જ તારો થાક ઉતારશે અને એનાથી જ તને આગવો આનંદ અને સંતોષ મળશે' અને... મારામાં દૃઢતાનો અદ્ભુત અભાવ એટલે માનીયે જતી, મને તો સસલુ પણ ફોસલાવી જાય એવી ભોળી છું. ત્યારે આ તો સિંહ-બચ્ચા!! જોકે ત્યારે પણ અને આજે પણ, હાસ્યલેખનની પ્રવૃત્તિથી જ મને આંતરિક આનંદ મળે છે.

આમ-આદમીની અન્નનળીમાં ન ઊતરે એવી એક વાત કહું. હું અને મારા અક્ષર, બેય ઉકેલવા અઘરા! જ્યારે એમના અક્ષર, અભણને પણ વાંચવાની ઇચ્છા થઈ આવે એવા સુંદર! એટલે આજ સુધી મારા તમામે તમામ લેખો આ અક્ષર પુરુષોત્તમે જ ફેર કરી આપ્યા છે. આ લેખ જ અપવાદ છે. એમને સરપ્રાઈઝ આપવા, આ લેખ છપાયા પછી જ એમને વંચાવીશ.

પોતાની પ્રશંસા પચે નહિ અને ક્યાંક આખો લેખ એડિટ કરી નાખે તો?!! `So...

એમનું એક વિશેષ જમાપાસુ મારા માટે એ રહ્યું કે, એમણે ક્યારેય એવો હઠાગ્રહ નથી રાખ્યો કે વહેવારમાં અહીં તો જવું જ પડશે કે આમ તો કરવું જ પડશે. અનુકૂળ હોય તો જવાનું, એમ જ કહે, ``કુછ તો લોગ કહેંગે... લોગો કા કામ હૈ કહના'' એ પંક્તિના ફોલોઅર, જોકે કુટુંબ પ્રત્યેની ફરજનું મેં ધર્મની જેમ પાલન કર્યું છે. આજપર્યંત મારી પ્રાયોરિટી ઘર-વર-કુટુંબ જ છે. પણ સંસાર અને કાર્યક્ષેત્રને હું મેનેજ કરી શકી હોઉં તો એમના સ્વસ્થ સહકારથી જ. આને તમે પતિનો સાથ, પત્નીનો વિકાસ કહી શકો.

એમના શોખ વિશે વાત કરું તો એમને વાંચવું, ચાલવું, ટી.વી. જોવું, નાટક-ફિલ્મો જોવી, ગીત-ગઝલ સાંભળવા (25-30 ગઝલો લખી પણ નાખી છે!), સારી વાતો વોગાળવી... વાગોળે અલબત્ત, માણસની જ જેમ!! આવું બધ્ધું ગમે, પણ આમાંથી એકેયનો ડાહ્યો કે ગાંડો શોખ નહીં. બાકી ભલભલા ડાહ્યા માણસોને જાતજાતના ગાંડા શોખ હોય છે!! આ તો... ટી.વી.માં ઇન્ટરેસ્ટિંગ ઇંગ્લિશ મૂવી જોતાં હોય અને હું ડોળા કાઢ્યા વગર સાવ નમ્રતાથી પૂછું કે, ચાલવા જઈએ?... તો એ જ સેકન્ડે, ચલો દિલદાર ચલો... એવું યે ગાયા વગર ચપ્પલ પહેરીને ચાલવા તૈયાર. આ ઉદારમતવાદીને તો ઇધર ભી વાહવાહ... ઉધર ભી વાહવાહ!! આમ ઇલાસ્ટિક કરતાં પણ વધુ ફ્લેક્સિબલ સ્વભાવ. પણ હા, કોઈ ગંભીર બાબતમાં પ્રોટોકોલ, પરફેક્શન કે ડિસિપ્લીન ન જળવાય તો ગુસ્સાને મુલતવી ન રાખે. ગુસ્સો જોકે નિર્દોષ છૂટાછેડા જેવો નિર્દોષ અને નિર્દંશ, નિયંત્રિત અને અલ્પાયુ જ હોય.

નિશંક લોકોને પણ અહીં એવી શંકા થઈ જ હશે કે, એક માણસમાં બધી સારી જ બાબતો થોડી હોય? સદર પ્રશ્નાર્થીઓને જણાવવાનું કે, અમારે માત્ર `મારો સાયબો' વિષય પર નહીં, પણ `સોણલો મારો સાયબો' એ શીર્ષક હેઠળ લખવાનું હતું, એટલે સોણું સોણું જ લખવું પડે ને? અકોણું લખીએ તો માર્ક કપાઈ જાય. કોઈ વેજિટેરિયનને `કાપવા' માટે મજબૂર શા માટે કરવું?

બાય ધ વે, અહીં કસોટી તો પત્નીઓની થઈ છે કે, જે પોતાના પતિને સદીઓ જેવા વરસોથી સારી પેઠે ઓળખતી હોય એના વિશે સારું પણ લખવાનું અને સાચું પણ લખવાનું!! પરંતુ `હોશિયાર' વિદ્યાર્થી કસોટીથી ન ગભરાય. મારાં વખાણ હું સીધેસીધાં ક્યારેય નથી કરતી. બસ આમ આડકતરી `હોશિયારી' કરી લઉં. જોકે હું માત્ર ગીતા પર નહીં, પણ નીતા, મીતા, બબીતા, સવિતા, સીતા અને ચિતા (અગ્નિ) પર હાથ મૂકીને (અરે, આ તો સાલું દઝાયું...) કહું છું કે મેં લખેલી સઘળી વિગત સત્યઘટના પર આધારિત છે. નામ કે પાત્ર પણ બદલ્યાં નથી.

અંતે, કંકોત્રીના અંદાઝમાં કહું તો, મારા અંગત પશુપતિનાથની અસીમકૃપાથી જ હું વરસો સુધી કૉલમ અને પુસ્તકો લખી શકી અને મારી સફળતા (?!) પાછળ એમનો જ ઉગામવાનો બાકી રહી ગયેલો હાથ છે. આમ મારા વરજી સરેરાશ પણ સારા છે અને એકંદરે પણ સારા છે. જોકે તેઓ સારા છે એનું કારણ પણ કહી દઉં. તેઓ મારા છે એટલે સારા છે. બીજું કે, મારા ડૉક્ટર સાહેબાએ બધા જ પ્રકારનાં પશુઓને હેન્ડલ કરેલાં હોવાથી એમને પણ મારી સાથેની જીવન-યાત્રા અઘરી ન પડી, ધેટ્સ ઓલ.

સાવ અંતે, પણ અલ્પ નહીં, મારા સાયબાની લેખિતમાં એક દસ્તાવેજી કદર કરવાની તક આપવા બદલ આયોજકશ્રીનો આભાર.

*

....બૉસ, જાવ!

છમ્મવડું

બૉસ માથાનો બોજ લાગે છે છતાં `બૉસ ઈઝ બોજ'ને બદલે ``બૉસ ઇઝ બૉસ' જ કહેવું પડે છે!!!

આમાં કાંઈ હું તમારા કે મારા બૉસને ઑર્ડર નથી કરતી કે, બૉસ જાવ... બે કટિંગ ચા લઈ આવો. આ `બૉસ જાવ' એ તો મારો તકિયા કલામ છે. કોઈ અશક્ય કે અશક્ય જેવી લાગતી બાબતની ચેલેન્જ આપતી વખતે આ તકિયા કલામ વપરાય છે. જેના કેટલાક નમૂના અહીં રજૂ કરું છું. એટલે તમે કોઈના બૉસ હો તો પણ, `બૉસ, જાવ' શીર્ષક વાંચીને હેંડવા ના માંડતા. નહિ તો આ લેખ કોણ વાંચશે? તમારા ઇન-લોઝ? (સાસરિયા?) તો ચલો... ` બૉસ, જાવ' એ `તકિયા' કલામના આજે `ગાભા' કાઢી નાખીએ!

* માણસજાતને સુધારી નાખવાની `કિતલ' ભાવનાથી, બિચ્ચારી બસની પીઠ ઉપર સુવાચ્ય અક્ષરે સુવિચારો લખેલાં હોય છે. આ સનસની સુવિચારો વાંચીને સુધરી ગયો હોય એવો એક શખસ બતાવી આપો તો, એ બસની પાછળનો ભાગ તમને આપી દેવો બૉસ, જાવ!

* એક આંખ ખુલ્લી અને એક આંખ બંધ રાખીને કોઈ ઊંઘી દે તો મેં `ઉતરાવેલો' મોતિયો એને `ચડાવી' દેવો બૉસ, જાવ!!

* સ્માર્ટ પર્સનાલિટીવાળો કે છાતી કાઢીને ભીખ માંગતો હોય એવો ભિખારી શોધી બતાવો તો એ ભિખારીનું તગડું બૅંક-બેલેન્સ તમારા ખાતામાં ઠાલવી આપું બૉસ, જાવ!

* સર્વિસ કરતી સ્ત્રી સવારમાં હસતાં-હસતાં અને શાંતિથી ઘર-કામ કરતી દેખાય તો શ્રી રવિન્દ્રનાથ ટાગોરજીનું આખ્ખું શાંતિનિકેતન તેણીને આપી દેવું બૉસ, જાવ!!

* મંદિરમાં ભગવાનની મૂર્તિ સમક્ષ દાદાગીરીથી આજીજી કરતો હોય એવો ભક્ત પકડી લાવો તો મંદિરનો ઘંટ તમને મફતમાં આપી દેવો બૉસ, જાવ!

* આજની એક પણ મૉમ એવું બોલતી સંભળાય કે `મારો ટીનું તો બહુ ડાહ્યો, શાંત અને કહ્યાગરો છે. ભણવાનું તો એને કહેવું જ ન પડે..." તો એ મૉમનું મીણનું પૂતળું બનાવીને મહેસાણાનાં મ્યુઝિયમમાં મૂકાવડાવવાની જવાબદારી મારી બૉસ, જાવ!!!

* ગરીબ બ્રાહ્મણ આજેય મળી આવશે, પણ ગરીબ ભિખારી શોધી લાવો તો આજથી સરસપુર સહકારી સ્વીસ બૅન્કના માલિક તમે બૉસ, જાવ!!

* ``આ ચોમાસામાં કપડાં સૂકાતા નથી...'' એવી ફરિયાદ ન કરતી હોય એવી સ્ત્રી ગોતી લાવો તો આજથી બધી સિઝનના ઇન્ચાર્જ તમને બનાવી દેવા બૉસ, જાવ!

* લગ્ન પછી પતિને ગાંઠતી હોય એવી સ્ત્રી બતાવી આપો તો તમારો છૂટાછેડાનો ઇવેન્ટ સ્પોન્સર કરવાની જવાબદારી મારી બૉસ, જાવ!!

* શટલિયા રિક્ષામાં મુસાફરી કરતા મૂળચંદની બેસવાની અદા બાદશાહી હોય, મતલબ જાણે મર્સિડીઝ ગાડીમાં બેઠો હોય એવા મિજાજથી શટલિયામાં બેઠેલો જણાય તો મને તાત્કાલિક જાણ કરજો. જાણ કરનાર `બૉસ' ને શટલિયાનો પાસ કઢાવી આપવાની જવાબદારી મારી બૉસ, જાવ!

* એક `એસ.ટી. બસ' નીટ અૅન્ડ ક્લીન (ચોખ્ખી ચણાક) બતાવી આપનારને વેક્યુમ ક્લીનર હપ્તેથી અપાવવાની જવાબદારી મારી બૉસ, જાવ!

* કોઈ ફોરેન રિટર્ન, ત્યાંની પોતાની સ્થિતિની રજેરજ અને સાચી માહિતી આપતો જણાય તો એને મારી સમક્ષ રજૂ કરજો. એનો નાર્કો ટેસ્ટનો ખર્ચ ઉપાડવાની જવાબદારી મારી બૉસ, જાવ!

* સાઠ આસપાસની ઉંમરની સ્ત્રી પગની તકલીફની ફરિયાદ ન કરતી હોય અને સીધી ટટ્ટાર ચાલતી હોય એવું બતાવી આપો તો મારા જમણા પગની મોજડી, ચપ્પલ અને સ્લીપર તમને આપ્યું, બૉસ, જાવ !

* મને મારા બૉસે ક્યારેય ખખડાવ્યો નથી કે મને મારો બૉસ બ...હુ વહાલો એવું બોલનાર મૂળચંદને બૉસની બીજી બે જોડ પૂરી પાડવાની જવાબદારી મારી બૉસ, જાવ!

* કડકડતી ઠંડીમાં કશું ગરમ પહેર્યા ઓઢ્યા વગર બેસી શકો. પણ પથારીમાં આડા પડો તો ઓઢ્યા વગર રહી ન શકો. એનું વૈજ્ઞાનિક અવૈજ્ઞાનિક કારણ બતાવી આપો તો અમદાવાદનું આખું સાયન્સ સિટી તમને ગિફ્ટમાં આપ્યું બૉસ, જાવ!

* આટઆટલી વખત બૉસ વાંચીને દરેકને પોતાનો બૉસ એક વાર તો યાદ આવી જ ગયો હશે. છતાં મૂળચંદ કહે કે મને મારો બૉસ યાદ નથી આવ્યો તો એ મૂળચંદને એક લાફો ચોડી દઈને એનો બૉસ યાદ કરાવી દેવાની જવાબદારી મારી બૉસ, જાવ!

*

તમે ડૉક્ટર થઈને...?!

છમ્મવડું

ડૉક્ટર લોકો ખરેખર કરુણાસાગર છે. લોકોની બીકમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય એટલે જ તેઓ ડૉક્ટરમાંથી `કટર' કાઢી નાખીને ફક્ત ``ડૉ." લખે છે!

હું સામાન્યતઃ સિઝન વગર કે રિઝન વગર બીમાર પડવાનું પસંદ જ નથી કરતી. કારણ કે અમે ડૉક્ટરલોગ બીમાર પડીએ એટલે બુદ્ધિના બિસ્માર લોકો `બ્રાન્ડેડ બૉગસ' આશ્ચર્ય પ્રગટ કરે જ કે, ``લ્લે, તમે ડૉક્ટર થઈને બીમાર પડ્યા?!" કેમ જાણે - ડૉક્ટર અૅન્ડ કાં. પાસેથી બીમાર પડવાનો પરવાનો છીનવી લેવામાં આવ્યો હોય અને એ ગેરકાયદે બીમાર પડી ગયાં હોય! મને તો એ લોકો આવો રોગવર્ધક સવાલ પૂછે ત્યારે કહેવાનું મન થઈ જાય કે, શું ડૉક્ટરો રોજજે બધા રોગની રસીના બાટલા ગટગટાવીને સૂઈ જાય છે તે એમને જોતાંવેંત રોગ ભડકીને ભાગી જાય? પણ પછી મને એમ થાય કે આવો રમૂજી જવાબ આપીને એ પીડાદાયી પ્રશ્નકર્તાને શું કામ હસાવવો? એટલે હું ચૂપ રહીને જ એને ચૂપ કરું. પણ મેં જોયું કે આપણે બોલીએ નહિ એટલે લોકો ફારે થાય છે. હા, જ્યારે હું નિયમિત કૉલમ લખતી'તી એ વખતે ``ડૉક્ટર્સ ડે" પર મેં ડૉક્ટર વિશે લેખ ન લખ્યો એમાં તો મૂળચંદ મને કહે કે, લ્લે, તમે ડૉક્ટર થઈને `ડૉક્ટર્સ ડે' વિશે લખવાનું ભૂલી ગયાં? મેં કહ્યું કે, હું એક પ્રોફેસર પણ છું. એટલે ભૂલી જવું એ મારા અબાધિત અધિકારમાં આવે. તો કાન પકડીને કહે, સૉરી હોં... એ હું ભૂલી ગયો!!! હવે પ્રોફેસર કંઈ ભૂલી જાય એ તો પ્રોફેસરની ફરજમાં આવે, પણ જે પોતે પ્રોફેસર નથી એ પોતે બીજું કોઈ પ્રોફેસર છે એવું ભૂલી જાય એવાને તો પેલા ભુલભુલામણીના પાંજરામાં જ છુટ્ટા મૂકી દેવા પડે ને?

ઘડીક તો મારું ભેજું ક્રાય થઈ ગયું કે અમે શું આવું બધું સાંભળવા માટે ડૉક્ટર થયા છીએ? પછી જોકે મેં મારા સ્વભાવ વિરુદ્ધ જઈને શાંતિથી એ સંવાદદાતાને સમજાવ્યું કે અમે ડૉક્ટર એટલે અમારે તો રોજ `ડૉક્ટર ડે' જ કહેવાય. હા, કોઈ શિક્ષિત બેકાર યુવાન માટે એવું કહી શકાય કે, ``એ તો આજે છે ને કાલે નથી" મતલબ કાલે એને નોકરી મળી જાય તો ઇચ્છવા છતાં એ બેકાર ન રહે. જ્યારે ડૉક્ટરને એકેય પેશન્ટ ન આવે એ દિવસે પણ ડૉક્ટર તો ડૉક્ટર જ રહે. અરે ખુદ પોતે દર્દી હોય ત્યારેય એ ડૉક્ટર તરીકે નાબૂદ ન થાય. કહેવાનો મતલબ `ડૉક્ટર્સ ડે'ના ઓશિયાળા થવું અમારા માટે ફરજિયાત નથી. `બકવાસ બારે માસ'ની જેમ અમે ડૉક્ટર તો ડૉક્ટર વિશે ગમ્મે ત્યારે લખી શકીએ. અને આ લખ્યું. લો... વાંચો હવે!!

સમાજમાં ડૉક્ટરનો દરજ્જો `મોટા' શબ્દ કરતાં પણ મોટો છે. અરે, `તુલા' રાશિવાળા તો ડૉક્ટરને ભગવાન સાથે ત્રાજવે તોલે છે. તુલા રાશિવાળાની આ સરખામણી સાચીયે છે. એક દર્દનો ડૉક્ટર છે તો બીજો કર્મનો ડૉક્ટર છે. એ બંને બરાબર તપાસીને જ `ટ્રીટમેન્ટ' આપે છે. બંને મહારથી શરીરરચનાના જાણભેદુ છે અને એને કેમ `ઉકેલવું' એ પણ તેઓ જ જાણે છે. ડૉક્ટર અને ભગવાન બંને પર લોકો ભયથી જ ભરોસો અને ભયથી જ પ્રીતિ રાખે છે. ડૉક્ટરને નાજુક દર્દીની અને ભગવાનને નરસિંહ મહેતા જેવા ભાવુક ભક્તોની ઇમર્જન્સી આવી પડે તો તેઓ સામે ચાલીને વિઝિટ પણ મારી આવે છે. આ બંને ઉચ્ચ અધિકારી છે. વિપત્તિ પડે જનગણ એમના ગુણગાન ગાય છે, પરંતુ આ બંને ગુણીજન બધાને દૂરથી જ સારા લાગે છે. એમની નજીક જવા મતલબ ડૉક્ટરના દવાખાને કે ભગવાનના દરબારે જવા કોઈ રાજી નથી હોતું. જોકે અન્ડરવર્લ્ડનો ડોન હોય કે આપણી સગ્ગી બોન હોય (બહેન હોય)... જીવનમાં એક વાર તો દરેકે એ બંને પાસે જવું જ પડે છે. જય જલારામ!

અમદાવાદની પાડાની પોળમાં એક પહોળાં બહેન રહે છે. (પોળ કે પહોળાઈ કશું બદલ્યું નથી) હોશિલા લોકો જેમ જીવતા જગતિયું કરતા હોય છે એમ આ બહેનને જીવતાનો ખરખરો કરવાની ભારે હોંશ!! કીડીના પગ જેવી અને જેવડી નાજુક ઘટનાને ક્રીટીકલમાં તબદીલ કરી દેવાની એ ગજબની આવડત ધરાવે છે. આશ્વાસન આવકાર્ય છે એવું આપણે કહેવડાવ્યું ન હોય તોપણ, આપણા ઘરમાં કોઈ બીમાર પડ્યું છે એવી ગમ્મે ત્યાંથી ખબર પડતાં જ એ `પીપડું' એમની પહોળાઈ સાથે આપણી `ખબર લેવા' આવી જ પહોંચે અને પોતાના સંપૂર્ણ ચહેરાની સંપૂર્ણ રેખાઓ તંગ કરીને ફિક્સ લંચ જેવા એમના ફિક્સ ડાયલોગ બોલવા માંડે... ``હાય હાય ભ'ઈ સા'બ, આ ડૉક્ટર અને દવાખાનું તો ભગવાન દુશ્મનનેય ન દેખાડે. એક તો પૈસાનું પાણી અને ઉપરથી પીડા ભોગવવાની. તમારે તો ભ'ઈસા'બ, જોને અકાળે વગર જોઈતી ઉપાધિ આવી ગઈ નંઈ?" એમાં એ `ભ'ઈસા'બ' તો એવી રીતે બોલે કે આપણને એમ થાય કે સાંભળ્યા જ કરીએ... સાંભળ્યા જ કરીએ...! મને તો પાક્કી શંકા છે કે - ઉપાધિના બે પ્રકાર: જોઈતી અને વગર જોઈતી - આ પહોળાં બેને જ બહાર પાડ્યા છે. અમારા આયુર્વેદમાં કીધું છે કે ચિંતાથી શરીરમાં વાયુ વધે છે. એ હિસાબે આ બહેનનું શરીર લોકોની ઉપાધિની ચિંતા કરી કરીને જ વાયુ થકી ફૂલી ગયું હશે.

આ પોળીબહેનનું (પોળમાં રહેતાં)નું સચિત્ર જેવું વર્ણન કરીને હું કહેવા એ માંગું છું કે જો પૂર્વમાં રહેતા પોળવાસીઓને ડૉક્ટર અને દવાખાનું ન ગમતાં હોય તો પશ્ચિમ વિસ્તારના લોકોને પણ શેનાં ગમે? અને પૂર્વ-પશ્ચિમિયાને ન ગમે તો ઉત્તર- દક્ષિણિયાને પણ શું કામ ગમે? તો અત્રે મારી લાગણી એવી છે કે ચારેય દિશાના લોકોને ડૉક્ટર્સ વહાલા લાગે એ માટે સરકારે અને સ્વૈચ્છિક સંસ્થાઓએ કંઈક કરવું જોઈએ! લોકપાલ બિલ જેટલી જ ડૉક્ટર બિલ વિશે વિચારણા જરૂરી છે. શું કહેવું?

*

`હેલ’ હેઠી રે ઉતરાવો મા’રાજ...

છમ્મવડું

`હલકે હાથે તે નાથ, હેલ્મેટ ઉતારજો.'

`ચમ?'

`વિગ નેકરી જાહે!!'

અહીં હેલ એટલે હેલ્મેટ!

તમે ઐશ્વર્યા (બચ્ચન)નું આરામથી `એશ' કર્યું તો મેં પણ હાયવોયથી હેલ્મેટનું હેલ કર્યું. આમેય `ટૂંકાં'નો ટી.આર.પી. પ્રાયઃ `ઊંચો' જોવા મળતો હોય છે. બાય ધ વે, હેલ (ઘડો) અને હેલ્મેટ બંને મૂળ તો માથાની જ અમાનત છે. જોકે હેલ અને હેલ્મેટ વચ્ચે મુખ્ય તફાવત એ છે કે હેલને કૂવાથી ઘર સુધી જ માથે ઊંચકવાની હોય છે. ઘરે આવીને પાણિયારે મૂકી દીધા પછી જ્યાં જાવ ત્યાં હેલને હારે લઈ જવાની હોતી નથી. મતલબ શાક લેવા જાવ કે સંબંધીને ત્યાં જાવ; સિનેમામાં જાવ કે સગપણ માટે છોકરા-છોકરી જોવા જાવ તો બધે હેલ (ગાગર)ને સાથે લઈ જવાની હોતી નથી. જ્યારે હેલ્મેટ તો એક વાર માથે લઈને નીકળ્યા પછી ``યત્ર યત્ર ધૂમ: તત્ર તત્ર વહિનઃ!" (જ્યાં જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય જ)ની જેમ સાથે ને સાથે જ રાખવી પડે છે. રેઢી મૂકી ધો તો બીજે દિ' બીજાના માથે ચડી બેસે. છત્રીસ કલાક છોકરું કાખમાં ઘાલીને ફરવું પડે એ તો ઘેલી માને પણ ન પોસાય. તો ડાહીમાને તો શેનું જ પોસાય?

જનતા જ રાજાને રાજા બનાવે છે એટલે જનતા તો રાજાની જનેતા કહેવાય. જનેતાને માથે આવો હેલ્મેટનો ભાર નંખાય? જનેતાના નિસાસા પડે તો શી દશા થાય એનો અનુભવ જાણવો હોય, તો પોતાની જનેતાને ઘરડાંઘરમાં મૂકી આવેલા કોઈ દીકરાને ખૂણામાં લઈ જઈને પૂછી જોજો.

જોકે દેખીતી રીતે તો આપણા મહામૂલા માથાની રક્ષા કાજે જ હેલ્મેટ પહેરવાનો કાયદો કરાયો છે અને દેખીતી રીતે દેખાય એ જ જોવાનું રાખવું. આપણે `દીવા નીચે અંધારું' જોવા જઈએ છીએ એટલે જ દીવાનું ગ્લેમર માણવાનું ગુમાવીએ છીએ. હેલ્મેટનો (કાયદાનો) વિરોધ પ્રદર્શિત કરવા લોકો માથાં પર તપેલાં મૂકી રસ્તા પર આવી ગયા હતા. એવો ફોટો અખબારોમાં ફોક્સ પણ કરાયો હતો. માણસો અને હેલ્મેટ કરતાંય તપેલાં વધારે તેજસ્વી લાગતાં હતાં! જનતાની જીદ એ હતી કે સવાલ જો માથાની રક્ષાનો જ હોય તો તપેલાં કેમ ન ચાલે? પણ ન ચાલે, મૂળચંદ... ન ચાલે. આપણે ગોદડાનું કવર પહેરીને `કોર્પોરેટ'માં જોબ પર જઈએ છીએ? જેની પર્સનાલિટી આબેહૂબ ગોદડા જેવી હોય એય ગોદડાનું કવર ચડાવીને ઘરની બહાર નથી નીકળતો! જે શોભતું હોય એ શોભે. ભલે ફિટિંગ વગરનાં, પણ શરીર પર ડિઝાઇનર કપડાં જ પહેરવાં પડે, એમ માથે હેલ્મેટ જ શોભે, તપેલું નહીં! અને અહીં આવ તને કાનમાં કહું... જો ભ'ઈલા, તપેલાં તો દરેકના ઘરમાં હોય જ, પછી કોણ ખરીદે? એટલે જ કહું છું કે સુખી થવું હોય તો આવા અંધારાને નજર અંદાજ કરો અને દીવાને વધાવો. વાત જાણે એમ છે કે ભારતનું બુદ્ધિધન એક્સપોર્ટ ક્વૉલિટીનું હોવાથી બુદ્ધિશાળી યુવાનો પરદેશગમન કરે છે. તેથી નિકાસ થતાં મસ્તકોની જાળવણી હોનહાર હેલ્મેટથી થવી જરૂરી છે.

હેલ્મેટનો કાયદો થયો એમાં સૌથી મોટો ફાયદો એ થયો કે `હેલ્મેટ હાસ્ય વિશેષાંક' બની શકે એટલી રમૂજી ઘટનાઓ ઘટી પણ ખરી અને ઘડી કાઢવામાં પણ આવી. કેટલાક છોકરાઓએ તો એવુંય કીધું કે અમને હેલ્મેટ હાથમાં પકડીને છોકરીઓ સામે જતાં શરમ આવતી'તી. આમ હેલ્મેટે આજકાલના શરમાળ છોકરાઓને શરમાવાનું એક નવું બહાનું પૂરું પાડ્યું, તો કેટલાકને માથાના માપની હેલ્મેટ જ ન મળી ત્યારે ખ્યાલ આવ્યો કે પોતે કેટલું

``મોટું માથું' ધરાવે છે!

મસ્તિષ્કનું રક્ષણ કરતી હેલ્મેટ પહેરવામાંથી શીખલોકોને મુક્તિ આપવામાં આવી. અને વાજબી કારણસર કોઈએ વાંધો પણ ન ઉઠાવ્યો. કિંતુ સાથે-સાથે જેનું માથું હેલ્મેટ તરીકે ભાડે આપી શકાય એવડું હોય એવા `મોટા માથાવાળાને' તેમજ `માથાભારે' માણસોને પણ હેલ્મેટ પહેરવામાંથી મુક્તિ આપવી જોઈએ ને? જેને માથામાં ખોડો થયો હોય (ખોડો માથામાં જ થાય નહીં?) એવા બિચારાને તો માથું ખણખણ કરવાનું હોય. એ કેટલી વાર હેલ્મેટને અપ-ડાઉન કરે? ધૂની લોકો તો હેલ્મેટ પર જ ખંજવાળી લે અને એમને રાહત પણ થઈ જાય! કિંતુ જે ધૂની ન હોય એની તો ખણ ખૈણી જાય ને? એવા માટે કોઈ ખણના વેપારી સૉરી, હેલ્મેટના વેપારીઓએ ખણ પ્રૂફ હેલ્મેટ બનાવવી જોઈએ. નહીં તો પછી ખણનાં ઘરાકે પોતાની હેલ્મેટ જ એન્ટી ડેન્ડ્રફ શેમ્પૂથી ધોઈને ચલાવી લેવું પડશે.

બીજું કે કોઈ ઉતાવળિયો માણસ સ્કૂટર પરથી પોતે ઊતરે પણ માથેથી હેલ્મેટ ઉતારવાનું ભૂલી જાય અને ઊંધું ઘાલીને હેંડવા જ માંડે (એટીકેટમાં ચાલે એને ચાલવું કહેવાય, આડેધડ ચાલે એને હેંડવું કહેવાય!) અને સામેથી આવતા કોઈ નબળા માથાના નાગરિકને ભટકાઈને એનું માથું ફોડી નાખે તો એ હેલ્મેટિયાને ગુનેગાર ગણવો કે નહીં? નિવારણ જ મારણ બને તો ઉપાય શો? આવા કેસ માટેય `નવી ઘોડી નવો દાવ'ની જેમ નવી કલમ ઉમેરી નવો કાયદો ઘડવો પડશે ને?

વળી કેટલાક બેદરકાર બબલદાસો બીજાની હેલ્મેટ ચઢાવીને ઘરભેગા થઈ જાય તો ઘેર જઈને પરમેનન્ટ પત્નીનો રિમિક્સ ગરબો સાંભળવાનો વારો આવે... `હેલ્મેટ તે કોની બદલી લાવ્યા... તમારી ક્યાં મૂકી આવ્યા?' (આમાં તમારી એટલે હેલ્મેટ હોં... બુદ્ધિ નહીં) અને આ બેદરકાર તો બદલીને બીજીયે લાવ્યો હોય પણ કોઈ ભુલક્કડ તો હેલ્મેટ રોજ ક્યાંક ને ક્યાંક ભૂલીને `ખાલી માથે' પરત થતો રહે. તો એવા ભૂલી જવાનાં શોખવાળા નાગરિકો માટે વીમા કંપનીએ વીમો ઉતારવાની જોગવાઈ પણ કરવી પડશે. ટૂંકમાં ગમ્મે તેટલી અગવડો પડે, કાયદો તો પાળવો જ પડે. વકીલ આગળ કાયદાનુંયે કંઈ ન ચાલે, સૉરી, કાયદા આગળ વકીલનુંયે કંઈ ન ચાલે! પ્રાચીન કાળમાં પુરુષો પાઘડી પહેરીને અને સ્ત્રીઓ માથે ઓઢીને જ નીકળતી, કોઈ ઉઘાડે માથે નીકળતું તો વાતો થતી. આજે હવે દંડ થાય છે.

હેલ્મેટ નીચે બધાંયે થોબડાં હરખાં જ લાગે. એટલે મણિબુનને ફાયદો અને મલ્લિકાબેનને નુકસાન! સર્વિસ કરતી સ્કૂટરિસ્ટને હેલ્મેટને કારણે બુભુક્ષિત વટેમાર્ગુઓ તો નિહાળી ન શકે. એટલે એને હવે ઑફિસના માત્ર પાંચ-પચીસ મુરતિયા માટે જ મેક-અપ કરવાનો ને? એટલે વસૂલ નહીં થવાને કારણે મલ્લિકાગૌરીને મેક-અપ મોંઘો તો પડે જ!! પણ આ મોંઘવારીમાં મોંઘાનો શો હિસાબ? એમ મન મનાવી લેવું પડે! મૂંઝાવાનું તો એ વાતે થાય કે કેટલાક તો હેલ્મેટ પહેરવા છતાં સારા નથી લાગતા, એનું શું કરવું? એવામાં પાછી કેટલીક `પગની પાનીઓ' પતિદેવને પૂછે કે આ ચકચકિત હેલ્મેટમાં હું કેવી લાગું છું? એટલે એના બકાએ તો `ચકાચક' લાગે છે એવું જ કહેવું પડે ને!

હેલ્મેટની નીચે કંઈ કેટલાંયે `થોબડાં'ઓને ઢંકાઈ જવાનો લહાવો મળે છે. હેલ્મેટનો વિરોધ ન કરનારને કદરૂપા જાણવા!! એવુંયે બને કે ટ્રાફિક પોઇન્ટ પર સમયનો સદઉપયોગ કરવા કાજે પુરુષે કોઈ હેલ્મેટધારી સ્ત્રીને ટીકીટીકીને જોયે રાખી હોય. પછી ઘેર આવીને એ જ સાડી પહેરેલી પત્નીને જોઈને બબડે, `લે તું હતી? મેં ખોટો સમય બગાડ્યો ને?'

હેલ્મેટને કારણે આપણને ગ્રે અને ગોલ્ડન માથાનાં માનવી, લાલ, લીલા અને ચટપટા માથાનાં માનવીઓ જોવા મળે છે. હેલ્મેટ બર્થ-ડે અને મેરેજ ગિફ્ટ તરીકે પણ આપી શકાય. મેરેજ પછી પતિઓને તો ઘરમાં પણ કામ લાગે ને?! સ્ત્રીઓને તો જેટલી હેલ્મેટ હોય એટલી

ઓછી પડે, કારણ કે હેલ્મેટ પણ સાડી-ડ્રેસ સાથે મેચિંગ પહેરવાની ને? હેલ્મેટ મોટા ભાગે ચમકતી હોય છે. એટલે સ્ત્રીઓ માટે તો ઉનકી હેલ્મેટ મેરી હેલ્મેટ્સે જ્યાદા ચમકીલી ક્યૂં? એવી એક નવી ઇર્ષ્યા લોંચ થશે!

ત્રાંસી આંખે નજરુંના બાણ ચલાવનારને હેલ્મેટને કારણે ખૂબ આબદા પડે. બિચ્ચારાઓએ આંખને બદલે આખી ડોક ઘુમાવવી પડે. અને જેની સામે જોયે રાખ્યું હોય એ બહેનબા `લાયક'ને બદલે `ઉંમરલાયક' નીકળી આવે! સ્ત્રીઓ હેલ્મેટ નીચે કોઈ પણ આયાસ વગર ઉંમર છુપાવી શકે છે. અમારા પડોશી ધરતીબહેન તો હેલ્મેટ પહેરે ત્યારે અવકાશયાત્રી કલ્પના ચાવલા જેવાં લાગે છે, બોલો!

બિચ્ચારા પુરુષોને તો અત્યાર સુધી એક ઑફિસ બેગ - બ્રીફકેસ સાચવવી પડતી એય કાઠી લાગતી'તી. એમાં હેલ્મેટ સાચવવાની આવી એટલે પુરુષોની પર્સનાલિટી તો હવે એક લીટીની જ થઈ ગઈ. ``હું, બાવો અને મંગળદાસ"ની જેમ તેઓ જ્યાં જાય ત્યાં ``હું, હેન્ડબૅગ અને હેલ્મેટ!" એક તો પહેલેથી જ મગજમાં અમથો ભાર હતો એમાં હેલ્મેટનો માર પડ્યો! ``કિતના આસાન હૈ કહના હેલ્મેટ પહનો, કિતના મુશ્કિલ હૈ પર હેલ્મેટ સેટ કરના?!"

હેલ્મેટને કારણે સારાં કરમ કરનારાઓનેય મોં છુપાવીને જીવવાના દા'ડા આયા. હેલ્મેટથી આંખ, કાન, ચહેરાને અને માથા-મગજને મારથી કે પ્રદૂષણથી રક્ષણ મળે છે પણ એને સાચવવાનાં દૂષણો દોહ્યલાં છે. જોકે જેમ તોતિંગ કમ્પ્યૂટર નાનું લેપટોપ બની ગયું; જૂની ફિલ્મોમાં જોયું હશે તો ખ્યાલ હશે કે નાનકડા ફર્નિચર જેવડા મોટા લેન્ડ લાઇન ફોન હતા એના બદલે અત્યારે હેન્ડી મોબાઈલ આવી ગયા એમ ટૂંક સમયમાં સ્ટ્રેચેબેલ અને પોકેટી હેલ્મેટ પણ બજારમાં આવશે. જે હેલ્મેટ પોચી (સોફ્ટ) પણ હશે. પહેરીને સૂઈ જાવ તો ઓશીકાનું કામ આપશે. પછી તો ઊંઘ આવશે ને મૂળચંદ?

મોંઘવારી, બેકારી, તનાવ વગેરેને કારણે બધા ભલે `જીવતા મૂઆ' જ થઈ ગયા હોય પણ હેલ્મેટ વગર માણસ મરવો નો જોય! એવી ભાવનાથી કદાચ હેલ્મેટનો કાયદો લાદવામાં આવ્યો હશે!

એની વે, ખફા થયેલી જનતા રાણી તાડુકીને વિનવે છે. (રાગ:... જેસલ કરી લે...વિચાર)

``હેલ હેઠી રે ઉતરાવો મા'રાજ
એક તો બોજ જેવો સંસાર
એમાં માથે હેલ્મેટ કેરો ભાર
જનતારાણી કરે રે પુકાર..."

જાહેર જનતાને અત્રેથી જણાવવાનું કે હે જનતાજી, હેલ્મેટ બોજ નથી, રક્ષક છે. હા, એ આપણી બુદ્ધિના બંગલાનું એટલે કે માથું - મગજનું રક્ષણ કરે છે અને એની વિશેષતા એ છે કે મણિ-મૂળચંદમાં બુદ્ધિ હોય યા ન હોય કે ઓછી-વધારે હોય, એના રક્ષણમાં હેલ્મેટ ભેદ રાખતી નથી. હેલ્મેટ પહેરવાને કારણે એક્સિડન્ટમાં જેનું માથું બચી ગયું હોય એનો અને જેનું ન બચ્યું હોય એના પરિવારજનોનો ઇન્ટરવ્યૂ લઈ જોજો. પરિણામ એ આવશે કે તમે હેલ્મેટને સર-આંખો પર રાખતા થઈ જશો. એક જમાનામાં કહેવાતું કે ``સર સલામત તો પઘડિયા બહોત" આજે એવું કહેવું પડે કે ``સર પે હેલ્મેટ, તો સર સલામત અનેક".

એક વાત તો છે કે હેલ્મેટ પહેરતી વખતે માથે ગાગર લેતા હોય એવા હાવભાવ ઊપસે છે અને ઉતારતી વખતે દીકરીના લગ્ન પત્યાનો `હાશ'કારા જેવો હાવભાવ જોવા મળે છે!! આપણે હાશકારા હામે જોવું!

*

લિટલ મોમનું લિટલ ચેમ્પ

છમ્મવડું

`ક્યાં ચાલ્યાં પિંકીબેન?'

`આ પીંકુને પ્લેગ્રૂપના ટ્યૂશનમાં મૂકવા!!'

એક જમાનો હતો કે થર્ડ પર્સન વચ્ચે - આવવાનું હોય મતલબ મિની મહેમાનનું આગમન થવાનું હોય ત્યારે પહેલી વાર પેરન્ટ બનવા જઈ રહેલું કપલ એક પ્રચલિત યુગલ ગીત ગાતું - ``જીવનકી બગિયા મહેકેગી.... ફૂલોંકી કલિયાઁ ખિલેગી... ". અને અત્યારે તો બાળક અન્ડર વર્લ્ડમાં એટલે કે પેટમાં હોય ત્યારથી ગુડ્ડુને `લિટલ ફ્લાવર'માં મૂકીશું કે `લિટલ કોબીજ' માં ... એ વિશે પતિ-પત્ની વચ્ચે રોજ્જે ચાય પે ચકમક ઝરતી હોય. કેમ જાણે સ્કૂલને ડોનેટ કરવા જ બાળક પ્રોડ્યુસ કરવા બેઠાં હોય?! બાળક બહાર પડ્યું છે તો નાખો નિશાળમાં!! અરે એનું દેવનું દીધેલ દીકરું પંદર મહિનાનું થાય ત્યાં તો પંદરસો રૂપિયા ભરીને પ્લે ગ્રૂપમાં મૂકી જ દે. આ જોઈને મારા જેવા ઋજુહૃદયીને તો ખાટી અરેરાટી થાય કે અરરર..... બાળક આપણું ને રમાડી જાય કોક? જેણે પોતાના બાળકને સવાશેર રમકડાં નથી અપાવ્યાં એ ટિચર આપણા બાળકને શું રમાડી જાય? પણ પોતાના નવજાત ફૂલને સ્કૂલના બંધિયાર ડબ્બામાં પૂરી દઈને કહે છે, જા બેટા, તરક્કી કર!! હે મોમ, ડેડ, તમે સ્કૂલમાં ભણતાં હતાં ત્યારે લીલા છોડને બંધ ડબ્બામાં રાખવાનો પ્રયોગ કર્યો `તો ત્યારે છોડ કેવો મસ્ત કાળો પડી ગ્યો'તો, એ ભૂલી ગયાં? ભલા માણસ બંધનમાં તે વિકાસ થતો હશે?

મને તો લાગે છે કે સ્કૂલે જવાની બીકનું માર્યું જ બાળક અત્યારે ગર્ભાશયમાંથી બહાર આવતાં ગભરાય છે. એ તો બહાર આવવાનું માંડી વાળવા જ માંગે છે. તેથી સ્તો અત્યારે પ્રાય: સિઝેરીયન કરીને જ બાળકને બહાર કાઢવું પડે છે. લિટલ મણિ - મૂળચંદ કહે છે; અમે સિઝેરીયનમાં સતાવનહજાર ચૂકવીશું, એ બહાર ના શું નીકળે? સ્કૂલે એનો બાપ જશે?! પાછી સુપર મોમે તો સ્કૂલે મોકલતાં પહેલાં પોતાને આવડતું હોય એના કરતાંય વધારે શિખવાડીને અેના ચિન્ટૂને લિટલચેમ્પ બનાવી દીધો હોય. એટલે સિચ્યુએશન એવી થાય કે કથા પોતે કરે અને `પ્રસાદ' સ્કૂલને અને માસ્તરને ધરાવે! વળી અહં વાણી ઉચ્ચારતાં કહેશે, ``અરે હજુ દોઢ વરસનો છે પણ ચારેય એબીસીડી સડસડાટ - કડકડાટ બોલી જાય છે. અને વન ટુ હંડ્રેડ તો એં..... આપણી સાંભળવાની ઝડપ કરતાંય ઝડપથી બોલી જાય છે, બોલો! અને પ્રાણી, સૉરી, એનિમલ તો બધાં ઓળખી બતાવે! .... હા, તો પ્રાણીને જ ઓળખે ને? ઘરમાં તું એને દાદા-દાદી, કાકા-કાકી, ફોઈ કે અન્ય કોઈને એન્ટ્રી પાસ આપે તો માણસને ઓળખે ને?

મેં જોયેલું એક સત્ય દ્રશ્ય પેશ કરું. મોંઘા મકાનની મજબૂરીને કારણે એક દીકરો-વહુ વડીલોની સાથે રહે છે. એમાં પુત્ર કરતાં વધુ પાવરવાળી પુત્રવધૂ પોતાનાં સાસુ-સસરાની દાઝ કાઢવા પોતાના જ નાજુક બાળકોને અવારનવાર મારઝૂડ કરે છે. વળી બાળકને ધમકાવતા કહે છે કે, ``ખબરદાર ... મારું ન માન્યું તો! આ બધાંને (મતલબ `વાંકા' ડોસા-ડોસીને) સીધાં કરી દીધાં એમ તમનેય સીધા દોર કરી દઈશ." અને દુર્બળ દાદા-દાદીની હિંમત છે કે છંછેડ્યા વગર છંછેડાયેલી વહુથી પૌત્રોને છોડાવી શકે? કહેવાનો મતલબ કેટલીક મમ્મીઓ તો વડીલોની દાઝ કાઢવા માટે મારઝૂડ કરવા બાળકોનો ઉપયોગ કરે છે.

નાનકડાં બાળકોને બોલતાં નથી આવડતું કે એ બિચ્ચારું બહેરા-મૂંગાની જેમ અભિનય કરીને પણ સમજાવી શકતું નથી. પરંતુ એ જરૂર એવું કહેવા માંગે છે કે, ``હે મારા નવોદિત મોમ-ડેડ, મને ફક્ત પાંચ વરસ તમારા પ્રેમ અને દાદા-દાદીની હૂંફથી સિંચાવા દો તો હું રાષ્ટ્રીય ફૂલ બનીને આપણા પરિવાર અને સમાજને બાગ-બાગ કરી દઈશ, પ્રોમિસ! આ કોઈ નેતાનું

નહીં, તમારા સગ્ગા બેટાનું પ્રોમિસ છે." પણ એનાં મોમ-ડેડ કહે છે કે, ના, અમે તો દાદા-દાદી પાસેથી ખૂંચવીને, અકાળે સ્કૂલે ધકેલીને, મતલબ અવિકસિત કળી પર કાળો કેર વર્તાવીને જ એ કળી સુગંધિત ફૂલ બને એવી આશા રાખીને ઉભડક બેસી રહીશું! હવે તમે જ કહો કે ફૂલોંકી કલિયા કરમા જાયેગી, તો બગિયા કૈસે ખિલેગી ભલા?!

એકલા હાથે બાળકને હેન્ડલ કરીને પોતાનો હાથ જકડાઈ ગયો હોય એટલે એ જકડાહટથી રાહત મેળવવા બાળકને વહેલામાં વહેલી તકે સ્કૂલે પધરાવે અને વાત એવી વહેતી મૂકે કે બાળક બિચ્ચારું છૂટું થાય ને? નવ મહિનાની કેદમાંથી છૂટીને બહાર આવ્યાને હજુ અઢાર મહિના થયા હોય અને પા... પા પગલી માંડતાં જ એને બંધ સ્કૂલમાં છૂટું મૂકી દો પછી એ પણ પ.. પ.. પગભર થતાં જ તમારાથી જુદા - છૂટા થવાના પેંતરા જ કરે ને?! મતલબ તમે ઘરડાં થાવ એ પહેલાં જ ઘરડાંઘરમાં મૂકી આવે. પછી રડવું નહીં કે અમે કિડ્સની કેટલી કેર કરી તોય અમારી કેર કરતાં નથી. તે તમે ગુજરાતીમાં કાળો-કેર કર્યો તો પછી એ શું કામ અંગ્રેજીમાં તમારી કેર (care) કરે? ગુજરાતીમાં જ કેર કરે ને?!

એટલે જ કહું છું કે, હે લિટલ ચેમ્પની લિટલ મોમ, Stop, Think & Go Ahead Slowly.

*

પ્રેમ, પૈસો અને પરમેશ્વર

છમ્મવડું

પ્રેમનું કરન્ટ એકાઉન્ટ રાખવું.
પૈસાનું સેવિંગ્સ એકાઉન્ટ રાખવું
ઈશ્વર સાથે `જોઈન્ટ' એકાઉન્ટ રાખવું

પ્રેમ, પૈસા અને પરમેશ્વર... આ ત્રણેયની માત્ર રાશિ જ પ્લેટિનમની નથી, એ ત્રણેય પ્લેટિનમ જેવા કીમતી પણ છે. સામાન્ય રીતે સામાન્ય લોકો અસામાન્ય માણસોની ટીકા-ટિપ્પણ કરતાં હોય છે. હવે મને ગઈકાલે જ ખબર પડી કે હું સામાન્ય માણસ જ છું. અને એવી જાણ થતાં જ મને અસામાન્ય, મતલબ મૂલ્યવાન તત્ત્વોની ખણખોદ કરવાની ખણ ઊપડી. એટલે મેં પ્રેમ, પૈસા અને પરમેશ્વર આ ત્રણેય અમાનુષ પરમ તત્ત્વોની ખણખોદ કરવાનો પ્લાન કર્યો. જોકે હું ખુદ ખરજવાની મીઠી ખંજવાળની ચાહક છું એટલે ખણખોદને પણ ટેસ્ટી બનાવવાનો પ્રયત્ન કરીશ. પ્રેમ, પૈસા અને પરમેશ્વર તો અદ્ભુત છે જ, પણ એમની વચ્ચેનું સામ્ય તો એથીયે અદ્ભુત છે. આવો દાખલા દૃષ્ટાંત સાથે એનો સાક્ષાત્કાર કરાવું.

ગોળ ઉપવાસમાં ખાવ કે ભૂખવાસમાં (ભૂખ લાગી હોય ત્યારે) ખાવ, ખુશમિજાજમાં ખાવ કે ગમગીન મિજાજમાં ખાવ, એ ગળ્યો જ લાગે. એમ પ્રેમ, પૈસા અને પરમેશ્વર જ્યારે મળે ત્યારે વહાલા જ લાગે. વળી આ ત્રણેય ગોળ જેવા ગળ્યા લાગતા હોવા છતાં એના વધુપડતા સેવનથી ડાયાબિટીસ થતો નથી. કારણ કે બ્લડમાં સુગર જ વધે, ગોળ નહીં. આજ સુધી કોઈ ડૉક્ટરે કીધું કે યુરિન - બ્લડનો ગોળ ટેસ્ટ કરાવો, સુગર ટેસ્ટ જ કરાવે છે ને?

પ્રેમ, પૈસા અને પરમેશ્વર મળતા હોય ત્યારે ચોઘડિયાં જોવા ન જવાય. પ્રેમ માટે મારી માન્યતા એવી છે કે પ્રેમ જ્યાંથી મળે, જ્યારે મળે, જેવો મળે જેટલો મળે, લઈ લેવો. કારણ કે પ્રેમ તો ટૉનિક છે. ``મુઝે નીંદ ન આયે, મુઝે ચેન ન આયે...." અને ``કુછ નહીં હૈ ભાતા જબ રોગ યે લગ જાતા...." આ ફિલ્મી ગીતોમાં આપણા સૌનો અનુભવ ઠાંસી-ઠાંસીને ઠલવાયો છે. એ સૂચવે છે કે પ્રેમમાં `યા હોમ' કરીને પડી જવાથી ઊંઘ અને ભૂખ હરામ થઈ જાય છે. અને છતાં ગમગીન પ્રસન્નતા બરકરાર રહે છે. આથી સાબિત થાય છે કે પ્રેમ ટૉનિક છે. એટલેસ્તો ફિલ્મી હીરો દેવાનંદે ગીત ગાઈને ઉઘરાણી કરી છે કે ``...પલ ભર કે લિયે કોઈ હમેં પ્યાર કર લે.... જૂઠા હી સહી.." આમ પ્રેમ ટૉનિક છે અને ટૉનિક લેવામાં ચોઘડિયાં ન જોવાનાં હોય. ગોર મા'રાજ તો કયે... એમનો તો ધંધો જ ચોઘડિયા પર ચાલે છે. પૈસાની વાત કરીએ તો પૈસા માટે તો `આલ્યા-માલ્યા'ની પાસબુકમાં પણ લખ્યું છે કે લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવાય. લક્ષ્મી લઈને ભાગી જ જવાય! આ `મોં' એટલે જ ચોઘડિયું. મારી જેમ તમે પણ ધ્યાનથી જોશો તો દરેક માણસનો ચહેરો કોઈ ને કોઈ ચોઘડિયા જેવો લાગશે! જેમ કે ચલ, સ્થિર, ઉદ્વેગ, રોગ, કાળ, શુભ-અશુભ, લાભ વગેરે. હવે રહી વાત ઈશ્વરની. તો પરમેશ્વર મળે ત્યારે એના પુરપાટ તેજમાં કૅલેન્ડર જ નથી દેખાતાં અને ચોઘડિયાં તો કૅલેન્ડરમાં જ હોય ને? એટલે ભગવાન મળે ત્યારે ચોઘડિયાં જોવાનો સવાલ જ ઊભો નથી થતો!

આ ત્રિપુટી સુખદાયી પણ છે અને દુઃખદાયી પણ છે. જેમ કે માણસ પ્રેમમાં પડે એટલે ગીત ગાવા માંડે છે. `...આજ ફિર જીનેકી તમન્ના હૈ...' એ થયું પ્રેમસુખ. પણ પ્રેમમાં પડ્યા પછી ચાર પગે ઊભા થઈ જવાનો વારો આવે ત્યારે, `...આજ ફિર મરનેકા ઇરાદા હૈ...' ગાઈને સહર્ષ દુઃખી થઈ જવું પડે છે. એવું જ પૈસાનું છે. પહેલી તારીખે આવતો પગાર નવપરણેતરને ઘેર લાવ્યા જેવું સુખ આપે છે પણ બીજી જ તારીખથી અખબાર, ચૅનલ, કરિયાણાવાળા, કાર વૉશર, કામવાળા, રસોઈવાળા, ધોબી વગેરે ઉઘરાણી માટે આંગણે આવીને ઊભા રહે ત્યારે

પૈસા ચૂકવતી વખતે ``...બાબુલ મોરા નૈહર છૂટો જાયે...' કે `...કાળજા કેરો કટકો મારો હાથથી છૂટી ગ્યો...' એવાં ગીતો ગાયા વગર પણ દુઃખી થઈ જવાય છે. પરમેશ્વરનું પણ એવું જ છે. પરમેશ્વર મળે ત્યારે તો ક્વિકલી (ઝડપી) માલામાલ થયાની સુખદ લાગણી થાય છે. પણ પરમેશ્વરને પામવા માટે નવધા ભક્તિ કરવી પડે છે અને એ ભક્તિને અનુભવીઓએ `ખાંડા કેરી ધાર...' કીધી છે. હવે આ ધાર તો કેવી વાગે? અને વાગે એનો દુખાવો તો દુઃખ સિવાય બીજું શું આપી શકે? આમ પરમેશ્વર પણ સુખદાયી અને દુઃખદાયી છે. પ્રેમ સાવ પડોશમાંથી સામે ચાલીને મળી જાય, પૈસા પણ વારસામાં મળે. પણ પરમેશ્વર તો જાતે જ મેળવવા પડે. એમાં સચિવાલયમાં અડ્ડો જમાવીને બેઠેલા આપણાં સગાંઓની ઓળખાણ ન ચાલે એ તો માંહી પડે તે જ મહાદુઃખ પામે, મહાસુખ પામે!

આ ત્રણેયને મેળવવા માટે ચોક્કસ લાયકાત કે આવડત આવશ્યક છે. પ્રેમમાં નિષ્ફળ ગયેલો મૂળચંદ એક સફળ ગઝલ ગાઈ રહ્યો હતો...``મેં એનો પ્રેમ ચાહ્યો બહુ સાદી રીતથી, નહોતી ખબર કે એમાં કળા હોવી જોઈએ..." મતલબ પ્રેમ મેળવવા માટે આકર્ષક અભિનયની આવડત હોવી જોઈએ. ઉટપટાંગવેડા કરવાનાં, પણ ઉટપટાંગ લાગો નહીં તે રીતે! પૈસો એટલે પૈ માંથી સો બનાવી શકાય એનું નામ પૈસો. પરંતુ જો હેરાફેરી કરવાની આવડતની લાયકાત હોય તો જ તમે પઈમાંથી `સો'નાં થઈ શકો, નહીં તો સો માંથી પઈના થઈ જવાનો વારો આવે. એ જ રીતે પરમેશ્વર મેળવવા માટે બોલતાય ન ફાવે એવી ડિગ્રીઓ મેળવવાની જરૂર નથી. એમાં લીટી એક વધી જઈને ખુદમાંથી ખુદા થઈ જવાનું હોય છે. કે માત્ર `હું'ને બાદ કરીનેય હરિને મેળવી શકાય છે. મતલબ સાદી સમજણરૂપી લાયકાત એમાં જોઈએ. કવિ ભાણે યથાર્થ જ કહ્યું છે -

`ભાણ કહે ભટકીશ નહીં, મથી જોને મહીં
સમજીને રહે તો કરવું નથી કંઈ.

યસ્સ મીરાં કે નરસિંહ મહેતા એમ.બી.એ. નહોતાં થયાં ખાલી સુધબુધ ગુમાવી અને ભગવાન મળી ગયા!!!

આ ત્રણ છે, પણ ત્રણેયના પ્રકાર બબ્બે છે. સત્ય અને ભ્રમ આ બે પ્રેમના પ્રકાર છે. માણસ કપાળડૂબ પ્રેમમાં હોય ત્યારે માત્ર પ્રેમ જ સત્ય લાગે છે. (ક્યાં સુધી ગળાડૂબ પ્રેમમાં જ પડ્યા રહેવાનું? એટલે પ્રેમનો વિકાસ બતાવવા મેં કપાળડૂબ પ્રેમ કહ્યો) પણ લગ્નના લંગસિયાથી લપેટાઈને એ ડૂબકીમાંથી બહાર આવે ત્યારે પ્રેમ ભ્રમ છે અે સત્ય સમજાઈ જાય છે. જોકે સત્ય એ છે કે પ્રેમ ખુદ એક ભ્રમ છે અને ભ્રમમાં જ જીવવાની મજા છે. શું કહેવું?! પૈસાના પણ કાળા અને ધોળા એવા બે પ્રકાર છે. એમાં વ્હાઈટ મનીને મેકઅપની જરૂર નથી પડતી પણ બ્લેકમનીને વ્હાઈટ કરવા જાતજાતના કોસ્મેટિક કીમિયા અજમાવવા પડે છે. પ્રકારની પળોજણમાંથી ભગવાન પણ બાકાત નથી. જેને ઈશ્વરની ઝાંખી થઈ હોય એમને ઝાંખપને કારણે એક જ ઈશ્વર દેખાયા હશે એટલે એમણે `ઈશ્વર એક જ છે' એવું કહી દીધું. પરંતુ હકીકતમાં ઈશ્વર બે છે. એક લોકલ (શરીરના પિંજરામાં) અને બીજો ગ્લોબલ. (ખુલ્લા બ્રહ્માંડમાં)!

પ્રેમ, પૈસો અને ઈશ્વરસ્મરણ - ત્રણેય વહેતા નિર્મળ! બોલિવૂડના હીરો-હીરોઈન કોઈ એકને પ્રેમ કરીને પલાંઠી વાળીને બેસી નથી રહેતાં. તેઓ તો પ્રેમને અહીંથી તહીં સતત વહેતો રાખે છે. તેથી જ તેઓ ચાર્મિંગ બની રહે છે. વહેતો પ્રેમ અમૃત સમાન છે તેથી એ વહેણમાંથી પ્યાલો ભરીને જે પી લે છે એ જ પીધા પછી ગાઈ ઊઠે છે....``...મૈં પ્રેમકા પ્યાલા પી આયા, ઈક પલમેં સદીયાં જી આયા..." એક પ્યાલામાં સદીઓ જીવી જવાય એ તો કેટલું કિફાયતી કહેવાય? અને પ્યાલો પ્રેમ તો બહુ થઈ ગ્યો, લ્યા મૂળચંદ! બધું માપમાં સારું. પૈસો પણ

વહેતો જ નિર્મળ રહે. લૉકરમાં લપાઈને પડી રહેલા પૈસા નોટબંધીમાં કેવા ગંધાઈ ઊઠ્યા'તા યાદ છે ને? ઈશ્વર માટે પણ કહેવાયું છે કે -

દુઃખ મેં સુમિરન સબ કરે, સુખમેં કરે ન કોઈ,
જો સુખ મેં સુમિરન કરે, તો દુઃખ કાહે કો હોય ?

મતલબ, પ્રભુસ્મરણ સુખમાં પણ સતત વહેતું રહે તો એ વહેણમાં તણાઈને દુઃખ એટલું દૂર જતું રહે કે ખૂબ દૂરનાં ચશ્માંથીયે શોધ્યું જડે નહીં.

પ્રેમચંદ, લક્ષ્મીચંદ અને ઈશ્વરચંદ - આ ત્રણેય પાસે ભલભલા ભડવીર ભાયડાઓ દાસ બનીને ઝૂકી જતાંહોય છે. `હમ તો ઝુક કર ઝુક કર સલામ સલામ કરતે હૈં કરતે હૈં.', એમ ડબ્બલ ધમાકા સાથે ઝૂકી ઝૂકી જતા હોય છે. પછી ભલેને કેડના ઝીણા-ઝીણા ઝીણા-ઝીણા કટકા થઈ જાય!! આ ઝૂક ઝૂક કરવું એ જ તો દાસ (ગુલામ)ની આઇડેન્ટિટી છે. પ્રેમીઓ ગાતા હોય છે કે, ``તુમ દિન કો અગર રાત કહો, રાત કહેંગે..." ગામમાં ભલે ગાંડામાં ખપતો પણ દાસે તો `માલિક' કહે એમાં જ હા જી હા કરવી પડે ને? પ્રેમના દાસ બનવાનું દેવદાસે ચાલુ કર્યું અને ચાલુ ગાડીમાં ચડવાના શોખીનોએ પ્રેમ-દાસ બનવાનું આજ સુધી ચાલુ રાખ્યું છે. પૈસાની વાત કરું તો તમે સહુએ તમારી જ્ઞાતિના મેળાવડામાં જોયું હશે કે મનીડૉન ઉર્ફે લક્ષ્મીચંદ પધારે ત્યારે બધા ફૂલ (Fool નહીં, બાબા ફૂલ) કેવા ડાળી સાથે ઝૂકી જતાં હોય છે? કારણ કે પૈસો સહુનો પરમેશ્વર અને સહુ પૈસાના દાસ!! અને આખી આલમને ઝુકાવતો રાજા પણ ભગવાન પાસે વગર કહ્યે ઝૂકી જાય છે. એને બોચી પકડીને નમાવવો પડતો નથી. `દુનિયા ઝુકતી હૈ, ઝુકાનેવાલા ચાહિયે' એ આ ત્રણ માટે જ કહેવાયું હશે કદાચ!!

પ્રેમ, પૈસો અને પરમેશ્વર આ ત્રણેય તીવ્ર તાપમાનને ઇગ્નોર (Ignore) કરવાની તાકાત ધરાવે છે. ધોમધખતા ઉનાળામાં આપણે ગરમીને ગાળો દેતા-દેતા રસ્તા પર ચાલતા હોઈએ ત્યારે `પ્રેમી પંખીડાં' એ જ ગરમીમાં ડામરના રોડ ઉપર હસતાં હસતાં મસ્તીથી ચાલ્યાં જતાં હોય છે. એ જોઈને, ના બોલવું હોય તોય બોલી પડાય કે, Love is A. C.! એ જ રીતે મૂળચંદનું ખિસ્સું પૈસાથી ગરમ હોય તો એનો મિજાજ ગ્રીષ્મની ગરમીમાં પણ ખસની ટટ્ટી જેવો ઠંડો-ઠંડો કૂલ-કૂલ રહે છે. એટલે Money is also A. C.! અને સંસારતાપથી માણસ દાઝી ઊઠે ત્યારે શાતા માટે મંદિર જઈ, મંદિર ખુલ્લું હોવા છતાં ગાય છે... મંગલ મંદિર ખોલો દયામય, મંગલ મંદિર ખોલો, દ્વારે ઊભો ગરમ ગોળો દયામય, મંગલ મંદિર ખોલો - આમ God is A.C.!

આ ત્રિપુટીનો બર્થ-ડે પણ ધામધૂમથી ઊજવાય છે. તફાવત એટલો જ કે વેલેન્ટાઇન ડે એટલે કે પ્રેમનો જન્મદિવસ ઘરની બહાર જઈને ઊજવવો પડે છે, પૈસાનો બર્થ ડે એટલે કે ધનતેરસ - એ ઘેર બેઠા-બેઠા ઊજવાય છે. અને ભગવાનનો જન્મદિવસ એટલે કે જન્માષ્ટમી અને રામનવમી એ ઘરે-બાહિરે બંને જગ્યાએ ઊજવાય છે.

આ ત્રણેયથી એક સમયે માણસ ધરાઈ જાય છે અને ત્યારે એનાથી છુટકારો મેળવવા પેંતરા કરે છે. એ પેંતરાનું પ્રેઝન્ટેશન અલગ પણ દિલચશ્પ હોય છે. પ્રેમથી છુટકારો મેળવવા માણસ લગ્ન કરે છે. પૈસાથી છુટકારો મેળવવા સટ્ટો રમે છે. અને ભગવાનથી છુટકારો મેળવવા ભ્રષ્ટાચાર કરે છે. ભ્રષ્ટાચારીથી ભગવાન પણ ભૂસેટીને ભાગી જાય છે.

આજકાલ આ ત્રણેય ડોન દેખાતા નથી. સાચો પ્રેમ શોધીને હથેળીમાં લઈને મને બતાવી જનારને રાજેશ ખન્નાનું `પ્રેમનગર' ફ્રીમાં આપ્યું બૉસ, જાવ!... પ્યાર જો હોતા તો ઈસ શહરમેં હર શખ્સ પરેશાનસા ન હોતા... એટલે અત્યારે પ્રેમ પણ અલોપ છે અને પૈસા... આ મસ્ત મોંઘવારીમાં પૈસો પણ ગમ્મે તેટલો હોય તોય `દેખાતો' જ નથી. અને `સંભવામિ યુગે યુગે' કહીને ગયા પછી કેટલાંય `પાંચ વરસ' વીતી ગયાં છતાં `કેશવલાલ' પણ ક્યાં ક્યાંય દેખાય

છે? અચ્યુતમ્ કેશવમ્!

*

સ્વચ્છમ્ શિવમ્ સુંદરમ્

છમ્મવડું

પડોશી દેશ આપણા દેશને `સાફ' કરવા ઉત્સુક છે. અને આપણે કાં આળસ કરીએ?!!

``ચોખ્ખું મારુ આંગણું ને
ચોખ્ખું મારુ ઘર,
ચોખ્ખું મારુ અંગ
અને ચોખ્ખું મારુ મન''

કળિયુગ વેઇટિંગમાં હતો તે સમયે કવિશ્રી દલપતરામે લખેલી કવિતાની આ પંક્તિઓ છે. જે મારા સ્વભાવ મુજબ મેં થોડી `આઘીપાછી' કરી છે. આજે કળિયુગના ધોમધખતા મધ્યાહ્ને ગંદકીનું સામ્રાજ્ય જોઈને મને એ કવિતાની યાદ તાજી થઈ આવી. તેથી તેની વાત કરવી છે. કવિતાનું નામ સાંભળીને, બે હાથ જોડીને ચોક્કસ પ્રકારનું `જેશીકૃષ્ણ' કહીને ઊઠીને હાલવા ન માંડશો. અહીં હું આખી કવિતાની વાત નથી કરવાની. ડિસ્કાઉન્ટના ધોરણે આખી વાત કવિતાના સાર જેવી ફક્ત ઉપર્યુક્ત બે પંક્તિનો જ વિચાર-વિસ્તાર કરીશ. જે તમારે તમારી આંખોનો વિસ્તાર કર્યા વિના જ વાંચવાની છે. ડિસ્કાઉન્ટની વાત આવી એટલે ડિસ્કો મૂડમાં આવી ગયા ને? હું હંમેશ વર્તમાનનું વાતાવરણ જોઈને જ વાત કરતી હોઉં છું. તેથી જ લોકો મને કહેતાં પણ હોય છે કે, ... તમારી વાત થાય?!

આપણા દેશમાં `સ્વચ્છતા અભિયાન'ની પૂરજોશમાં શરૂઆત થઈ ત્યારે મને પણ એ અભિયાન હેઠળ જાહેર રસ્તા પર બે ઝાડુ મારવાની ઇચ્છા થયેલી. પરંતુ મને કવરેજમાં રસ ન હોવાથી અને વળી મારા ફોટા પણ સારા ન આવતા હોવાથી મેં તત્કાલ મારી ઇચ્છા પર જ ઝાડુ ફેરવી દીધેલું. પરંતુ કહે છે ને કે જેને રોટલી શેકવાની ઇચ્છા પ્રબળ હોય એને ચારે તરફથી સળગતા ચૂલા મળી રહે છે. એમ સ્વચ્છતા અભિયાનમાં યોગદાન આપવાની મારી ઇચ્છા હતી તો છેવટે એ વિશે લખવા માટે મને કવિતાની કડી મળી ગઈ. હું એક વનિતા, વૈદ્ય અને વળી હાસ્યલેખિકા હોવાથી ઉપર્યુક્ત પંક્તિમાં બિરાજમાન ચારેય બાબતો, (ઘર, આંગન, તન અને મન) મારા વિશેષાધિકારમાં આવે છે. એટલે મને તો ચારેય દિશાઓ, બોલે તો... સારી કાયનાત સાથ દઈ રહી હોય એવી જ લાગણી થઈ. તો, `મા'એ પહેલે પગથિયે પગ મૂક્યો..."ના ધોરણે શરૂઆત કરીશ, ચોખ્ખું મારુ આંગણુંથી....!

અમારું ઘર મારા પતિના નામે છે, પરંતુ ઘરની હાથસફાઈ સૉરી, `સાફસફાઈ' હું જ કરું છું. `વાળે એનું ઘર'ના ધોરણે ઘર અને આંગણું મારા અધિકારમાં જ થયાં ને? અમારા બિલ્ડર ધનથી ધરાઈ ગયા હોવાથી અમને ઘર સાથે આંગણું ફ્રીમાં આપેલું. તેથી હું ઘર સાથે આંગણાંની પણ સફાઈ કરી લઉં છું. મેં મૂળચંદને કીધું કે આંગણું એ આપણા સંસ્કારનો અરીસો છે. તેથી આપણે સંસ્કારી છીએ એવી છાપ પાડવા પણ આંગણું સાફ રાખવું જોઈએ. એમાં તો વાંકા સ્વભાવનો મંત્રી મૂળચંદ ટઈડો થઈને મને સંભળાય એવું બબડ્યો કે, અહીં પેટ સાફ આવતું નથી અને તમે ઊઠતાંવેંત ગેટ (આંગણું) સાફ કરવાની વાત કરો છો હં... અ... અ....! મેં કીધું, તું ગેટ સાફ કરવાનું રાખ તો 108ની ઝડપે પેટ સાફ આવશે. કારણ કે આપણું આંતરડું અપંગ છે. એને પગ નથી એટલે ધક્કાગાડીની જેમ એને બહારથી ધક્કો લગાવવો જરૂરી છે. એટલે તું સ્વભાવને બદલે શરીર વાંકું વાળે તો આંતરડું આળસ મરડીને ગતિમાન થાય અને તો તારી મૂળભૂત મહત્ત્વાકાંક્ષા પૂરી થાય. પ્રાચીનકાળમાં બહેનો ઊઠીને પહેલાં ઘર આંગણું સાફ કરતી. એ સમયમાં પુરુષો - ઘર-કામ કરે તો એમને ચોક્કસ ઉપનામથી નવાજવામાં આવતા. એટલે તેઓ આંગણું ન વાળતા. પણ આંગણે ઉભડક બેસીને

દાતણ-પાણી કરતાં અને વાંકા વળીને ઊલ ઉતારતા. તેથી આંતરડાં સીધાં દોર થઈ જતાં. અત્યારે પણ વળી-વળીને - લળી-લળીને પાંચ-સાત ઘરનાં કચરા-પોતાં - વાસણ-કપડાં સાફ કરતી કામવાળીને કબજિયાત શું એય ખબર નથી હોતી અને આપણે તો બસ અક્કડ રહીને જ `ઢીલું' રિઝલ્ટ જોઈએ છે!!

મારું `ગુરુ'ત્તમ લેક્ચર સાંભળીને મૂળચંદ મહોદય મારી સામે `લઘુ-શંકા'ની દૃષ્ટિથી જોવા લાગ્યો. જોકે એ દૃષ્ટિમાં મને મારી વાતનો સ્વીકારભાવ પણ ડોકાયો. અત્રે મારું તો માનવું છે કે `સ્વચ્છતા અભિયાન'ને જો કબજિયાતના ઉપાય તરીકે પ્રમોટ કરવામાં આવે તો દેશ સાથે દેહ પણ સ્વચ્છ થઈ જાય, શું કહેવું? બધાનાં આંગણાં સ્વચ્છ, તો શેરી સ્વચ્છ, શેરી સ્વચ્છ તો શહેર સ્વચ્છ, શહેર સ્વચ્છ તો સ્વદેશ સ્વચ્છ.

આંગણું પછી ઘર લઈએ. ઘર લઈએ એટલે ઘરની વાત લઈએ. અત્યારે ઘરના ભાવ સાંભળવા માટે પણ તોતિંગ ત્રેવડ જોઈએ. ત્યાં ઘર લેવા નીકળાતું હશે? હા, સાવરણી તો ઘર આંગણે વેચવા આવે તો આંગણું વાળતાં-વાળતાં લઈ શકાય. એટલે આપણે ઘરની સ્વચ્છતાની વાત કરીશું. આંગણું સ્વચ્છ રાખીએ અને ઘર ગંદુ રાખીએ તો આપણી ગણતરી ગંદામાં જ થાય. આગળથી મજાની બાબરી એટલે કે ગુચ્છો પાડીને માથું ઓળ્યું હોય અને પાછળ કાંસકો ન ફેરવીએ તો, ``આગે સે ગુચ્છા... પીછે સે ગૂંચ...!" એમ લોકો રાગમાં આપણી મજાક ઉડાવી જાય. એટલે અત્યારની ભાષામાં કહીએ તો `કાર્પેટ એરિયા' અને `બિલ્ટ-અપ એરિયા' બંને સ્વચ્છ રાખવા જોઈએ.

આળસુ લોકો જ ફક્ત આળસને કારણે ઘર સાફ નથી કરતા. બાકી બિન-આળસુઓનું ઘર સાફ ન કરવા પાછળનું પોતપોતાનું લૉજિક હોય છે. કેટલાક એવું માને છે કે ઘર ચોખ્ખું રાખીએ તો અતિથિઓને ટાણે-કટાણે આવવાનું મન થાય ને?! તો કેટલીક વિચારવંત વનિતાઓ એમ વિચારીને ઘર સાફ નથી રાખતી કે ઘર સાફ કરીએ તો માળું બેટું ફરી ગંદું થાય ને? તો કેટલાકને ચોર ઉપર ઘંટીચોર જેવો વિશ્વાસ હોય છે કે એક દિવસ ચોર આવીને ઘર સાફ કરી જ જશે. પછી ઘર સાફ કરવામાં આપણે ખોટો થાક વહોરવો એ કરતાં આરામ ન કરીએ?!

આ લૉજિક-મૅન (Logic Men) સાથે ઝાઝી લમણાં-ઝીક કર્યા વગર ટૂંકમાં કહું. અતિથિથી ગભરાતાને જત જણાવવાનું કે હે યજમાન, તમે શનિ-રવિ ઘરની બહાર નીકળો તો રસ્તાઓ પર માનવમહેરામણ જોઈને તમને ખ્યાલ આવે કે અત્યારે માણસ પોતાના ઘરમાં પણ રહેવા રાજી નથી એ તારે ઘેર `અતિથિ લોગ' બનીને શું કામ ત્રાટકે? એટલે એવી વીક (નબળી) બીક કાઢી નાખીને બિચારા ઘરને સાફ કરવાનું રાખજો. અતિથિને આવવું ગમે એવું ચોખ્ખું ન રાખીએ પણ આપણને રહેવું ગમે એટલું ચોખ્ખું તો રાખીએ જ. અને `બે નંબરના'ને કહેવાનું કે ઘર ગંદું થાય તો જ સાફ કરવામાં આનંદ આવે. હે ધોળા માથાના માનવી, યાદ કરો, સાદું માથું ધુઓ અને માથામાં કાદવ-કીચડ જેવી મેંદી કે હેરપેક નાખ્યા પછી માથું ધુઓ અસલી આનંદ શેમાં આવે છે? અરે, જે ઘરને બાળકોએ રમણભમણ અને બુઝુર્ગોએ ગંદું-ગોબરું કરી મૂક્યું હોય એ ઘરને સાફ કર્યા પછી પ્રાપ્ત થતી પ્રસન્નતા કેવી અલૌકિક હોય છે એ તો જે ગૃહિણી એ સાફ કરીને ગંદી થઈ હોય એ જ જાણે! કારણ કે ``ઈક અહેસાસ હૈ યે ખુદ હી મહસૂસ કરો...' `કભી ગંદુ કભી સ્વચ્છ' એ જ આદર્શ ઘર. આમ ફિલ્મી આનંદ લેવો હોય તો ગંદું થવા દેવા માટે જ ઘર સાફ કરવું. અને પેટમાં ટકતું નથી તોયે રોજ્જે જમીએ જ છીએ ને?! તો પછી?

અને, ચોરની રાહ જોનારને ચૂપકીદીથી જણાવવાનું કે ચોરને કંઈ કેટલાંયે ઘર ગણવાનાં હોય. એને મીસ-કોલ મારો એટલે તમારું `ઘર સાફ કરવા' આવી ન જાય! એટલે હે

આશાસ્પદ બહેનો, ચોરની આશા રાખ્યા વગર, ``ઊઠો, બેઠાં થાવ અને પતિનાં ખિસ્સાં સાફ કરો છો એમ જ જાતે ઝડપથી અને હોંશથી ઘર સાફ કરવા મંડી પડો." અને હા, ઘર સાફ કરવામાં થોડો થાક લાગે પણ એ સ્વચ્છ ઘરમાં બેસવાથી જ થાક ઊતરી જશે. વળી, નોકરી-ધંધેથી પાછા ફરતાં કુટુંબીજનો સ્વચ્છ ઘર જોતાં જ હાશ અને હળવાશ અનુભવશે. આમ - સ્વચ્છ ઘર, તો શ્રમહર એટલે કે થાક ઉતારનાર છે. જે થકવતું એ જ થાક ઉતારતું!... ઘર સાફ, ઉતારે થાક. તો હવે ઝાડુ જાતે લઈ લેશો કે આપું?

મૂળચંદને `15મી ઑગસ્ટ'નો સ્વાદ ચખાડવા મૂળચંદની પત્ની એક મહિના માટે પિયર ગયેલી. છતાં મૂળચંદને ઊંઘ નહોતી આવતી બોલો! દવા-દારૂ બંને લીધા છતાં ફરક ન પડ્યો. પછી નિદાન થયું કે મૂઓ `મેલી ચાદર ઓઢકે સૂતો'તો!!!' કહેવાનો મતલબ ઘરને ચોખ્ખું ચણાક નહીં, તો ફક્ત ચોખ્ખું જ રાખો. જેથી નસકોરાબંધ નીંદર આવે. અને હા, ભાગ્યે કરીને ભાડે રહેતા હો તોપણ ઘર તમારે જ સાફ કરવું પડે. મકાન-માલિક કાંઈ રોજજે કચરા-પોતાં ન કરી જાય. હા, એ ભાડું લેવા આવે ત્યારે મહિને એકાદવાર એને ઓફર કરી શકાય! ટૂંકમાં ભાડું નિયમિત ન ભરો તો ચાલે, પણ ઘર નિયમિત સાફ કરવું જ રહ્યું. જેમ કપડાં નીચોવીએ તો કપડાંના મેલ-પાણી નીકળી જાય છે એમ ઘરની સાફસૂફીરૂપી કસરતથી શરીર નીચોવાઈને પરસેવારૂપે કચરો નીકળી જાય છે. આમ ઘર સફાઈથી સાઇડમાં શરીર સફાઈ થશે. દુગુના મુનાફા. `સ્વચ્છતા છે ત્યાં પ્રભુનો વાસ છે' એવું વાંચીને કુ-કર્મીઓ ભગવાન આવી જશે તો? એવા ભયથી ઘર સ્વચ્છ નથી રાખતા. પણ ઘરની સ્વચ્છતા સાથે આત્મા પણ સ્વચ્છ હોય તો જ ભગવાન આવે. એટલે સદરહુ ગભરુઓએ ઘર સ્વચ્છ રાખવામાં સંકોચ ન રાખવો. સ્વચ્છતા ત્યાં જીવજંતુનો નાશ અને તબિયતમાં હાશ. એ ફાયદો ધ્યાને લઈ બને તો જાતે જ ઘર “સાફ કરવું.”

ગૃહપ્રવેશ કર્યા પછી હવે તનપ્રવેશ કરીએ. અહીં પ્રેતાત્મા બનીને તનપ્રવેશ નથી કરવાનો. સફાઈ કામ કાઢ્યું છે એટલે શરીરસફાઈની જ વાત કરીશું. શરીર એ ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું સાધન હોવાથી શરીર ધરાવતા પ્રત્યેક મનુષ્યે શરીરને બહારથી અને અંદરથી બરાબરનું સાફ કરવું જોઈએ. વરસના વચલા દહાડે નહાતા હશે એનેય ખબર હશે કે શરીરની બહારની શુદ્ધિ સ્નાનથી થાય છે. સ્નાનથી શરીર પર જમા થયેલ મેલનો જથ્થો દૂર થવાથી માણસ બે ઘડી ઓળખાય નહીં એવો ઊજળો લાગે છે. વળી દાદ, ખસ, ખૂજલી જેવા રોગોથી રક્ષણ મળે છે. તેથી - ખુજલીના ચાહકો સિવાય સહુએ સ્નાન કરવું જોઈએ. સ્નાનથી આળસ અને સુસ્તી દૂર થઈ સ્ફૂર્તિ અને તાજગીનો અહેસાસ થાય છે. આવો લાભ તો લાભ પાંચમનો ઉપવાસ કરવાથી પણ નથી મળતો. નહાઈ-ધોઈને સ્વચ્છ થઈને બહાર પડીએ તો આપણા સંગી-સાથીને પણ આપણી સાથે સત્સંગ વાળી ફિલિંગ આવે છે. આમ બાહરી સ્વચ્છતાથી તન-મન અને જનકલ્યાણનું પુણ્ય સાધી શકાય છે.

હવે બહારની સફાઈ તો ફક્ત પાણીથી કરી શકાય છે. શરત એટલી કે પાણી ભીનું હોવું જોઈએ! કહેવાનો મતલબ કે બહારની સફાઈમાં મોટા વેદ નથી ભણવાના. પણ `અંદર કી બાત' અલગ હૈ... હા, આંતરિક બોલે તો ... આંત્રિક સફાઈ માટે વૈદું ભણવું પડે. હું પોતે વૈધ છું એટલે આ અંગે અત્રે અધિકારથી અને ગંભીરતાથી એક વાત કરવા માંગું છું. સાંપ્રત સમયમાં કન્સલ્ટિંગ ફી બચાવવા માટે કબજિયાતીઓ `આંત્રિક પ્રસાધન' તરીકે `જાહેરાત ચૂર્ણ'નો ઉપયોગ કરે છે પરંતુ એ બચતકારો જાણતા નથી કે પેટે-પેટે પેટ-પ્રૉબ્લેમનાં કારણો અલગ હોવાથી એ પ્રૉબ્લેમના ઉપાય પણ આંતરડે-આંતરડે અલગ હોય. તેથી એક જ સાવરણીથી મતલબ `જાહેરાત ચૂર્ણ'થી પેટ સફાઈ કરવા `દોડો' તો ક્યારેક `કચરો કાઢતા સાવરણી પેઠી' જેવો ઘાટ થાય છે! લાડના અધિકારી એવા નાજુક આંતરડા પર આવા

લાઠીચાર્જથી થયેલા લોહીલુહાણ પરિણામ મેં નજરે જોયાં છે. આ બાબતને એક વહેવારિક ઉદાહરણથી સમજીએ. મૂળચંદની પત્ની સાડીસેલમાંથી સાડી ન લઈ આપવાથી રિસાઈ હોય અને મનામણા માટે મૂળચંદ એને વર્લ્ડ ટૂર પર લઈ જાય તો તેથી એની રીસ રિપેર ન થાય. એટલું જ નહીં, અધધધ રૂપિયા અને રજા વાપરવા છતાં એની સાડી-રીસ તો ઊભી જ રહે. ટૂંકમાં કારણનું મારણ કરવું એ ચિકિત્સાનો પહેલો સિદ્ધાંત છે. એ નિયમ ન પળાય તો દેહને દંડ ભોગવવાનો દા'ડો આવે છે. `પેટ સફા તો દરદ દફા' એ વાત સાચી, પરંતુ સાથે-સાથે `દવા-વફા' પણ જરૂરી છે અને એ વૈધનો વિષય છે એટલે એ માટે `મારા જેવા નિવૃત્ત' કે કોઈ `સારા એવા પ્રવૃત્ત' વૈધની સલાહ લેવી.

શરીરશુદ્ધિ માટે આહારશુદ્ધિ પણ એટલી જ આવશ્યક છે. આહારશુદ્ધિ એટલે દાળ, ભાત, શાક રોટલીને રાંધ્યા પછી ધોઈને સાફ નથી કરવાનાં. પરંતુ રાંધતાં પહેલાં કાચું અનાજ વીણી-વીંછળીને સાફ કરવાની વાત છે. આ ઉપરાંત આહાર બનાવવામાં ભાવશુદ્ધિ પણ જરૂરી છે. ઘરમાં બનતું ભોજન ભાવથી બને છે અને હોટલનું ભોજન `ભાવ'ને ધ્યાનમાં રાખીને બને છે. આ વાત હોટલનો માલિક સમજે છે તેથી જ એ પોતાનું ટિફિન ઘરેથી મંગાવે છે. `માલિક'માં વિશ્વાસ હોય તો હવે પછી ઘેરથી ટિફિન લઈને હોટલમાં જમવા જવું. ફક્ત ટેબલ-ખુરશી હોટલનાં વાપરવાં. `હોટલ અને હૉસ્પિટલને ઘર જેવા સંબંધ છે.' એટલે `હોટલનું ખાવું અને હેલ્ધી રહેવું' એ તો `ઘર-જમાઈ બનવું અને સન્માનથી રહેવું' એવી વાત થઈ!! કાન પકડીને કબૂલ કરવી પડે એવી વાત: મા હંમેશ `એક જ ભાવ'થી ભોજન બનાવે છે. એના ભાવમાં ક્યારેય `વધઘટ' થતી નથી. તેથી જ એ ભોજનથી સ્વાસ્થ્ય `સ્થિર' રહે છે.

છેલ્લે મન-શુદ્ધિની વાત. મન નિરાકાર હોવાથી મનની સફાઈ સાવરણી કે સ્નાનથી નહીં પણ સત્સંગથી થાય છે. સત્સંગ એટલે દેખાવમાં સારા હોય એનો સંગ નથી કરવાનો. સત્સંગ એટલે સારું વાચન, સારું શ્રવણ, સારું ચિંતન કરવું અને સદાચારીના સંગમાં રહેવું. ટૂંકમાં `બદ્' (ખરાબ)ની બાદબાકી કરે તે સદ્! સત્સંગથી કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, અહંકાર, રાગ-દ્વેષ જેવાં મનના દોષો દૂર થાય છે. દોષ-કંપની દૂર થતાં મન શુદ્ધ અને પવિત્ર થાય છે. મન સ્વચ્છ તો વિચાર સ્વસ્છ... વિચાર સ્વચ્છ તો વાઇબ્રેશન સ્વચ્છ... વાઇબ્રેશન સ્વચ્છ તો વિશ્વ સ્વચ્છ! મન બહુ મોટી માયા છે. મન દેખાતું નથી, પણ મનના ગુણ-દોષ થકી માણસ સારો કે ખરાબ દેખાય છે. એટલે મનને ચોખ્ખું રાખજો બાપલિયા!

આપણા દેશવ્યાપી સ્વચ્છતા અભિયાનથી સહુ કોઈ જ્ઞાત છે. સ્વચ્છતાની જેટલી વાતો થઈ એટલી સ્વચ્છતા ભલે નથી થઈ, પરંતુ આબાલવૃદ્ધમાં જાગૃતિ જરૂર આવી છે. ગંદકી અને ભ્રષ્ટાચારના કૂવા ઘણા ઊંડા છે. એટલે તત્કાલ ઉલેચવા અઘરા જ છે. એમાંય આપણે સહુ `ટીપું' સુલતાનના ચાહક એટલે ટીપે -ટીપે ખાલી કરવામાં માનીએ અને એ રીતે ખાલી થાય તોય ભયો ભયો!! `સ્લો સ્પીડ' એ પણ સ્પીડનો જ એક પ્રકાર છે ને! અને હા, શ્રી મૂળચંદે કહેવડાવ્યું છે કે જેને સફાઈ કરતાં સંકોચ થતો હોય તેઓશ્રી રસ્તા પર ગંદકી નહીં કરીને પણ પોતાનો ફરજ-ફાળો આપી શકે છે.

સ્વચ્છ બનેગા.... તભી તો ભારત સચમેં મહાન બનેગા.

*

ટણીવાળા હોય એ જ...

છમ્મવડું

મોબાઈલ ફોન આવ્યા પછી અસત્યવાનનો રાફડો ફાટ્યો છે. સત્યવાન તો રહ્યા જ નથી. એટલે આજની જીન્સ વાઈફ વટસાવિત્રીનું વ્રત નથી કરતી!

અ. સૌ. સાવિત્રીબહેનને મેં પૂછ્યું કે તમે વટ-સાવિત્રીનું વ્રત કરો છો? તો નાકનાં ફોયણાં ફુલાવીને કહે, ``ના રે, હું ક્યાં એવી વટવાળી છું તે વટ-સાવિત્રીનું વ્રત કરું?" પછી મેં એને સાચું જ્ઞાન પ્રદાન કરતાં કહ્યું કે, હે સાવિત્રીબહેન, વટસાવિત્રીમાં આવતો `વટ' એ સંસ્કૃત શબ્દ છે. જેનો અર્થ વડ થાય છે. પોતાના પાળેલા પતિની આયુષ્યરેખા વડની વડવાઈઓની જેમ લંબાતી જાય અને પોતે એ વડવાઈઓના હીંચકે હીંચ્યા કરે એવી શુભકામનાથી બહેનો વડની પૂજા કરીને વટસાવિત્રીનું વ્રત કરે છે.

જોકે મૂળચંદ એવું કહે છે કે વટસાવિત્રીમાં `વટ' એ ગુજરાતી શબ્દ છે. કારણ કે મિસિસ સત્યવાન ઉર્ફે સાવિત્રી આ વ્રતના જોરે જ પોતાના પતિને વટ કે સાથ યમરાજા પાસેથી પાછો લઈ આવી'તી!! અને એટલે જ આ વ્રતને વટ-સાવિત્રી કહે છે. મૂળચંદના લૉજિકમાં દમ છે. વટસાવિત્રીમાં આવતો વટ શબ્દ ગુજરાતીમાં પણ યથાર્થ જ જણાય છે. કારણ કે એ `વટ' ગુજરાતીમાંય `મોળો' પડે એવો નથી જ!

મારી દૃષ્ટિએ કોઈ પણ વ્રત એ જ વ્યક્તિ કરી શકે જેનો સ્વભાવ વટવાળો હોય કે ટણીવાળો હોય! કારણ કે વ્રતમાં વટનાં જ ગાજર ખાવાનાં હોય છે. જેમ કે હું મોડી સવારે વહેલી ઊઠીશ અને ઊઠ્યા પછી જ નાહીશ...! ભાખરિયો સોમવાર ભાખરી ખાઈને જ અને મંગળવારે નહીં પણ સોમવારે જ કરીશ... ગમ્મે તેવી લાલચુ લાલચ આપશો તોય ભાખરીને બદલે પૂરી, પરોઠા કે પિઝા નહીં જ ખાઉં... પાણી પીધા વગર જ નિર્જળા ઉપવાસ કરીશ... આજે મારે મૌનવ્રત છે એટલે મોઢામાં આંગળા નાખીને બોલાવવા પ્રયત્ન કરશો તો ગુસ્સાથી તમારાં આંગળાં કરડી ખાઈશ પણ બોલીશ નહીં... જાગરણના દિવસે આખી રાત બેઠી-બેઠી ડોલા ખાઈશ પણ હખે ઊંઘીશ નહીં....! હવે આવું તો જિદ્દી લોકો જ કરી શકે ને?! જોકે ક્યારેક એવુંય બનતું હશે કે વ્યક્તિ હર્બલ સ્વભાવની મતલબ તદ્દન સીધી, સરળ અને નિર્દોષ હોય પરંતુ અચાનક `વ્રતમાર્ગુ' બની જવાને કારણે વ્રત કરી-કરીને એનો સ્વભાવ વટવાળો કે હઠીલો થઈ જાય!

ખરેખર વાત એવી છે કે સમગ્ર વ્રતકથાઓની રચના કેટલાક પત્નીપીડિત પુરુષોએ કરી છે. એ ભોળિયાઓનો પવિત્ર આઇડિયા એવો હતો કે બાળવાર્તા જેવી વ્રતકથાઓ વાંચીને મંદમતિ સ્ત્રીઓ ભોળવાઈને બધાં વ્રતો કરવા માંડશે. એટલે વરસમાં મહિનો-બે મહિના નહાવા-ધોવામાં, પૂજા-પાઠ કરવામાં અને મંદિર-મહાદેવ અપ-ડાઉન કરવામાં રચીપચી રહેશે. તેથી આપણે એટલી ઘડી શાંતિ!! વળી ઉપવાસના કારણે ઝઘડવાનું જોર પણ નબળું પડશે એવું સમજી-વિચારીને પુરુષોએ બહેનો માટે વ્રતકથાઓ લખી. અને સ્ત્રીઓએ વ્રત કરવા માંડ્યાં. પણ વધુપડતાં વ્રતને કારણે સાઇડ ઇફેક્ટ એ થઈ કે, ``સીઝલરિયા સોમવારમાં સીઝલર જ ખાઈશ," વ્રતની એ પ્રકારની ટણીટેવને કારણે હવે એ પતિને કહેવા માંડી છે કે, ... તમારાથી થાય એ કરી લો, હું પિયર જવાની નથી... મરી જઈશ પછી પણ તમારી બહેનની સામું નહીં જોઉં... મારા ઘરમાં સાસુનો પગ ન જોઈએ... અને મારી બા આપણા ઘરે જ રહેશે... અઠવાડિયામાં બે જ દિવસ ઘરમાં રાંધીશ... વગેરે વગેરે! આમ ટેકીલાં વ્રત કરવાને કારણે સ્ત્રીઓ હઠીલી થઈ ગઈ અને એ હઠયોગનો ભોગ પુરુષો જ બન્યા, એ તો ભક્તિ એવું ફળ! અરે મોળાકત યાનિ કિ ગૌરીવ્રતમાં તો પાં...ચ દિવસ મીઠા વગરનું મોળું ખાવાનો આદેશ

કરાયો છે એટલે સ્ત્રીઓની બુદ્ધિમાં મીઠાની ઘટ પડી! એટલે એમાંય પુરુષોને જ `મીઠા'નો સત્યાગ્રહ વેઠવાનો વારો આવ્યો. ટૂંકમાં સ્ત્રીહઠનો વિકાસ થવામાં વ્રત અને વ્રતકથાઓનો જ બહોળો ફાળો છે!!

વ્રતકથાના અંતે સાર લખ્યો હોય છે કે અમુક વ્રત કરવાથી પુત્ર-પ્રાપ્તિ, સૌભાગ્યપ્રાપ્તિ કે સાસુપ્રાપ્તિ થાય છે. અમુક વ્રત કરવાથી દીર્ઘાયુષ કે દીર્ઘનિદ્રા પ્રાપ્ત થાય છે. (અહીં દીર્ઘનિદ્રા એટલે સાઉન્ડ સ્લીપ એવો અર્થ કરવો) અમુક વ્રત કરવાથી પેટ ઠરે છે, પગનાં તળિયાં ઠરે છે કે મગજ ઠરે છે. હવે આ બધાં સિંગલ સુખ તો સમજ્યા, પણ અમુક વ્રત કરવાથી તો કહે છે કે સર્વ પ્રકારનાં સુખ મળે છે. એ વાંચીને મને તો હળાહળ નવાઈ લાગી. પણ કોઈ પણ નવાઈને વાઈ આવીને પડી જતાં વાર નથી લાગતી. મનેય એ સર્વસુખ પ્રાપ્તિનું રહસ્ય સમજાઈ ગયું કે આ બધાં વ્રતો કરવામાં એટલું કષ્ટ પડે છે કે એ વ્રતો છૂટે એટલે આપોઆપ સર્વસુખની અનુભૂતિ થાય છે. જેમ કે દરેક વ્રતમાં કારણ વગર સવારે વહેલા ઊઠવું તદ્દન ફરજિયાત હોય છે. વહેલા ઊઠો એટલે ઊંઘ પૂરી ન થવાથી શરીરમાં આખો દિ' અહખ થાય, એમાં વળી ઉપવાસ કરો એટલે કૂદતી- કૂદતી અશક્તિ આવે. વળી જિંદગીમાં કોઈ દિ' કોઈને દીધું ન હોય એમાં ભાખરી કે સાકરના ત્રણ ભાગ અન્યને આપવાનાં થાય એટલે મનને કેટલોય ઉચાટ-ચચરાટ થાય. એમાંય રાત્રે જાગરણ કરવાનું એટલે જાગતા-જાગતા દિવસ દરમિયાન પડેલા માનસિક-શારીરિક કષ્ટનું જ સ્મરણ રહ્યા કરે. તેથી અપરંપાર ઉદ્વેગ થાય. પણ... વ્રત પૂરું થયે સવારે કોઈનોય ભાગ કાઢ્યા વગર જમો અને આખી બપોર સૂઈ જાવ એટલે બધાં દુઃખ દૂર થઈ જાય પછી સર્વ પ્રકારના સુખની જ અનુભૂતિ થાય ને!

અંતે વ્રતને હું સંબંધ સાથે સરખાવું છું. વ્રત અને સંબંધને તોડવા માટે તોડફોડના સાધનોની જરૂર પડતી નથી. ફક્ત મોંમાં કંઈક આડુંઅવળું મૂકી દો તો વ્રત તૂટી જાય અને મોંએથી કંઈક આડુંઅવળું બોલી દો તો સંબંધ તૂટી જાય! એટલે જ વ્રત અને સંબંધને બહુ `વળગવું' નહીં!!!

*

બૉમ્બ-વિસ્ફોટ પર વ્યંગ-વિસ્ફોટ!

છમ્મવડું

નેતા: `ત્રાસવાદીઓનું આ કૃત્ય કાયરતાપૂર્ણ છે.'

જનતા: `ઈશ્વર તમનેય આવા કાયર બનાવે!!!'

ભારત માત્ર ખેતીપ્રધાન જ નહીં, શાંતિપ્રધાન દેશ પણ છે. તેથી ખેતીની સિઝન પતી જાય પછી એ મોટા ભાગે અમથો-અમથો શાંત હાલતમાં જ પડ્યો હોય છે. એ જોઈને ક્યારેક તો આપણને ખરાબ કુવિચાર આવી જાય કે દેશ ચાલે છે કે બંધ પડી ગયો? આપણી આવી દોમ-દોમ શાંતિને નજર ન લાગી જાય એવી લાગણીની ભાવનાથી જ આપણા `શુભેચ્છકો' વચ્ચે-વચ્ચે વિસ્ફોટો કરી જાય છે અને... આપણો દેશ ધબકવા લાગે છે. એટલે જ 2011માં દિલ્હીમાં બૉમ્બ બ્લાસ્ટ થયો ત્યારે છાપાંઓમાં ટાઇટલ ન્યૂઝ આવી રીતે ચમકેલા કે...`દિલ્હી ફરી ધણધણી ઊઠ્યું'... આ સમાચાર એવા જોશોઝનૂનથી પીરસવામાં આવ્યા કે જાણે આપણી `વન્સમોર'ની ઓફરને સ્વીકારીને આતંકવાદીઓએ આપણને ખુશ કરી દીધા હોય! અરે, આ સમાચાર સંભળાવવાનું કામ જો ન્યૂઝ-રીડરને બદલે, ટી.વી.શોના કોઈ એન્કરને સોંપ્યું હોત તો એ તો એના ઉથલધડા અંદાજમાં બૂમો પાડી ને બોલત કે, દિલ્હી ફરીથી ધણધણી ઊઠ્યું.... કમ ઓન ગાયસ (Guys) ચિયર્સ...!! બસ્સ આજે અહીં મેં આવા જ કેટલાક સનસની સમાચારોની ટિપ્પણી કરીને અણી કાઢવાનો પ્રાયોજિત પ્રોગ્રામ રાખ્યો છે. તો આવો ચખાડું તમને વિસ્ફોટક સમાચારોનું ગળચટું અચાર.

ભારતનાં અન્ય શહેરોમાં પણ હુમલાની ધમકી...

આ સમાચારમાં આપણને એવો આસ્વાદ ફીલ થાય કે દિલ્હીમાં દમદાર હુમલો કરીને એમને ઘણું સારું લાગ્યું છે એટલે હવે પછી તેઓ આપણા જ દેશનાં બીજાં શહેરો પર પસંદગી ઉતારશે અને હુમલાના એમ.ઓ.યુ. કરશે એવું અમારા સંવાદદાતાઓનું માનવું છે.

િદલ્હી હાઈકૉર્ટના રિસેપ્શન સેન્ટર પાસે થયેલા શક્તિશાળી વિસ્ફોટથી બારી-બારણાંના કાચ તૂટી ગયા હતા અને ચીજો વેરણછેરણ થઈ ગઈ હતી.

બિચ્ચારા બારી-બારણાના કુમળા કાચને આંચ આવવાથી આપણને આટલી બધી વેદના થશે, એવો અણસાર આતંકવાદીઓને હોત તો તેઓ શક્તિશાળી વિસ્ફોટને બદલે વીક - (સુકલકડી) વિસ્ફોટ કરત અને આપણે કહ્યું હોત તો તેઓ વિસ્ફોટથી વેરણછેરણ થઈ ગયેલી વસ્તુઓ પાછી યથાસ્થાને ગોઠવીને પછી પલાયન થાત. આપણે ઊંઘતા રહીને એમને વિસ્ફોટ કરી જવા માટે આટલો બધો સાથ-સહકાર આપીએ છીએ તો તેઓ પણ ઘડી-બે ઘડી સંવેદનશીલ બનીને આપણા ઉપર એટલો રિટર્ન ઉપકાર કરત જ ને?

વિસ્ફોટમાં ફેરિયાઓ પણ ઈજાગ્રસ્ત થયા

હવે ફેરિયાઓ તો ફર્યા જ કરતા હોય છે. છતાં ફેરિયાઓને કેમ જાણે `વિસ્ફોટ પ્રૂફ' કૅબિનમાં બેસાડી રાખવામાં આવતા હોય છતાં ઈજાગ્રસ્ત બન્યા હોય એવી રીતે ખેદ વ્યક્ત કરે. સમાચારમાં કોને આવરવા એનો વિવેક રાખવો જોઈએ ને? હવે આ સમાચાર વાંચીને ફેરિયાઓનો તો જિંદગીભરનો `ફેરો' સફળ થઈ ગયો હશે ને કે આપણને આવા `મહત્ત્વના પ્રસંગમાં' કેવું `અખબાર સિંહાસન' મળ્યું?! આ સમાચારમાં બીજો ભાવ એવોય ફલિત થાય કે ફેરિયાઓ પણ ઈજાગ્રસ્ત થયા તો મારા તમારા જેવા બેઠાડુઓની શી વિસાત? મતલબ આતંકવાદીના બીજા ફેરામાં આપણે તો અડકે ઢૂસ્સ જ થવાના!

િદલ્હીમાં વિસ્ફોટો બાદ ગુજરાતમાં હાઈએલર્ટ

મતલબ ગુજરાતમાં વિસ્ફોટ થઈ જશે પછી મહારાષ્ટ્રમાં હાઈએલર્ટ જાહેર કરાશે. મહારાષ્ટ્રમાં વિસ્ફોટ થઈ જશે પછી મધ્યપ્રદેશમાં હાઈએલર્ટ જાહેર કરશે... વગેરે વગેરે. એટલે કે બધાનો વારો આવશે. બધાને ફીલની થ્રીલ-ફીલનો લાભ મળશે. એટલે સહુએ શ્રદ્ધા અને સબૂરી રાખવાં. સહુ બૂરાં વાનાં થશે!

મૂળચંદે બ્લાસ્ટને વખોડી તેની નિંદા કરી

આપણે ત્યાં કોઈ ભૂંડા અવસરને વખોડી કાઢીએ નહીં ત્યાં સુધી એ અવસર ઘી વગરની લાપસી જેવો લાગે છે. એટલે મૂળચંદ આ - વખોડવાવાળું ડાલડા ઘી નાખવાનું ક્યારેય ભૂલતો નથી. આવી ઇન્સ્ટન્ટ ઈવેન્ટની નિંદા ન કરે ત્યાં સુધી બિચ્ચારાને નિદ્રા પણ નથી આવતી. ભારતીય મૂળચંદનું અહખ પણ કંઈક અલગ જ પ્રકારનું છે!

`દિલ્હી બ્લાસ્ટ' આતંકવાદી હુમલો

ના હોય! અમને તો એમ કે મ્યુનિસિપાલિટીની સ્કૂલમાં ભણતાં બીજા ધોરણનાં બાળકોએ રમતરમતમાં આ હુમલો કર્યો હશે! જોકે એ તો જેની સિક્સ્થ સેન્સ પાવરફુલ હોય એવા `દીવાને ખાસ'ને જ ખ્યાલ આવે ને કે આમાં આતંકવાદીનો હાથ છે! `સિક્સ્થ સેન્સ ડેવલપમેન્ટ'ના કોચિંગ ક્લાસ તો હોય નહીં. એટલે આપણા જેવા પંચેન્દ્રિયોએ તો હા - એ - હા જ કરવું રહ્યું ને?!

દિલ્હી **15** વર્ષ **- 31** બ્લાસ્ટ**...**

મતલબ સ્કોર બનના અભી બાકી હૈ. આ મોંઘવારીમાં એકત્રીસનો હિસાબ શો હેં?

આતંકવાદના દબાણ સામે ક્યારેય ઝૂકીશું નહીં, આપણે સૌએ એક થઈને આતંકવાદના દૈત્યને કચડી નાખવાનો છે. આ એક લાંબી લડાઈ છે.

મતલબ એ લોકો તો ટ્ વેન્ટી ટ્ વેન્ટી મૅચની જેમ ફટાફટ વિસ્ફોટ કરી ગયા. પણ આપણે ટેસ્ટ મૅચ જેવી લાંબી લડાઈ લડવાની છે. એટલે આપણે રાહુલ દ્રવિડની જેમ ધીમે.. ધીમે... જ રમીશું. શું નાહી જાય છે?! એ લોકો તો નાહી જ્યા!! આ આતંકવાદીઓ પાછા આમ મારા જેવા સીધા. એમને કામથી કામ. ચુટકીમાં કામ પતાવીને હેંડ મારા રામ... તો આવજો, રામ.. રામ.

*

ભૂકંપ

છમ્મવડું

મંત્રમુગ્ધ સ્વરના માલિક ભૂપેન હજારિકા કે જગજિતસિંહ જેવા ગાયકોની અલવિદાથી આંચકા લાગે છે, કિંતુ એ આંચકાથી કોઈ જાનહાનિ નહીં, પણ એમના પાગલપ્રેમીઓને 'કાનહાનિ' જરૂર થાય છે.

પ્રાચીન લોકોનું કહેવું છે કે પ્રાચીનકાળમાં બે ભૂકંપ વચ્ચેનો ગાળો 40થી 50 વરસનો રહેતો. એટલે જ જાન્યુઆરી, 2001માં મોટો ભોપા જેવડો ભૂકંપ આવ્યો ત્યારે ભૂકંપના જાણભેદુઓએ એવું આશ્વાસન તરતું મૂકેલું કે હવે 40-50 વરસ સુધી ચિંતા ઉપર ચોકડી મારી દેજો. કિંતુ આ 2001 વાળો ભૂકંપ તો જાણે આપણને સહુને દિલ દઈ બેઠો હોય એમ અવારનવાર આંટાફેરા મારવા માંડ્યો છે. એટલે મૂળચંદને શક પડ્યો મનમાંહી... કે આ `અર્વાચીન કાળ'માં જ કંઈક `કાળું' છે!

જોકે મૂળચંદને મારા માટે એવી ખાતરી ખરી કે નલિનીબહેન પાસેથી મને `ધડ' દઈને `મોં-માથા' વગરના જવાબ મળી રહેશે. એટલે મૂળચંદે મને પૂછ્યું કે, હવે આ હોલસેલમાં ધરતીકંપ થવા માંડ્યા છે એનું કારણ શું છે? જોકે પહેલાં તો મેં ઝીણી આંખ કરીને એને પ્રતિપ્રશ્ન કર્યો કે, ભ'ઈ, આવું મને જ કેમ પૂછે છે? આ દુર્ઘટનામાં પણ મારો હાથ હોય એવું તને લાગે છે? તો કહે, ના, ના... આ તો ટ્વીટર પર કોઈકે ટ્વીટ કરેલું કે નલિનીબહેન જેટલાં બહાર છે એટલાં જ બીજાં ભોંયમાં છે. એટલે મને થયું કે ભોંય (જમીન)માં થતી ઊથલપાથલનું કારણ કદાચ તમને ખબર હોય!!

મૂળચંદના હાવભાવ ઉપરથી મને લાગ્યું કે ભૂકંપ કરાવવામાં મારો હાથ હશે એવી એને અધકચરી ખાતરી છે જ. તેથી મેં ચોખવટ કરી કે ભ'ઈ, જો જેમ કેટલાક હોશિયારીમાંથી હાથ નથી કાઢતા એમ હું લખવામાંથી હાથ બહાર કાઢતી નથી એટલે આમાં મારો હાથ નથી. પણ તું માંગવા જ આવ્યો છે એટલે હું તને જવાબ જરૂર આપીશ. ઔર વૈસે ભી દેને કે લિયે મેરે પાસ જવાબ કે સિવા ઓર કોઈ જાગીર હૈ ભી કહાઁ? એમ કહી મેં એને ધરતીનાં વારંવાર ધ્રૂજતા રહેવાના રંગબેરંગી રમૂજી કારણો નીચે મુજબ જણાવ્યાં.

એક ડૉક્ટર તરીકે મને લાગે છે કે ધરતીના પેટાળમાં મેલેરિયા ઘર કરી ગયો છે તેથી એને વારંવાર ધ્રુજારી આવે છે. એક વયોવૃદ્ધ સ્ત્રી તરીકે મને એવું લાગે છે કે ધરતીમા પણ કાળવૃદ્ધ થયાં છે અને વૃદ્ધોને ધ્રૂજવામાં ધરપત રહેતી નથી તેથી સકારણ કે અકારણ ધ્રૂજી જતાં હોય છે. વળી સહેજ વાઇબ્રેશનથી માણસ હાંફળો-ફાંફળો થઈ જાય છે અને આપણી આ હાંફળી-ફાંફળી અદા પર એ ફીદા હોય એટલે એ અદા નિહાળવા એમણે લટાર મારવાનું ચાલુ રાખ્યું હોય! કદાચ એવું પણ હોય કે એની આલોચના કર્યા સિવાય આપણે કોઈ નક્કર પ્રતિકાર ન કરતા હોઈએ એટલે પણ `ધરતીમેડમ ફાટી હાલ્યાં' હોય! મીડિયા ચોવીસે કલાક ટાંપીને જ બેઠું હોય છે એટલે `ટુકડો' આપીને એનું પેટ ભરવા પણ આવી આફતો અપ-ડાઉન કરતી હોય કે પછી મીડિયામાં કવરેજ મેળવવાની ધરતીમાને પણ લાલચ થઈ આવતી હોય અને એ લાલચે જ ધરતી કૂદકા મારતી હોય! ફોન કંપનીઓની - ગુજારિશને કારણે પણ ધરતી ધણધણી ઊઠતી હોય! આપણો જાત-અનુભવ છે કે સહેજ હલ્યું નથી કે, `તમને ફીલ થયું?' એવું પૂછવા ઉપરાઉપરી ફોનના ઘંટારવ ચાલુ થઈ જાય છે. જોકે આવું પૂછે ત્યાં સુધી તો વાંધો નથી, પણ કેટલાક તો આપણે જાણે કાળમીંઢ પર્સનાલિટી ધરાવતા હોઈએ એમ પૂછે કે, `હેં તમનેય ફીલ થયું?!' ત્યારે બહુ લાગી આવે. અને કાળમીંઢ પથ્થર ઉઠાવીને એવું પૂછનારને માથે મારવાની ઇચ્છા થઈ આવે.

વાઇબ્રેશનનો શૉ પૂરો થયા પછી લોકો જે ગાંડી-ઘેલી વાતો કરે છે એ સાંભળવાની મજા લેવા પણ ધરતીકંપ આવતો હોય! 21મી સદીની શરૂઆતમાં ધરતીકંપ લૉંચ થયો. એના ઇનોગ્રેશનનો સમય સવારના નવ વાગ્યાનો હતો. એ ધરતીકંપની ચંદ મિનિટોનો લાઇવ-શૉ પૂરો થતાં સુધીમાં સોસાયટીના રહીશો નીચે આવી ગયા હતા અને બધા પોતાને થયેલા અનુભવની વાત કરવા ભારેથી અતિભારે ઉત્સાહી હતા. અ. સૌ. અમથીબહેન કહે, અરે હું તો સવારે ચાનો બુસ્ટર ડોઝ લેવા, મતલબ બીજી વારની ચા પીવા કડાવાળા હીંચકામાં બેઠી અને મને અચાનક ચક્કર આવવા માંડ્યા. મેં કીધું મને કોઈ દિ' સવાર સવારમાં ચક્કર આવે નહીં અને આજે આવું કાં થાય? અમથીને સાંભળીને એનો અમથો મનમાં બોલ્યો કે હાસ્તો, સવાર-સવારમાં તો ચક્કર-ઘનચક્કર કોઈ તને વતાવવાની હિંમત ન કરે એવા ધાંય-ધાંય સ્વરૂપમાં જ હોય તું! પછી મુરબ્બી મૂળચંદ બોલ્યો કે હું તો હજી સૂતો'તો અને મારું માથું અચાનક ગોળ-ગોળ ડોલવા લાગ્યું. મેં કીધું, ડોલા... રે ડોલા રે... એ ગીત નથી હું ગાઈ રહ્યો કે નથી સાંભળી રહ્યો તોય કેમ મને બધું ડોલતું લાગે? હું તો હાઈ પ્રોફાઈલ માણસ, એટલે મને લૉ બી. પી. તો થાય નહીં. તો મારું માથું કાં ભમે? પણ પછી તો ફ્લૅટમાં બધા ધરતીકંપ આયો... ની બૂમો પાડતા ઊતરતા જોયા ત્યારે ખબર પડી. હવે આપણે કદી જોયો નો'તો એટલે એકદમ તો કેમ ઓળખાય? આ મૂળચંદને ધરતીકંપ સાથેય ઓળખાણનો મોહ!! ટૂંકમાં કહેવાતા ડાહ્યા માણસોની આવી ગાંડી-ઘેલી વાતો સાંભળવાનો લહાવો લેવાય ધરતીકંપ આવતો હોય!!

બીજું કે, સામાન્ય રીતે માણસો ઊંચે ને ઊંચે ચડવાનો મોહ રાખે છે. પણ ધરતીકંપ થતાં જ નીચે ઊતરવાની હોડ લાગે છે. નીચે ઊતરવું એ કેમ જાણે ધરતીકંપની ચિકિત્સા – દવા ન હોય?! આમ માણસ ક્યારેક નીચે આવવાનું શીખે એ હેતુથી પણ ધરતીકંપ ધ્રૂજતી મુલાકાતે આવી જતો હોય! મરણ સામે દેખાતાં જ નાસ્તિક મૂળચંદને પણ ઈશ્વર સ્મરણ થઈ આવે છે. એટલે જે ભગવાનમાં ન માનતા હોય એને ભાન – કરાવવા પણ ભૂકંપ લટાર મારી જતો હોય! અભિમાની લોકો હવામાં ઊડતા હોય છે એમને વળી ધરતી કે ધરતીકંપ સાથે શું મતલબ હોય? છતાં તેઓ પણ ધરતીકંપ આગળ થથરી જાય છે. આવા `એર-ટુરિસ્ટો'ને હવામાંથી હેઠે લાવવા પણ ભૂકંપનાં વાઇબ્રેશન થતાં હોય! અને સાવ છેલ્લી વાત કહું તો મને તો આ કુદરતી આફતના લટકા અને ઝટકા `સંભવામિ યુગે યુગે'ના હપતા જેવા લાગે છે. કારણ કે એનાથી માણસને ભગવાન દેખાઈ જ જાય છે. તેથી સ્તો બધા ડાહીમાના દીકરા થઈ જાય છે અને ત્યારે બે ઘડી સતયુગી વાતાવરણ સર્જાય છે.

ફાટવું તો કપડાંનેય નથી ગમતું, તો ધરતીમાને તો શેનું ગમે? પરંતુ કડવી દવા પિવડાવવા પાછળ માનો ઇરાદો તો મીઠો જ હોય. વાત જાણે એમ છે કે, એક જમાનામાં મેળાને કારણે ભાઈ-ભાઈથી વિખૂટો પડી જતો, પરંતુ મહાન માણસો વિના પણ સંસારમાં કશું અટકી નથી પડતું, તો મેળા વગર શેનું જ અટકી પડે? એટલે મેળો ચાલ્યો ગયો તો મેળાનું કામ બે મશીનોએ ઉપાડી લીધું. આમાં ભાઈથી ભાઈને કે માણસથી માણસને વિખૂટા પાડવાની શરૂઆત ટી.વી.ના આગમને કરી, પછી મૈં હૂં ડોન... મૈં હૂં ડોન. કરતો મોબાઈલ ફોન આવ્યો! અને... એક જમાનાનો માયાળુ માનવી આ બે જડ મશીનોના સંગથી પોતાના જ સ્નેહસંબંધો પ્રત્યે જડ થતો ગયો, દૂર થતો ગયો. એટલે માણસનું માણસ સાથે પુનર્મિલન કરાવવા જ કુદરતે ભૂકંપનો આઇડિયા કર્યો અને એમાં એને અણધારી સફળતા મળી!!

સહેજ સોફો હલે એમાં તો શાંતિલાલ, કાંતિલાલ, સેવંતીલાલ, જયંતીલાલ, બાપાલાલ અને બુધાલાલ એમ બધા લાલમલાલો શેરબજારની લાલચોળ મંદીના ઇન્ડેક્ષની જેમ ધડ ધડ ધડ કરતાંકને સહકુટુંબ નીચે ઊતરી આવે છે અને સર્જાય છે સ્નેહસંમેલન! પછી તો `હલ્યું' અને `ફીલ થયું' વિષય ઉપર એવું અદ્ભુત ડિસ્કશન (ચર્ચા) ચાલે કે એની આગળ આઈ. આઈ.

એમ.ના વિધાર્થીઓનું ગ્રૂપ ડિસ્કશન પણ ડલ લાગે! અરે કોઈ મંદ સંવેદનશીલને ફીલ ન થયું હોય એ પણ આ ચર્ચાથી થ્રીલ ફીલ કરીને પોતાના અફસોસને નીલ કરી લે! આમ ધરતીકંપે એકવાર અચાનક બધાને ભેગા કર્યા અને વરસોથી વિખૂટા પડેલા દરેકને લાગ્યું કે માણસો તો ખરેખર મળવા જેવા છે!!! મારા નિરીક્ષણ મુજબ ધરતીકંપ યાનિ કિ વાઇબ્રેશન હેઠળ મળ્યા પછી માણસને ગેધરીંગ ગમવા લાગ્યું છે અને એટલેસ્તો એ સેલિબ્રેશન તરફ વળ્યો છે. સામાન્ય રીતે આપણે કંઈક અસામાન્ય એચિવ કર્યું હોય તો સેલિબ્રેશન રાખીએ. પણ હવે આપણે જોઈએ છીએ કે પત્ની `કોપભવન'માંથી સમયસર બહાર આવી ગઈ હોય તોય મૂળચંદ મિત્રો સાથે મળીને સેલિબ્રેટ કરે છે. અરે મૂળચંદની મૉર્ડન દીકરી સળંગ સત્તર દિવસ સાસરે ટકી જાય કે દીકરાને જંગી ડોનેશનથી ડિપ્લોમામાં એડમિશન મળી જાય તોય મૂળચંદ ડી.જે. પાર્ટી ગોઠવે છે, સૉરી, એરેન્જ કરે છે!

ટૂંકમાં પોતાનાં જ સંતાનો એકમેકથી અળગાં થતાં જતાં હતાં એ ધરતીમાંથી સહન થતું નહોતું એટલે અવારનવાર કંપવાની એક્ટિંગ કરવા લાગ્યાં. ભલે ભયથી તો ભયથી, પણ પોતાનાં સંતાનો ભેગાં થાય છે એ જોઈને ધરતીમા રાજી થાય છે અને ખરે જ `સંપ ત્યાં જંપ' કહેવતને વીસરી ગયેલા લોકોને `કંપ ત્યાં સંપ' હેઠળ ભેગા થયેલા જોઈને બીકનો માર્યો ભય પણ ભૂસેટીને ભાગી જાય છે. એ આફતનો પ્લસ પોઇન્ટ જ ને?! આફતમાં પણ મને પ્લસ પોઇન્ટ દેખાય છે એથી એવું ન સમજતા કે હું આફતની આશિક છું. એ તો જેનો Oppose (વિરોધ) ન કરી શકીએ એને પોઝિટિવ લેવું એ મારો ગુણધર્મ છે.

*

આફ્ટર-શૉક...

છમ્મવડું

ભૂકંપ એક પ્રકારનું છમ્મવડું જ ને?!

ધ્રૂજી ગયા ને? સ્વાભાવિક છે, ભૂકંપનો લેખ વાંચીને માંડ આંખ વાળીને બેઠા ત્યાં સાવ પાછળ-પાછળ મતલબ પછીના પાને જ આફ્ટર શૉક આવ્યો. એટલે આંચકો લાગે જ. પરંતુ મને એવું ભૂ-જ્ઞાન લાધ્યું કે આફ્ટર-શૉક વગર ભૂકંપ અધૂરો છે.

જોકે આફ્ટર શૉકનું પણ એક આગવું મહત્ત્વ છે જ. શરીરમાં જેમ એક મોટું ઑપરેશન થયા પછી એની દર્દનાક દવાઓ જ અનેક ઉપદ્રવો ઊભા કરવાની જવાબદારી ઉપાડી લે છે એમ મોટો ધરતીકંપ આવ્યા પછી એ ધરતીકંપના રિપેરિંગના નામે એટલે કે પૃથ્વીને સમથળ કરવાનાં બહાને અવારનવાર આફ્ટર-શૉક રૂપે નાના-નાના ધરતીકંપ થતા જ રહે છે અને છૂટાછવાયા ઉપદ્રવો કરતા રહે છે. આમ ધરતીકંપમાં થવાકાર બાકી રહી ગયેલું નુકસાન આફ્ટર-શૉક ભરપાઈ કરી આપે છે.

ભૂકંપમાં જીવતા બચી ગયેલા શખ્સ ભૂકંપપ્રૂફ શખ્સ તરીકે ઓળખાય છે અને આફ્ટર શૉકથી માણસમાં ક્રમે-ક્રમે નાના-મોટા આંચકાને સહન કરવાની ક્ષમતા – રેઝિસ્ટન્સ આવે છે. એટલે આફ્ટરશૉક પણ આવકાર્ય છે. બાય ધ વે આ આફ્ટર-શૉકમાં હું વાત તો ભૂકંપની જ કરવાની છું, કારણ કે પરપોટો પાણીથી જુદો હોઈ ન શકે. એમ આફ્ટર-શૉક એટલે ભૂકંપનું છોટું રિચાર્જ! ભૂકંપના લેખમાં આપણે ભૂકંપ થવાનાં અસામાન્ય-સામાન્ય કારણો જોયાં. જ્યારે આ આફ્ટર-શૉકમાં ભૂકંપનાં રંગબેરંગી રિએક્શન જોઈશું.

એક તો ભૂકંપ વિષય ભારે અને એમાં એના વિશે એક મોટો લાંબો લેખ લખું તો મારા નાજુક વાચકો વાંચતા-વાંચતા, લાંબા થઈ જાય – ભારે થઈ જાય! એટલે મેં `ડિવાઈડ એન્ડ રુલ' (ભાગલા પાડો અને રાજ કરો)ના ધોરણે વાચકો પર રાજ કરવા ભૂકંપના બે ભાગ કર્યા. (વાહ રે, ભૂકંપનાય ભાગલા કરી નાખ્યા. તમે તો ભારે માથા ભારે છો, એવું કોણ બોલ્યું?) તો આવો આફ્ટર-શૉકમાં જાણીએ ભૂકંપની ફટીચર વાતો.

ભૂકંપ એ કુદરતી પ્રક્રિયા છે અને ક્રિયાની પ્રતિક્રિયા થવી સહજ છે. અત્રે પેશ છે એ પ્રતિક્રિયાનું પ્રદર્શન! દેખાવે સજ્જન જેવા દેખાતા એક શખ્સે બ્લોગ ફટકારતા કીધું કે ભૂકંપ એટલે કુદરતે કરેલી હળી!!... આલે... લ્લે... માણસ પોતે ધરતીમાના ખોળે હળાહળ વાહનો ચલાવીને જુલમ કરતો રહ્યો અને ધરતીમા એક સંસ્કારી વહુની જેમ સહન કરતી રહી એ ન દેખાયું અને બોજ અસહ્ય બનતાં માએ થોડી હલચલ કરી તો કહે છે કે હળી કરી. જોકે મને તો એટલું જ સમજાયું કે મા થોડું પડખું ફરી એમાં બાળકો કેવાં ઘાંઘાં થઈ ગયા?!

કાળા નાણાના માલિક એવા ગોરા મૌલિક ભાઈનું કહેવું એવું થયું કે કુદરત આમ અચાનક રેડ પાડે એ બરાબર ન કહેવાય. અગાઉથી સહેજ ઇશારો કરીને આવે તો શું છે કે આપણે થોડું આઘુંપાછું કરીને સલામત થઈ શકીએ. આમાં કાળાબજારીયાને ખબર નથી કે માણસની જેમ કુદરતની પણ કેટલીક ખૂબીઓ છે. એમાંની એક ખૂબી છે સરપ્રાઈઝ આપવાની! જોકે કુદરતી આફતનું પેપર પણ ફૂટી જતું હોય છે, પણ એની જાણ માત્ર પારદર્શક સ્વભાવ ધરાવતાં પશુ-પંખીને જ થાય છે અને એટલે જ આસમાની આફત આવે એની થોડી મિનિટો પહેલાં જ તેઓ પોતાના દર-ઘરમાંથી ભાગમભાગ કરતાંક ને નીકળી જાય છે. જે એમની સંવેદનશીલતા સૂચવે છે. જ્યારે બુઠ્ઠી સંવેદનશીલતાને કારણે માણસને `પ્રસંગ' પતી ગયા પછી ભાન થાય છે. માણસ અને પ્રાણી વચ્ચે એટલો જ ફરક. આઈ મીન એટલો ફરક તો ખરો જ. જોકે આફત સમયે બંનેનું એક કોમન રિએક્શન હોય છે, એ છે ભય. હા,

ભૂકંપથી ભલભલા ધ્રૂજી જાય છે. જોકે આ બાબતે, `ઑબ્જેક્શન મિ. લોર્ડ' કહીને મૂળચંદ કહે છે કે પરણ્યાને પાંચ વરસ થઈ ગયાં હોય એમને ભૂકંપ કે ભૂપ્રલય (સુનામી) ભૂ બરાબર લાગે છે. જેમને આફત સાથે રોજની ઊઠબેસ હોય એને આફતનો ભય કેવો?! અહીં અ. સૌ. મૂળચંદની કોમેન્ટ ગ્રાન્ટેડ કરવામાં આવે છે!

કુદરતી આફત તો અતિથિ કહેવાય. આફત અને અતિથિ અચાનક આવે એ આપણા જ હિતમાં છે. મહેમાને જો મહિના અગાઉ એમના આવવાની જાણ કરી રાખી હોય તો આખ્ખો મહિનો આપણને ગોઝારો મૂંઝારો રહ્યા કરે. પણ અચાનક આવે તો કલાકમાં એને `પતાવીને' નવરા થઈ જવાય. આફત આગોતરી જાણ કરે કે આવતા સપ્ટેમ્બર સુદ સોડસે સવારે સાત ને સત્તાવીશ સેકંડે આવીશ...! તો વિચારો, કોઈ ચોકીદારે `જાગતા રહેજો... ઓ...' એવો ભેંકડો તાણવાની જરૂર રહે ખરી?! અરે, ચોકીદાર સિવાય બધાય આખું વરસ જાગતા રહે, વાત શું કરો છો? અને બીજું કે ભૂકંપ કરતાં વધુ જાનહાનિ તો ભૂકંપના ભયથી થઈ જાય. એટલે જ કહું છું મિત્રો... ઓ... ઓ... અર્થક્વેક અને અતિથિક્વેક ઓચિંતા જ સારા!!

અચાનકમાં જે મજા છે એ આગોતરા આયોજનમાં નથી, બૉસ! મારો જ અનુભવ કહું. હું મહિનાઓ અગાઉથી આયોજન કરું કે આ વૅકેશનમાં મોદીનગર, સૉરી, વડનગર જવું જ છે તો વૅકેશનમાં જ એરછકડાવાળા હડતાળ પર ઊતરી જાય. પણ એરબેગ ભરીને અચાનક જ નીકળી પડું તો `બે હાથ ઊંચા કરો અને પ્લેનની પાંખે લટકી જાવ'નું બોર્ડ મારેલું પ્લેન સામેથી સામું મળે! અને વહેલી પહોંચું વડનગર! એક વાત છે કે આસમાની આફતના અચાનકિયા સ્વભાવને કારણે કોઈ આગાહીખોર (જ્યોતિષ) એમાં રોકાણ નથી કરી શકતો.

દોડાદોડી કરીને જ મોટા થયેલા દોડવીરો ભૂકંપની સ્પીડ પર મોહીને બોલી ઊઠ્યા કે શું ઢાંસુ સ્પીડ છે ભૂકંપની! ચટ્ટ કંપ પટ્ટ ઠપ્પ!! ખરે જ એમનો મોહ વાજબી છે. ભૂકંપની સ્પીડ આગળ ઇન્ટસ્ટન્ટ શબ્દ પણ ધીમો લાગે જાણે! ટૂંકમાં કુદરતના કામમાં કબજિયાત ની મલે! કબજિયાત એ સાંપ્રત મહારોગ છે. રોગની જ વાત નીકળી છે તો બીજી બાતમી પણ આપી દઉં. આ સાવ સાચી-સત્ય ઘટના છે. (હવે તો સત્યઘટના પણ અનેક પ્રકારની બને છે. એટલે સાવ સાચી સત્ય ઘટના એવું કહેવું પડે છે.) પાડાની પોળમાં રહેતા પથિકભાઈ પક્ષાઘાતથી પથારીવશ હતા. 2001માં ભારે ભૂંકપ આવ્યો ત્યારે સૌથી પહેલા પથિકભાઈ દોડીને દાદરા ઊતરી ગયેલા. હવે જો ખરેખર શારીરિક પક્ષાઘાત હોય તો ધરતીકંપનો બાપ આવે તોય માણસ ઊભો ન થઈ શકે. આથી સાબિત થયેલું કે એ મુરબ્બીને માનસિક પક્ષાઘાત હતો. આમ ભૂકંપ, રોગનું નિદાન કરવામાં પણ સહાયક બને છે. એમ પણ કહી શકાય કે આવા મનોપંગુ રોગમાં ભૂકંપ દવા તરીકેનું કામ કરે છે! પણ ભૂકંપ કરવો – કરાવવો એ આપણા હાથમાં નથી. હા, આવા મનો-દૌર્બલ્યજન્ય રોગોમાં ઉપચાર તરીકે આપણે રોગી પાછળ ડાઘિયા કૂતરા દોડાવી શકીએ. એ કદાચ સો એ સો ટકા ભૂકંપ જેવું રિઝલ્ટ આપે!

ધરમની ગાયના દાંત જોવાવાળા જોગીઓએ પ્રતિક્રિયા આપતાં કહ્યું કે ભૂકંપ રાતના બદલે દિવસે આવતો હોય તો સારું. શું છે કે આપણી રાતની ઊંઘ ન બગાડે અને દિવસે ટાઇમ પાસ થઈ જાય. ટાઇમપાસની ગંભીર બીમારીથી પીડાતા મણિ-મૂળચંદોને આવી આફતો ખરેખર બાયપાસ કરી આપે છે, બે ઘડી એમની તબિયત બની જાય છે! શોપિંગની શોખીન માયાને ભૂકંપના એપી સેન્ટરમાં શોપિંગ સેન્ટરનો ભાસ થયો. એટલે માયાએ મમતાને કીધું પણ ખરું કે, અલી મમતા તું એપી સેન્ટરમાં ખરીદી કરવા જાય તો મને બૂમ મારજે!

સનફ્લાવર ફ્લૅટમાં બધાને આંચકાની અસર થઈ, પણ ખોડીદાસભાઈને સહેજ પણ ફીલ ન થયું. એમાં એને પોતાના ચેતાતંત્રની ખામીને બદલે ધરતીકંપના કંપનમાં ખામી જણાઈ. એમણે કહ્યું કે, રીક્ટર સ્કેલ જોઈએ એટલી માત્રામાં નહોતો, નહીં તો મને ફીલ થયા વગર રહે

નહીં!! એક ગણપત ગણાત્રા છે જે ભૂકંપની નેક્સ્ટ વિઝિટ પર વિશ્વાસ રાખીને બેઠા છે. એમને ટાવરમાં મકાન લેવું છે અને સસ્તામાં લેવું છે. એટલે તેઓ એક ભારે ભૂકંપની રાહ જોઈ રહ્યા છે. કારણ એ છે કે ભૂકંપમાં માત્ર ટાવર અને ટાવરના માણસો જ નીચે નથી આવતા, ટાવરનાં ભાવ પણ નીચે આવી જાય છે. આમ ગણપત ગણાત્રાનો ગણત્રીબાજ સ્વભાવ ક્લિક થઈ ગયો. જેમ ભેજ આવતાં દીવાલોનાં પોપડાં ઊખડી આવે એમ ભૂકંપની વાતોથી માણસોના પેટાળમાં પડી રહેલા અસલ સ્વભાવો બહાર આવી ગયા.

હવે આફ્ટર શૉકના અંત તરફ લઈ જઉં. અન્ય કંપ-થ્રીલની જેમ ભૂકંપ પણ મીડિયા માત્રને રોટલા રળી આપે છે. મારા શંકાશીલ સ્વભાવનું માનવું એવું છે કે ભૂકંપને આકર્ષવામાં મીડિયાનો જ હાથ છે. ભૂકંપથીયે મોટું કવરેજ આપે પછી ભૂકંપ કૂદે જ ને?! મીડિયા તો ગઝલના અંદાજમાં જાણે કુદરતને કહેતું ન હોય કે `અમે ભૂકંપની વાતો કરીશું, તમે કરજો ભૂકંપ!' એવું લાગે, મીડિયાના નસીબની ઈર્ષ્યા આવે છતાં આપણે મજાકમાં પણ એવું શું કામ કહેવું પડે કે, હે ધરતીમા, મીડિયાને ફળ્યાં એવા મૂળચંદને ફળજો!

*

લ્લે...ચાવી કૂંડામાં નથી?

છમ્મવડું

`આપણે પડોશીને ચાવી આપીએ છીએ છતાં તેઓ કેમ આપણા ઘરમાંથી કંઈ ચોરી લેતા નથી?'

`એમની ચાવી આપણા હાથમાં હોય છે એટલે!'

નાનકડી સાચુકલી સત્યઘટના સાથે લેખની શરૂઆત કરું. મારા કઝીન ભાઈ-ભાભી રાજકોટ રહે છે. અત્યારની મોંઘીદાટ મોંઘવારીમાં પણ બંનેને બેય ટાઇમ જમવા જોઈએ છે. એટલે બંને સર્વિસ કરે છે. એમના દીકરા-દીકરી કૉલેજ કરે છે. (હું તો અમદાવાદ રહું છું એટલે મને તો કૉલેજ કરે છે એટલી જ ખબર છે. કૉલેજમાં એ ભણે છે કે નહીં એ તો ભણનાર અને ભણાવનારને ખબર!) હવે એ ચારમાંથી કોણ ગુલ્લી મારીને વહેલું ઘેર આવી જાય એ નક્કી ન હોય, તેથી ઘરમાંથી જે છેલ્લું નીકળે એ ઘરને તાળું મારીને ચાવી કમ્પાઉન્ડમાં રાખેલા કૂંડામાં વાવી દે, સૉરી, ખોસી દે! જોકે કૂંડામાં રાખવા છતાં ચાવી ક્યારેય ઊગીને એકની બે નહોતી થઈ! કૂંડાના ખાતરમાં કે પછી ચાવીનાં ડી. એન. એ.માં ખામી એ તો તાળાને ખબર! કારણ કે ચાવી આખરે તો તાળાની જ ને?!

એક વાર એવું થયું કે એમની દીકરી અમિષા (નામ પણ નથી બદલ્યું, દીકરી પણ નથી બદલી) વહેલી અને પહેલી ઘરે આવી. એણે ચાવી લેવા રાબેતા મુજબ કૂંડામાં હાથ નાખ્યો પણ ચાવી રાબેતા મુજબ હાથમાં આવી નહીં – મળી નહીં. એણે વિચાર્યું કે કદાચ પડોશીને આપી હશે. એટલે એણે પહેલાં તો સગ્ગા પડોશીને મતલબ સાખ પડોશીને પૂછ્યું કે મારી મમ્મી ચાવી આપી ગઈ છે? તો પડોશી કહે, `ના રે... પણ કેમ ચાવી કૂંડામાં નથી?' પછી અમિષા સાખના સાખ પડોશીને પૂછવા ગઈ તો એમણે પણ સામું પૂછ્યું કે કેમ ચાવી કૂંડામાં નથી... ઈ... ઈ! પછી ત્રીજા, ચોથા ઘરે પૂછપરછ કરી તો સબ દર્દો કી એક દવાની જેમ એક જ જવાબ પ્રશ્નરૂપે મળ્યો કે કૂંડામાં નથી? બિચ્ચારી અમિષાનું મોં કૂંડાથીય ભૂંડું થઈ ગયું, કારણ કે સોસાયટીના ભાડુઆતોને પણ ખબર હતી કે આ લોકો ચાવી કૂંડામાં રાખે છે. ફક્ત આ લોકોને જ નહોતી ખબર કે પડોશીઓને ખબર છે. એટલે કે પડોશીઓ એમની `ચાવીની ચાવી' જાણે છે. બસ, આ ઘટના કે દુર્ઘટના જ આ લેખનું કથાબીજ છે. તો હંમેશ તાળાને ખોલતી ચાવીની આજે પોલ ખોલવી છે.

લોકો ઘરને જો રેઢું મૂકે તો ગામ આખાને ખ્યાલ આવી જાય કે ફલાણાના ઘરમાં ગાભા જેવા પાર્ટીવેર, એલ્યુમિનિયમનાં ઠોચરાં અને પ્લાસ્ટિકનાં ઘરેણાં સિવાય કશું છે નહીં. એટલે જ પોતાની પાસે કીમતી ચીજ-વસ્તુઓ છે એવો ભ્રમ ઊભો કરવા જ માણસ ઘરને તાળું મારે છે અને ચાવી પ્રાયઃ પડોશીને આપે છે. આપણે અમદાવાદ રહેતા હોઈએ અને સગા સુરેન્દ્રનગર રહેતા હોય તો કંઈ રોજરોજ ચાવી આપવા સુરેન્દ્રનગર તો ન જ જવાય ને? એટલે પડોશીને જ આપવી પડે. આમેય પડોશીનો ઉપયોગ મોટા ભાગે મેળવણ અને ચાવી આપવા-લેવા માટે જ થાય છે. જોકે છતાં કેટલાક મણિ-મૂળચંદ પોતાની ચાવી પડોશીને આપવાને બદલે કૂંડામાં કે પોતાના ઘરના બારણાની બહાર બનાવેલા ગણપતિના ગોખલામાં રાખે છે. વળી એના કારણમાં તેઓશ્રી જણાવે છે કે અમારા બધા સગા દગાખોર નીવડ્યા છે અને કહેવતમાં કીધું છે કે પહેલો સગો પડોશી. એટલે અમને પડોશીમાં સગો – દગો દેખાતો હોવાથી પડોશીને ચાવી આપતાં ગભરાઈએ છીએ. એમની ગભરામણ માટે મને તો માન થઈ ગયું. જ્યારે મૂળચંદ નંબર-બેનું માનવું એવું છે કે પડોશીને પહેલો સગો કીધો છે તે કામનો શો?! એટલે એ તો આમ દાઝમાં પડોશીને ચાવી આપે છે!

તાળું મારવું જેટલું સહેલું છે એટલી જ ચાવી સાચવવી અઘરી છે. તમે તમારા સ્વભાવ મુજબ બોદું સૂચન કરશો જ કે એમાં અઘરું શું? ઘરના જેટલા સભ્યો હોય એટલી સંખ્યામાં ચાવી બનાવડાવીને બધાએ એક-એક ચાવી પોતાની પાસે રાખવાની... સિમ્પલ! પણ હે મારા વહાલા વાચક મિત્રો, આ વિકલ્પ લાગે છે એટલો સહેલો નથી. એમાં શું થાય કે ક્યારેક એકાદ સભ્ય ચાવી રાખેલું પર્સ કે પેન્ટ ઘેર જ ભૂલી જાય અને એ જ દિવસે એ ચાર કલાક વહેલા ઘેર આવી જાય. તો શું કરવાનું? તાળાને અઢેલીને આરામ કરવાનો? બીજું કે ક્યારેક એકાદ સભ્ય તાળું ખોલે અને ચાવી તાળામાં જ ભેરવેલી રખાઈ જાય. બીજે દિવસે એ સહુથી વહેલો ઘેરથી નીકળી જાય. છેલ્લે નીકળનાર એ તાળામાં ભેરવેલી ચાવી લઈને હેંડતો થાય. એની તો એના ખિસ્સામાં હોય જ. પહેલો ચાવીલેસ પાછો વહેલો આવીને હેલ્પલેસ થઈ જાય. અન્ય સભ્યો ચાર કલાકે આવે અને આ ભૂલક્કડનો દાવ થઈ જાય! આમ બધાની ચાવી બનાવડાવો તોપણ પડોશીને આપવા માટે તો એક બનાવવી જ પડે! ટ્રેનમાં હંમેશ બબ્બે ટિકિટ લઈને મુસાફરી કરતા એક બુદ્ધિશાળી બળદને કોઈકે પૂછ્યું કે તમે કાયમ કેમ બે ટિકિટ લો છો? તો કહે એક ટિકિટ ખોવાઈ જાય તો બીજી બતાવી શકાય ને? પ્રશ્નકર્તાએ પૂછ્યું કે ધારો કે બંને ટિકિટ ખોવાઈ જાય તો? બુદ્ધિશાળી બળદ તુરત જ બોલ્યો, એમ તો મારી પાસે પાસ તો છે જ!! એટલે આપણે `બુ.બ.' હોઈએ કે ન હોઈએ બધા પાસે એક એક ચાવી રાખીને એક પડોશીને અવશ્ય આપવી. આપણી ચાવી પડોશીના હાથમાં ભલેને રહી!! એક વાત છે કે પડોશી હાથવગા હોવાથી એમની સાથે ઝઘડવાની મજા આવે અને સહેલું પણ પડે. પણ આપણી ચાવી (બાયોડેટાના જાણભેદુ) એમના હાથમાં સોંપવાની હોવાથી એમની જોડે વેવાઈ જેવું સારું રાખવું જ પડે. આમેય ચાવી એક પ્રકારની દીકરી જેવી જ ગણાય. દીકરીને પરણાવો નહીં ત્યાં સુધી ઘરમાં રાખવાની ને પછી સાસરે વળાવવાની હોય છે. એમ છુટ્ટી ચાવી તાળા-મિલાપ પછી પડોશીને આપવાની હોય છે.

ચાવી માણસ જેવી પણ ખરી. માણસમાં નામ એવા ગુણ ન હોય એમ ચાવીને પણ ચાવી શકાતી નથી! ધનસુખલાલને ધનનું જ સુખ ન હોય, બાકી બધાં સુખ હોય. બધાં સુખ મતલબ સમાજમાં એની શાખ હોય, સંબંધો સારા હોય, સ્વાસ્થ્ય સારું હોય, સંતાનસુખ હોય પણ ફક્ત નામ જ ફળવાને બદલે નડતું હોય! એ જ રીતે ચાવીનો ઉપયોગ કોઈને છુટ્ટી મારવામાં, ઝૂડામાં ભેરવવામાં, સંતાડવામાં, તાળું ખોલવામાં, તાળું બંધ કરવામાં, પડોશીને આપવામાં એમ અનેક ઉપયોગ થાય છે પણ ચાવી નામ હોવા છતાં ચાવી શકાતી નથી.

જેમ આટઆટલી ચિકિત્સા પદ્ધતિઓ વચ્ચે પણ બીમારી (રોગ) બિચ્ચારી થઈને અટવાયા કરે છે એમ ચાવી સાચવવાના વિકલ્પો વચ્ચે પણ `અમિષા'ની ચાવી અટવાતી રહે છે. ત્યારે થાય કે કાશ! ચાવીને ચાવી શકાતી હોત!

ચાવીનો એક સ્વભાવ ખોવાઈ જવાનો પણ છે. કેટલીક વાર તો ચાવી શોધવા આપણે જ પાકીટ, ખિસ્સાં, કબાટ, ખાનાં... ફંફોસવાં પડે છે તો ચોર લોકોને કેટલી તકલીફ પડતી હશે? છતાં એમણે ક્યારેય તકલીફની ફરિયાદ કોઈ તકલીફ-તંત્રીને કરી નથી - નોંધાવી નથી. એ ચોરના સ્વભાવની ઉદારતા નહીં તો બીજું શું?! જ્યારે આપણે તો ચાવી શોધવામાં તકલીફ કે દોડધામ થઈ હોય તો એની વાતો વીસ-પચીસ લોકોને કરીએ છીએ હં... અં...

ચાવીના બે પ્રકાર છે. એક રેગ્યુલર અને બીજી માસ્ટર-કી. માસ્ટર-કી બધાની પોલ જાણતી હોય. અમુક માણસો માસ્ટર-કી જેવા હોય છે, જે બધાના વીક પોઇન્ટ – છીંડા શોધી શોધીને ભેગા કરતા રહે છે અને કટાણે એનો ઉપયોગ કરી નાખે છે. એટલે આપણો વીક પોઇન્ટ ખાનગી માણસથી પણ ખાનગી રાખવો. કોઈને જ ન કહેવો. ચાવી અને નબળાઈ છુપાવ્યા જ સારાં. રેગ્યુલર ચાવીની વિશેષતા એ છે કે એક તાળાંની ચાવી બીજાને લાગુ પડતી

નથી. ચાહે તાળાં દેખાવમાં સરખાં હોય તોપણ! અને આ તાળાં–ચાવીઓનો એવો આગ્રહ પણ નથી હોતો. જ્યારે આપણે? એવું ઇચ્છીએ છીએ કે બધા માણસો આપણા વિચારો પ્રમાણે કે આપણી ઇચ્છા મુજબના જ હોય. હા... હા... હા... હા....!

તાળાને યાદ કર્યું છે તો ચાવી જોડે બે વાત એની પણ કરી લઈએ. તાળા અને ચાવીનો સંબંધ અભિન્ન છે પણ તેઓ આજીવન જુદા સ્થળે રહીને નોકરી કરતા કપલની જેમ પ્રાયઃ ભિન્ન જ રહે છે. તાળાનો મોટા ભાગે `મારવામાં' જ ઉપયોગ થાય છે. આપણે સહજતાથી બોલીએ છીએ – તાળું માર્યું. તાળું આજીવન ચાવી પર જ આધારિત રહે છે. ચાવી એને ખોલે તો ખૂલે, બંધ કરે તો બંધ થાય. બાકી બિચ્ચારું થઈને એક જગ્યાએ સૂનમૂન પડી રહે. આમ જડ તાળા-ચાવીમાંય ચલણ તો ચાવીનું જ, સમજ્યા મૂળચંદ?! ચાવી આડી-અવળી થાય, ખોટકાઈ જાય કે ખોવાઈ જાય તો તાળાને તૂટી જવાનો વારો આવે. એટલે જ કહું છું ચાવીને સાચવી લેવી બાપલિયા!! કાશ, ચાવીને કચડ કચડ ચાવી જવાતી હોત... એવી ઇચ્છા પણ કચકચાવીને મનમાં જ કરવી, કારણ કે રૂઢિપ્રયોગમાં પણ `લોઢાના ચણા ચાવવા'નો ઉલ્લેખ છે, `લોઢાની ચાવી'નો નહીં.

હું વહુના રોલમાં હતી ત્યારે કોઈ સાસુ નવી વહુને જૂની ચાવીનો ઝૂડો હાથોહાથ સોંપતી હોય.. એ મને સહુથી સુગંધિત દૃશ્ય લાગતું. આવી મોંઘવારીમાં મારે બબ્બે વહુ છે પણ અફસોસ કે એવું સુંદર દૃશ્ય હું મારા પર ફિલ્માવી નથી શકતી, કારણ ફક્ત એટલું જ કે મારા એકેય કબાટને તાળું જ નથી મારેલું! માલ હોય તો મારું ને? છેલ્લે એક હૃદયદ્રાવક વાત કહું તો મને તો કી-ચેન સ્ટૅન્ડમાં લટકતી ચાવી, જાણે પોતાની થતી હેરાફેરીથી કંટાળીને `લટકી' ગઈ હોય એવી લાગે છે. શું કહેવું?

ચાવીનાં ફક્ત ત્રણ જ કામ છે: તાળું બંધ કરવું, ખોલવું અને ત્રીજું ખુદ ખોવાઈ જવું. આ ત્રીજું કામ શીખવા જેવું છે. ચાવીની જેમ માણસે પણ અવારનવાર પોતે પોતાનામાં ખોવાઈ જવા જેવું છે!!

*

ડિનર આલજો, બા...!

છમ્મવડું

`વધ્યુંઘટ્યું આલજો... બા!'

`અલા, ઘટ્યું હોય તો કેમનું આલીયે!'

અમારા વાળુભાઈ રાત્રે વાળુ માંગવા આવે ત્યારે `વાળુ આલજો બા...આ...આ...' બોલે છે. અને એમનો દીકરો વાળુ માગવા આવે તો ડિનર આલજો બા... કહીને વાળુ માગે છે. કારણ કે દીકરો ઇંગ્લિશ મીડિયમમાં ભણે છે, સૉરી, સ્ટડી કરે છે! બા... આ... કહીને બૂમ પાડે છે એટલે એને વાળુ આપવા હું ન જાઉં, મારી પુત્રવધૂને જ મોકલું. કારણ કે એ તો બા જેવી લાગવાની જ ન હોય ને?

અમારી સોસાયટીના સ્વીપરનું કામ `વન મૅન શૉ' જેવું છે. સવારે એ કચરો લેવા આવે અને સાંજે વાળુ લેવા આવે. એનું આ ટુ-ઇન-વન કર્મ, `વાળતું તે વેરાઇટી વાળુ પામતું'નો સ્વચ્છ અને સંપૂર્ણ આહારનો સંદેશ આપી જાય છે. આપણે ભલે નાનપણથી `સંપૂર્ણ આહાર'ના ચાર્ટ વાંચતા ગોખતા આવ્યા, પણ ખરો સંપૂર્ણ આહાર તો આ વાળુભાઈ અૅન્ડ ફેમિલી જ આરોગે છે. યસ્સ, એમનાં વાળુના થાળમાં સ્થિત સામગ્રી સામે ક્યારેક ધ્યાનથી જોશો તો એમાં તમને જોવા મળશે – મિક્સ વેજિટેબલ (રિંગણ, બટાકા, ટમેટાં, કારેલાં, કાકડી, કોળાનું શાક), મિક્સ રાઈસ (જીરા રાઈસ, રાઈ રાઈસ, હિંગ રાઈસ, લવિંગ રાઈસ, યલો રાઈસ, વ્હાઈટ રાઈસ, ઑફ વ્હાઈટ રાઈસ, ગ્રીન રાઈસ, ડ્રાય રાઈસ = સૂકો ભાત), મિક્સ દાળ (તુવર, ચણા, મગ, અડદની દાળ), મિક્સ રોટી (થેપલા, પૂરી, પરોઠા, ભાખરી), મિક્સ ફરસાણ (બે ભજિયાં, બે મૂઠિયાં, બે ઢોકળાં વગેરે) અને મિક્સ મીઠાઈ તો ભલે ક્યારેક જ મળે પણ સોલિડ મળે. મતલબ તૂટે નહીં એવી! વિવિધ વાનગીથી સમૃદ્ધ થાળ ખરે જ ગોરધન થાળ જેવો સમદ્ધ લાગે! આપણે આટલી વાઇડ ચોઈસ જોઈતી હોય તો ગાંઠના પૈસા ખર્ચીને કોઈ ગુજરાતી રેસ્ટોરન્ટમાં જવું પડે.

આમ આ લોકો રોજ સંપૂર્ણ આહાર ખાય છે અને આપણી હાલત `દેખતે રહીયો' જેવી થાય છે. પહેલી નજરે ઈર્ષ્યા થાય કે આ લોકોને રોજજે અને રેડીમેડ તથા રેટફ્રી મતલબ મફતમાં મબલખ `પાક' મળે છે. પણ બીજી નજરે જોઈ તો ખ્યાલ આવે કે આ ઈર્ષ્યાપાત્ર નહીં, દયાપાત્ર બાબત છે, કારણ કે આપણને બધું તાજું અને ગરમાગરમ ખાવા મળે છે જ્યારે વાળુભાઈને ભલે વિવિધ અને વધારે પણ અગરમ મળે છે. થર્ડ પર્સન એટલે કે આ ત્રીજા માણસને ગરમ આપવાની આપણે ટેવ જ નથી પાડી ને? શું છે કે ટેવ પાડીએ તો માણસ બગડી જાય અને ખાવાનું બગડે એ પોસાય પણ માણસ બગડે એ માણસને જ ન પોસાય. ટૂંકમાં દૂરથી તો સ્વીપર પણ સુખી લાગે છે!

આ વાળુજી સવારે કચરો આપજો... ઓ... અને રાત્રે વાળુ આપજો... ઓ... એવી બૂમ પાડીને આપણને `જે-તે' આપવા માટે ઉશ્કેરતા હોય છે. હવે આપણા વાસી વહેવારને કારણે હોય કે જોગાનુજોગ એકવાર માર્મિક ઘટના ઘટી. એ ભાઈ રાત્રે વાળુ લેવા આવ્યા ત્યારે એમનાથી `કચરો આપજો... ઓ...' એવું બોલાઈ ગયું. એ ભણેલા નહોતા છતાંય ભૂલ કરી બેઠા. જોકે ભૂલ સમજાતાં એ તો નિર્દોષતાથી ખૂલીને હસી પડ્યા. પણ મારી હાલત તો બદહાલત કરતાં પણ ખરાબ થઈ ગઈ. કારણ કે એમના માંગ્યા મુજબ મેં આપેલ `વાળુ'નો કચરો થઈ ગયો'તો!

બીજી એક `ચોંક ગયે?!' તુલ્ય સત્ય ઘટનાની વાત કરું. એક સોસાયટીમાં વાણીબહેન રહે. તેઓ માહિતી મેળવવાના અને મેળવીને વા-વેગે પ્રસારિત કરવાનાં પણ શોખીન. વળી

સ્વભાવ વા સાથે પણ વાતો કરવાનો. એમને ત્યાં રોજ્જે રાત્રે એક છોકરી વાળુ માંગવા આવે. હવે જે વા સાથે વાતો કરે એ વાળુ-ગર્લ સાથે તો વાર્તા જ કરે ને? એટલે વાળું-ગર્લ પણ વાણીબહેનને સગી બહેનપણી જેવી માનવા લાગેલી. એ સગી વાણીબહેન વાત ન સંઘરે એમ વાળુ પણ ન સંઘરે. મતલબ રાત્રે વધેલું ખાવાનું રાત્રે તાજેતાજું જ આપી દે. અને એમને રોજ્જે ખાવાનું વધે પણ ખરું. મતલબ વધારે બનાવે નહીં, પણ એમના હાથનું બનાવેલું કોઈ વધારે ખાઈ શકે જ નહીં એટલે વધે!! આમ વાળું-ગર્લને મોટા ભાગે નિરાશ થવાનો વારો ન આવે. એકવાર એવું થયું કે ઘરનાં બધા સભ્યો પ્રસંગોપાત્ત બહાર જમવાના હતા એટલે પોતે જાણે `અસભ્ય' હોય એમ પોતાના એકલા માટે રસોઈ બનાવી નહોતી. એટલે એ રાત્રે વાણીબહેને કીધું કે, `અલી, આજે તો મેં કંઈ બનાયું નહીં તો તને શું આલું?' આ સાંભળીને વાળું-ગર્લ `મંગુ'ને તો જાણે વાણીબહેનનું ઋણ ચૂકવવાની ઊજળી તક મળી હોય એમ બોલી કે, `બેન, પેણે બંગલામાં લગન હતાં તે મારે ઘણાં પૂરી-શાક આયાં છે, આલું તમને?!' અને વાણીબહેન જેવા વાણીબહેન વીસ મિનિટ સુધી અવાક્ થઈ ગયા!!

સામાન્ય રીતે લેને કે દેને પડ જાયે તો માણસ દુઃખી થઈ જાય. પણ વાણીબહેનને તો દેને કે લેને પડ ગયે... તોય દુઃખી થઈ ગયાં. ડ્રોઇંગરૂમમાં બેઠેલી વાણીબહેનની શાણી દીકરીએ આ સંવાદ પોતાના ખુલ્લા કાનથી સાંભળેલો. એટલે મમ્મી અંદર આવી કે તુરત જ એણે ટોણો માર્યો કે, `કર, હજી બધા સાથે વાતો કર. હવે જોજે કાલથી એ ક્યાંક વાળુ આલવાનું છે... એ... ને બદલે વાળુ લેવાનું છે... એ...?! એવી બૂમ ન મારે' વાણીબહેન શું બોલે? આ ખરેખર સાચી બનેલી બીના છે.

છેલ્લે એક વાત. આ વાળુલોગ પણ આપણી એક સમસ્યાનું નિવારણ કરવામાં સહભાગી બનતા હોય છે. ગૃહિણીઓને રસોઈ બનાવવાનો કંટાળો નથી આવતો પણ રોજ્જે શું રસોઈ બનાવવી, એ નક્કી કરવાનો કંટાળો આવતો હોય છે. પણ વાળુથાળમાં એક નજર નાખવાથી એમાંની વેરાઇટી જોઈને કાલે શું બનાવવું એ નક્કી કરી શકાય છે. આમ રોજ લેવા આવવાવાળા પણ ક્યારેક આપણને (આઇડિયા) આપી જાય છે.

*

હસે ગુજરાત

છમ્મવડું

રોજ ન ફાવે તો એકાંતરે દિવસે હસો, પણ અકરાંતિયાની જેમ હસો.

હું માનવામાં ન આવે એટલી – નાની હતી ત્યારે મારી બા અમારી અડોશ-પડોશમાં કહેતાં કે અમારી નલિની ચીંધ્યા વગર એક્કેય કામ ન કરે. એને ચીંધવું પડે., પણ ચીંધ્યા પછી કામ એવું કરે કે જોવું ન પડે. (જોવું ન ગમે, એવું કોણ બોલ્યું?) જોકે એ મારી બાનો ભ્રમ હતો. પણ ભ્રમ તોય બાનો હતો એટલે હું સાચવી રાખતી. અને કદી ચોખવટ ન કરતી. બાકી હકીકત એ હતી અને છે કે વડીલોની ઉંમર પુણ્ય કમાવાની કહેવાય. એટલે એમનાં ખાતામાં `આંગળી ચીંધ્યાનું પુણ્ય' જમા કરાવવા જ હું બા `ચીંધે' પછી કામ કરતી!

ગુજરાતની પ્રજાનું પણ એવું જ છે. એને ફક્ત કહેવું પડે. એક વાર કહી દો એટલે એ કામ પણ `કહેવું પડે' એવું કરે! જુઓને, `સલામી આ...મ દો'ના લહેકામાં `વાં...ચે ગુજરાત' એટલું જ કીધું એમાં તો આબાલવૃદ્ધોએ પુસ્તકો વાંચી-વાંચીને `વાંચે ગુજરાત' અભિયાનને સફળ બનાવી મૂક્યું. અરે, જેણે પુસ્તકો ન વાંચ્યાં એમણે `વાંચે ગુજરાત' વિશે વાંચીનેય એ અભિયાનમાં સિંહફાળો આપ્યો! આવી જ્વલંત સફળતા જોઈને હું પોતે બે ઘડી બાલકવિ થઈ ગઈ અને મેં જોડકણું બનાવી દીધું :

`ગુજરાતની વાત થાય?

સિંહને હાત થાય?!'

એક જમાનામાં લોકો મીઠાઈ-ફરસાણ ઘરમાં જાતે બનાવતાં. પણ અત્યારે જમણ `રેડી ટુ ઈટ' મળે છે. દીવાળી કે લગ્નપ્રસંગે ઘેર ક્વૉલિફાઈડ દરજી બેસાડતા, પણ અત્યારે કપડાં પણ `રેડી ટુ વેર' મળે છે. (હીરોઈનોને કપડાં પહેરાવી પણ કોઈક દે, તોય ભાગમભાગમાં એ પૂરતાં કપડાં પહેરતી નથી!) એ સમયે ફિલ્મો બનાવવા માટે વાર્તાકાર, ગીતકાર, સંગીતકારને સ્ટુડિયોમાં બેસાડીને નિતનવી ફિલ્મો બનાવવામાં આવતી. જ્યારે અત્યારે... કોઈ મુવીને ધાંયધાંય સફળતા મળી ગઈ તો એ મૂવીના `પાર્ટ-ટુ' કે સિક્વલ બનવા માંડે છે. મતલબ `રેડી ટુ મેક.' આ બતાવે છે કે માણસ દિવસે-દિવસે કામચોર અને બુદ્ધિચોર થતો જાય છે. થીમ અને પાત્રવરણી (કલાકારો) રેડી હોવાથી મૂવીની સિક્વલ કે પાર્ટ-ટુ `ઈઝી ટુ મેક' થઈ જાય છે. ટૂંકમાં આ જમાનો `રેડી'નો છે. રેડી ચીજ ગમ્મે તેવી હોય, મૂળચંદ ખાઈ લે, પી લે, પહેરી લે, જોઈ લે! સલમાનખાનની `રેડી' ફિલ્મ પણ નામને કારણે જ લોકોએ જો-જો કરી. દર્શકગણે એવું જ વિચાર્યું કે ફિલ્મ તો `રેડી' જ છે ને? આપણે તો ફક્ત જઈને જોવાની જ છે ને?!

અને આમ જ `વાંચે ગુજરાત'ની સફળતા જોઈને મને પણ એની સિક્વલ બનાવવાનો વિચાર આવ્યો. મને થયું કે વાયબ્રન્ટ ગુજરાતનું આગામી અભિયાન `હસે ગુજરાત' હોય તો કેવું? આ અભિયાન સફળ થશે તો બધા કાયદેસર હસશે અને સફળ નહીં થાય તો દાઢમાં પણ હસશે તો ખરા જ ને?! આમ `હસે ગુજરાત'ની નિષ્ફળતામાં પણ સફળતા સમાયેલી છે. તો જેની સફળ નિષ્ફળતા કે નિષ્ફળ સફળતા એડવાન્સમાં જ નિશ્ચિત છે એ અભિયાનમાં હું નિમિત્ત શું કામ ન બનું? વળી મારી ઉંમર પણ ઢળુ ઢળુ છે. તો આ અભિયાન માટે આંગળી ચિંધ્યાનું પુણ્ય કમાઈ લેવું એ તો મારા માટેય આખર તારીખે `કમાણી' કરી લેવાનો અવસર કહેવાય. અને મારા જેવી ગરવી ગુજરાતણ અવસર ચૂકતી હશે?!

એવું કહેવાય છે કે `ગોર મહારાજ લગ્ન જ કરાવી આપે, કાંઈ ઘર ન માંડી આપે' પણ હું ગોર મહારાજ નથી. (તો ઢોર મહારાજ છો? એવું કોણ બોલ્યું?) એટલે `હસે ગુજરાત'

અભિયાન ચલાવવું જોઈએ એવી હળી કરીને હું તડીપાર નહીં થઈ જાઉં. બલ્કિ, એ અભિયાન માટેની સ્વર્ણિમ ટિપ્સ આપીને ઘર પણ માંડી આપીશ.

વાંચવામાં મંદી આવી ગઈ હતી એટલે `વાંચે ગુજરાત' અભિયાન ઉપાડવું પડ્યું. હસવામાં પણ દિવસે દિવસે મંદી આવતી જાય છે. અરે, કૉમેડી ટી.વી. સિરિયલોમાં પણ બ્રેકગ્રાઉન્ડમાંથી હાસ્ય પીરસવું પડે છે! એ જ બતાવે છે કે હાસ્ય મંદીનો સેન્સેક્સ કેટલો તળિયે ગયેલો છે! બાકી હસવું, શાંતિ અને સુખ એ ત્રણેય ચીજો તો કેટલી સહેલી છે? ફક્ત પ્રતિકાર કરવાનું છોડીને ચૂપચાપ બેસી રહો તો શાંતિ હાજર! (`બહારવાળી' શાંતિ નહીં, અંદરની શાંતિ!) સુખની શોધમાં ભટકવાનું છોડી દો તો સુખ હાજર! અને સરકાઈ લો ખટિયાની જેમ મલકાઈ લો હોઠવા... તો હાસ્ય હાજર! છતાં પ્રજાને હસતા જોર આવે છે. એનું એક કારણ એ છે કે, આપણા સમાજમાં હસવું મરજિયાત છે. એટલે આ અભિયાનમાં સૌથી પહેલું કામ `હસવું ફરજિયાત છે' એવો કાયદો કરી નાખવો. હેલ્મેટ પહેરવાનો કાયદો થયો, તો શોભે કે ન શોભે, પણ બધા પહેરીને – નીકળવા માંડ્યા ને? એમ આ કાયદો પણ સહુએ પાળવાનો જ. ઘરમાં હોય કે બહાર, અને હસતાં ફાવે કે ન ફાવે, આદતના અભાવે કદાચ હસવાથી તબિયત હલી જાય તોય ભલે પણ દરેકે બધી પ્રવૃત્તિ, કામ, વ્યવહાર ફરજિયાત હસતાં હસતાં જ કરવાનાં. ભાષા ભલે તમે જે વાપરતા હોય એ જ વાપરવાની પણ એમાં ટાંકણી મારીનેય હાસ્ય તો જોડવાનું જ! જેમ કે, દીકરાને સવારે જગાડતી વખતે કહેવાનું કે, હેં...હેં...હેં.... ડફોળ, તારે કૉલેજનો નવ વાગ્યાનો ટાઇમ છે અને ઘડિયાળમાં જો... દસ વાગ્યા! અને તારો બાપો આ અગિયારમી વાર ઉઠાડવા આયો... ઊઠને ડોબા ઊઠને... હા... હા... હા...! એ જ રીતે સાસુના સાડલા પર વહુથી ચા ઢોળાઈ જાય તો રિવાજ મુજબ સાસુએ વહુને વઢવાનું તો ખરું જ પણ હસતાં હસતાં...! તે હે વઉ... હું કહું છું કે... હૈં... હૈં... હૈં.... આ તારી મા આવી હોય ત્યારે તો કેવી મજાની મલકાતી-મલકાતી ચા લાવે છે, અને મને ચા આપવા આવે ત્યારે છલકાતી છલકાતી લાવે છે!! વાહ, તાજ વાહ! સૉરી, વાહ વહુ, વાહ! આમ ઘરમાં સારો-માઠો બધો વાત-વહેવાર હા-હા... હી-હી... સાથે જ રાખવાનો. `હાસ્ય'નું `મેળવણ' ભળે તો શું છે કે, ઝઘડો પણ જરા સારી રીતે `જામે!' માત્ર ઘરમાં જ નહીં, ઘરની બહાર નીકળો ત્યારે પણ હસતું ડાચું લઈને જ બહાર પડવાનું! ગુજરાતી હસતું ડાચું ખૂંચે તો ઇંગ્લિશવાળો `સ્માઇલિંગ ફેઈસ' લઈને નીકળવાનું, ઓ. કે.? ઑફિસે પહોંચતા મોડું થઈ જાય તો બૉસ સામે હસીને – કહેવાનું, ``હાય બૉસ, હાઉ આર યુ? હી... હી... હી... આ જુઓને રોજની જેમ આજેય હું મોડો પડ્યો. તમારે મને ધમકાવવો હોય તો ધમકાવી લો એટલે હું જઉં... હેં...હેં...હેં...!'' હસવું ફરજિયાતનો કાયદો હોવાથી બૉસ પણ હસશે નહીં તો ક્યાં જશે? એય હી...હી..હી... કરીને કહેશે લે...લે...લે... મેમો લઈ જા. મેમો લઈને તમારે અચાનક જ શમ્મીકપૂરની સ્ટાઇલમાં માથું આમથી તેમ ફંગોળતા ફંગોળતા અલ્લડ અંદાજમાં આભાર વ્યક્ત કરતાં ગાવાનું.... `બહોત શુકરિયા, (શુક્રિયા) બડી મહેરબાની.. મેરે બૉસ બનકે હુજૂર આપ આયે...! કદમ ચૂમ લૂં યા જોરસે ચૂંટી ખણું... કરું ક્યા એ મેરી સમજમેં ના આયે...!' ટૂંકમાં આવો એટિટ્યૂડ રાખવાથી ગુડમૉર્નિંગથી ગુડનાઇટ લાફિંગ માહોલ જ રહ્યા કરશે. જેને આવી કાઠી જાહોજલાલી અનુકૂળ ન આવે એણે સંસારમાં નારાજીનામું મૂકી કોઈ અગોચર જગ્યાએ જઈ વસવાટ કરવો.

બીજી ટિપ. સરકાર, મ્યુ. કોર્પોરેશન અને એન.જી.ઓ.ના સહયોગથી ટ્રાફિક પોઇન્ટ પર જોક્સ, ફટીચર શેરો શાયરી, હાસ્ય કવિતા અને હાસ્ય કલાકારોની કેસેટ્સ સતત વાગતી રહે તેવી વ્યવસ્થા કરવી. આનાથી ઘણા ફાયદા થશે. ટ્રાફિક પોઇન્ટ પર બધા જાણે વાહનસ્પર્ધા રાખી હોય એમ રેડ સિગ્નલ તોડીને ભાગતા હોય છે. પણ આવી મનોરંજક કેસેટો વાગશે તો

ગ્રીન સિગ્નલ થશે તોય કોઈ જલદી ખસશે નહીં. અને કહેશે, `જવાય છે, શી ઉતાવળ છે? બીજી બે જોક્સ સાંભળીને નીકળીએ છીએ!' આમ લોકો ધીરજવાન બનશે. તેથી હાયવોયજન્ય રોગો જેવાં કે હાઈ બી.પી. હાર્ટઅૅટેક, હેડેક વગેરે રોગો પર બળાત્કાર થઈ જશે. પ્રાય : એકલા પડી જતા માણસને ડિપ્રેશન ઘેરી વળે છે. એવાને હાસ્યની સતત કંપની મળી જવાથી ડિપ્રેશન દૂર થશે. એકલા-એકલા હસતા માણસને લોકો બહુ-બહુ તો ગાંડો ગણશે. તોય શો ફરક પડે?!!! દરેક ટ્રાફિક પોઇન્ટ્સ પરથી માણસ હસતો હસતો જ નીકળે એટલે રસ્તામાં કોઈ વાહન અથડાય તો બંને એકમેક સામે હસીને જ ઘુરકિયાં કરશે. સામસામે `હસતા ડોળા' જોઈને ઝઘડવાનું ઓપ્શનમાં કાઢી નાખશે! આમ ચોતરફ લાઇવ હસાહસથી પર્યાવરણ પ્રસન્ન બની રહેશે. અને લોકોને `મંઝિલસે બહેતર લગને લગે હૈં, યે રાસ્તે...' એવું ફીલ થશે. એ જ રીતે ચોખ્ખાં–ગંદાં તમામ બસ સ્ટૅન્ડો પર પણ આવી લાફિંગ કેસેટ્સ ચાલુ રાખવાથી પેસેન્જરો `બસ ક્યારે આવશે?' ને બદલે `ક્યારે નહીં આવે?' એવી પૂછપરછ કરશે! જોકે એ રીતે 'પૂછપરછ બારીને' કોઈ દેખીતો ફાયદો નહીં થાય. એની વે, હવે આ `લાફ્ટર ચેલેન્જ'ને મેનેજ કઈ રીતે કરવી એ કહું.

ન્યૂઝ ચૅનલ ચોવીસ કલાક ચલાવવી એ પોતાની જ પત્નીને ચોવીસ કલાક પ્રેમ કરવા જેવી આકરી બાબત છે. છતાં બારે માસ નાક ગળતું હોય એમ ન્યૂઝ ચૅનલો ચાલ્યા જ કરે છે. એમાંય જો બૉમ્બ બ્લાસ્ટ, સુનામી કે ધરતીકંપ, સર્જિકલ સ્ટ્રાઇક કે એર સ્ટ્રાઇક જેવી રોમાંચક ઘટનાઓ ઘટી, તો તો ન્યૂઝ ચૅનલનું નોઝ (નાક) મુશળધાર વહેવા લાગે છે. ન્યુઝચૅનલની આવી બરહેમ સફળતાનું રહસ્ય છે એની હેન્ડસમ (લાંબી, પહોળી મજબૂત) ટીમ! એ જ રીતે `હસે ગુજરાત'ને સફળ બનાવવા લાફ્ટર ભેજાંઓની એક જંગી ટીમ તૈયાર કરવી પડે. જે કૉમેડીના ઘાણ ઉતાર્યા જ કરે, ઉતાર્યા જ કરે. બાય ધ વે મારું – રિટાયરમેન્ટ નજીકમાં જ છે!!! એની વે, એ ટીમને જંગી રકમ ચૂકવવાની. એટલું જ નહીં, કોર્પોરેટ કંપનીમાં આપવામાં આવે છે એવા બેનીફીટ જેવા કે એસી ગાડી, એમનાં બાળકોનો શિક્ષણનો ખર્ચો, મેડિકલ ખર્ચ વગેરે સુવિધાઓ પૂરી પાડવાની. જેથી એ શખસો ટૅન્શન ફ્રી રહી નિતનવા હાસ્યોત્પાદનો કરી શકે. આ હાસ્યથાળ બનાવતી ટીમને હસવામાંથી મુક્તિ આપવાની જેથી એ લોકો હાસ્યનું મેન્યુફેક્ચરિંગ `ગંભીરતાથી' કરી શકે!!

આ આયોજનો સફળ થયા અને માણસને હસવાની જો આદત પડી ગઈ તો-તો પછી, પરિસ્થિતિ એવીયે ઊભરે કે પાછળ કૂતરા ભસે તોય હસે ગુજરાતી, બીચ ભંવરમેં ફસે તોય હસે ગુજરાતી, દિલમાં કોઈ વસે કે દિલમાંથી ખસે તોય હસે ગુજરાતી! પછી એવું બને કે `જ્યાં-જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં સદાકાળ હસાહસ!' પહેલાં કોઈ હસ-હસ કરે તો ગાંડામાં ગણાતું. પણ અત્યારે એવું નથી. અત્યારે હસતો રહેતો માણસ જ હેલ્ધી અને સુખી ગણાય છે. જોકે હસવું આટલું હેલ્ધી હોવા છતાં કેટલાક માટે હાનિકારક છે. જેમ કે, કબજિયાતવાળો હસશે તો હરડેનો ખર્ચો બચશે! પણ સામે ઝાડા, મરડો, સંગ્રહણી અને હરસ-મસાના દર્દી માટે હસવું નિષેધ છે! એને હસવાથી મૂળભૂત રોગ વકરી શકે એટલે એવા દર્દીઓએ તો કૉમેડી નાટક-પિક્ચર કે ભવાઈના પાસ ખરીધા હોય તોય `મફતમાં વેચી દેવા'. આ ઉપરાંત હસવાથી હારા (સારા) ન લાગતા હોય કે હોય ઈ કરતાંય ખરાબ લાગતા હોય, એનેય હસવામાંથી બાદ આપવાનો. ચોવીસ કલાક પાન ચાવ ચાવ કરવાથી જેનું મોં લોહિયાળ લાગતું હોય કે દાંત અવર્ણનીય ગંદા થઈ ગયા હોય એવા ગોબર ગણેશને હસતા જોઈને નિર્દોષ નાગરિકોના નાજુક વ્યક્તિત્વ પર વિપરીત અસર પડી શકે છે. તેથી એવા મૂળચંદો માટે `ન હસવું' ફરજિયાત રાખવું! અને એ હસી જાય તો દંડરૂપે એનાં દાંતના દરવાજા એટલે કે હોઠો પર સ્ટેપલર પિન મારી દેવી. આવા અવગુણીજનોને સિગ્નલ તોડીનેય જવાની છૂટ આપવી.

આમ આ સ્કીમમાં જરૂર પડ્યે દંડ કરવાનો અને સ્પર્ધામાં જીતે એને આકર્ષક ઇનામ પણ આપવાનાં દા. ત., `હસે ગુજરાત' સ્પર્ધામાં ભાગ લેનારાઓમાં જે હસી હસીને કાયમ માટે હસમુખા થઈ ગયા હોય એને પ્રથમ ઇનામ રૂપે `108'માં બેસાડીને ગુજરાતના હસવાલાયક સ્થળો બતાવવાનાં! જેને હસી-હસીને પેટનો કાયમી દુખાવો થઈ ગયો હોય એને બીજા ઇનામરૂપે ફ્રી મેડિકલ ચેક-અપનું ગિફ્ટ વાઉચર આપવાનું! અને હસ-હસ કરવાથી જેના હોઠ બેડોળ થઈ ગયા હોય એને તૃતીય ઇનામરૂપે બ્રાન્ડકંપનીનું લિપસ્ટિક હેમ્પર ફ્રીમાં આપવાનું.

આવાં લોભામણાં ઇનામોની લાલચ આપવા છતાં કાયદો તોડીને કેટલાક હઠીલા મૂજી હસવામાંથી છટકી જ જવાના! ખરેખર જોઈએ તો `વાંચે ગુજરાત'માં તો થોડીઘણીયે આબદા હતી. જેમ કે `ખબર ન પડે એમ' પુસ્તકો કોઈકને ત્યાંથી લઈ આવવાં, વાંચવા માટે ગંભીર જગ્યા શોધવી, શાંતિનો સમય ચોરવો, ભ્રમર પ્રકૃતિને વશમાં રાખી વાંચવા માટે ઠરીને બેસવું વગેરે...! જ્યારે `હસે ગુજરાત'માં તો હાલતા જાવ ને હસતા જાવ! એટલે આ તો `અસ્થિર'નેય અનુકૂળ આવે! અંગૂઠા છાપ માણસ પણ આ અભિયાનમાં છાપો મારી શકે! વળી માણસ ઇચ્છે તો મૂંગે મોઢે એટલે કે ફક્ત સ્માઇલ સાથે અને અવાજ કરીને એટલે કે – ખડખડાટ પણ હસી શકે અને એ પણ જ્યાં હોય ત્યાં!! જોકે જ્યાં-ત્યાં મતલબ કચરાની જેમ નહીં, પણ લીલા ઘાસની જેમ જ્યાં ત્યાં હાસ્ય ફૂટાડી શકે અને લીલી લૉનની જેમ વાતાવરણને હરિયાળું પણ બનાવી દે! અરે, બેસણામાંય બાજુમાં બેઠેલાને કહેવાનું કે `સદરહુ' કોઈ દિ' ગુજરે એવા લાગતા'તા? ગુજરી ગયા ને?.... પછી તાલી આપીને હસતાં-હસતાં ગાવાનું, ``ગુજરા હુઆ જમનાદાસ... આતા નહીં ફિર વાપસ."

ઠીક છે, ઠીક છે. બેસણામાં બહુ બેસી ન રહેવાય. ચલો હવે આગળ વાંચો.

`સ્વર્ણિમ ગુજરાતના સમાપન' સમયે આ લેખ લખી રહી છું. તો `મધુરેન સમાપયેત્'ના ધોરણે પણ `હસે ગુજરાત' અભિયાન ચલાવવું જોઈએ. 1લી મે, 2011ના રોજ પચાસ વર્ષ પૂરાં કરીને ગુજરાત એકાવન એટલે કે `વન'માં પ્રવેશ્યું. પચાસમા વર્ષમાં `વાંચે ગુજરાત' સફળ બનાવ્યું. એકાવનમાં ``હસે ગુજરાત'ને સફળ બનાવીએ તો... `વાંચતો-વાંચતો વનમાં ગયો, તો વનમાંય કર્યું ફન!" એ સ્લોગન પણ સરસ સેટ થઈ જશે.

ધંધામાં આઘીપાછી કરવાના શોખીન લોકોને હોઠને સહેજ આઘાપાછા કરતાં શેનું જોર આવતું હશે? હસવાની બાધા લઈને બેઠા હોય એવા ગંભીર થઈને ફરે અને પછી કહેશે હું એકલો પડી ગયો!! હસમુખા લોકો કદી એકલા ન પડે. કારણ કે `હસે એની કનેથી કોઈ ન ખસે' એટલે જ કહું છું કે હસતા રહો અને વગર ભાડે સહુના દિલમાં વસતા રહો. નોન ગુજરાતી ભલે કહી જાય કે, હસે હવે, ગુજરાતી છે ને?!

અગણિત વર્ષોથી હું ગુજરાતની ગરવી ગુફામાં સિંહણની જેમ પડી-પાથરી રહી છું. તેથી ઋણ ચૂકવવાની ફરજ સમજી ગુજરાતને હાસ્ય સમૃદ્ધ બનાવવાનો આઇડિયા મૂક્યો. એના બદલામાં એક ચુટકી `સિંદૂર' જેટલી જ મારી `માંગ' છે કે તમે સહુ ગુજરાતી દિલથી કહો - `વ્હોટ એન આઇડિયા સરજી!'

*

પાણી વલોવવાના યે પૈસા મળે!

છમ્મવડું

``ફુવારો એ પાણીની શ્રેષ્ઠતમ પર્સનાલિટી છે!!''

``પાણી ન મળે તો શું કરવું જોઈએ?' `ચલાવી લેવું જોઈએ.'

વહેવારમાં ભલે કહેવાતું હોય કે પાણી વલોવવાથી કશું ન વળે, કશું ન મળે. પણ હા, બધાને નહીં, બુદ્ધિશાળીને તો મળે. આ જુઓને, આજે હું પાણીની જ વાતો કરવાની છું. અને માત્ર વાતો જ કરવી એને પાણી વલોવ્યું જ કહેવાય ને? અને તોયે મને એનું વળતર – પૈસા મળશે. બુદ્ધિશાળી વાચક સમજી ગયા હશે કે નલિનીબહેને પોતાને બુદ્ધિશાળીમાં ખપાવી જ દીધાં! એક સમયે લોકો પથ્થરમાંથી પાણી પેદા કરતા, પછી પાણી (પાઉચ) વેચીને પૈસા પેદા કરવા માંડ્યા અને હવે મારાં જેવાં મંદબુદ્ધિશાળી પાણી વલોવીને પૈસા પેદા કરવા માંડ્યાં, આ વિકાસ નહીં તો બીજું શું?!

પાણી તો મારું આધારકાર્ડ છે. કારણ કે મારું નામ નલિની. (નામ તો સુના હોગા) અને નલિની એટલે કમળ. એ રીતે મારી ઉત્પત્તિ – સ્થિતિ જ સાવ પાણીમાં હોવાથી મારા માટે તો `જલ હી દેવતા જલ હી ઈશ્વર' છે. જોકે ખરેખર જ પાણી એ પરમેશ્વર છે. કારણ કે પાણીના સ્વભાવ માટે કહેવાયું છે કે, `જિસમેં મિલા દો, લગે ઉસ જૈસા.' પરમેશ્વરનું પણ એવું જ છે. મૂળચંદના શરીરમાં જવું પડે તો મૂળચંદ જેવા દેખાય અને મહાવીરના શરીરમાં જવા મળે તો મહાવીર જેવા દેખાય.

જેને જેના માટે ભગવદ્ભાવ હોય એના માટે એવું કહે છે કે એ ચીજ બનાવીને ભગવાને હાથ ધોઈ નાખ્યા છે. જેમ કે મૂળચંદને પડોશણ માટે ભગવદ્ ભાવ હોય તો એ એવું કહે છે કે પડોશણને બનાવીને ભગવાને હાથ ધોઈ નાખ્યા છે. રાજનેતાઓને લાગે છે કે ખુરશી બનાવીને ભગવાને હાથ ધોઈ નાખ્યા છે તો કોઈ મસ્ત ફકીરને લાગે છે કે ખુશી (Happiness) બનાવીને ભગવાને હાથ ધોઈ નાખ્યા છે. તો જાતજાતનાં `અનિલ'ભાઈઓને મતલબ અનિલ જોષી, અનિલ ભટ્ટ, અનિલ શાહ... વગેરે `અનિલ' માને છે કે હવા બનાવીને ભગવાને હાથ ધોઈ નાખ્યા છે. સમગ્ર અનિલભાઈઓની વાત અલબત્ત, વાજબી છે, કારણ કે જીવવા માટે હવા જરૂરી છે. પણ મારો મત એવો છે કે હવા વગર માણસ બહુ-બહુ તો મરી જાય પણ પાણી વગર તો નર્યો ગંધાઈ જાય. ગંધાયા કરતાં મરવું ભલું, શું કહેવું? એટલે મારું તો એવું માનવું છે કે પાણી બનાવીને ભગવાને હાથ ધોઈ નાખ્યા છે. અને... પાણી વગર તો ખુદ પરમેશ્વર પણ હાથ ન ધોઈ શકે ને? અરે, પાણી વગર તો માણસનું નહાવા- ધોવાનું, ખાવા-પીવાનું પણ બંધ થઈ જાય પછી મૂળચંદનો સમય કઈ રીતે પસાર થાય? આમ સમય પસાર કરવા માટે પણ પાણી જરૂરી છે. આ ઉપરાંત સમય આવ્યે પાણીમાં બેસી જવા માટે પણ પાણી જ શબ્દશઃ કામ લાગે છે! તરતાં આવડતું હોય તો દરિયો પાર કરીને વગર ટિકિટે વગર વિઝાએ દેશ-પરદેશ પહોંચવા માટે પાણી જ `હેલ્પ લાઇન'નું કામ કરે છે.

``ભેંસ, ભામણ (બ્રાહ્મણ) અને ભાજી, પાણી જોઈને રાજી'' આ કહેવત બનતી હતી ત્યારે હું પાણીથી જ મોઢું ધોવા ગઈ'તી એટલે કહેવતકારને મસ્કો મારવામાં મોડી પડી તેથી મારું નામ એમાં ઉમેરાયું નહીં. બાકી ભેંસ, ભામણ અને ભાજી તો પાણી જોઈને માત્ર રાજી જ થાય છે, જ્યારે હું તો પાણી જોઈને રાજી-રાજી એટલે કે પાણી-પાણી થઈ જાઉં છું. આમ એ ત્રણ કરતાં મને પાણી બમણું ગમે છે. જેને પાણી માટે ચાહત ન હોય એને ગંધારા – ગોબરા સમજવા. ચોખલાને પાણી વગર ચાલે નહીં, ગોબરા પાણીને ચાહે નહીં. ડુંગળી મોંઘી થાય તો જૈનોને જલસા પડી જાય કે હાશ, ખાવીયે નહીં અને ખરીદવીયે નહીં. એમ પાણી જતું રહે તો

ગંધારી ગેંગ ખુશ થઈ જાય કે હાશ, નહાવુંયે નહીં ને ચોખ્ખા લાગવુંયે નહીં. જેમ કેટલાકને 'નહીં નહાવાનો' રીતસર શોખ હોય છે એમ કેટલાકને નકરો નહાવાનો જ શોખ હોય છે. એમને બાથરૂમમાંથી બહાર કાઢવા એ ગરોળીને ગલીપચી કરીને પકડવા જેવું કે કીડીને સાકરની બાધા લેવડાવવા જેવું કપરું કામ છે! નહાવાના શોખીનો ખાવા-પીવા કરતાં નહાવામાં પાણીનો ઉપયોગ વધારે કરે છે. નહાવામાંથી પાણી વધે તો જ ખાવા-પીવામાં ઉપયોગ કરે. તેઓ ટાંકીનું સિત્તેર ટકા પાણી નહાવામાં વાપરી વેડફી નાખે છે. જોકે છતાં આવા લોકોને પૂછવામાં આવે છે કે તમે નહાયા? આવા નહાવામાં નંબર વનના ટુવાલ પણ માનવામાં ન આવે એવા મેલા હોય છે! ટુવાલમાં જ ખામી હશે ને? નહાવાના શોખીન મૂળચંદને મેં કીધું કે પાણી વેડફાય નહીં, વપરાય. પાણી વેડફશો તો ભવિષ્યમાં તમને જ નહાવા માટે પાણી નહીં મળે. તો મૂળચંદ કહે, ``કશો વાંધો નહીં, આપણી પાસે રૂઢિપ્રયોગ તો છે જ ને? રૂઢિપ્રયોગમાં નાહી નાખીશું. અમારે તો નહાવાથી કામ, મટીરિયલ મેટર નથી કરતું!'' મૂળચંદની વાત પણ સાચી છે ને? રૂઢિપ્રયોગની તો ક્યારેય અછત થવાની જ નહીં ને? જોકે મને અહીં એક જ્ઞાન લાધ્યું કે `નહીં નહાવાના' શોખીનોને પણ લોકો રૂઢિપ્રયોગમાં તો નવડાવી જ જાય છે. અરે એ ખુદ પણ ઘણી વાર ઘણાના નામનું રૂઢિપ્રયોગમાં નાહી નાખે છે. નહાવાના આ બે પ્રકારમાં ફરક એ કે રીઅલમાં નહાવા માટે ભીનું પાણી વપરાય છે જ્યારે રૂઢિપ્રયોગના નાવણમાં સૂકા પાણીનો પ્રયોગ થાય છે! અને આ પ્રયોગ મોટા ભાગે બીજા કરી જાય છે.

પાણીનો લેખ હોય અને પાણીપૂરીનો ઉલ્લેખ ન થાય તો એ અધૂરા પાણીલેખની નિશાની છે. કેટલાક જાણભેદુઓએ એવું શોધી કાઢ્યું છે કે પૃથ્વીમાં અને માનવશરીરમાં 70 ટકા પાણી છે પણ એની ખરાઈ કરવા માટે પૃથ્વી અને શરીરનું ખોદકામ કરવું પડે. આવું કાઠું કામ કોણ કરે? અને આપણાથી જે થઈ શકે તેમ ન હોય એ શંકા સાથે સ્વીકારી જ લેવું પડે. પણ મને શંકાનો લાભ લેવો કે આપવો ગમતો નથી એટલે હું સંશોધનો એવાં જ કરું કે લોકો મને મોઢે કહી જાય કે, યુ આર રાઈટ, બૉસ! હમણાં પોણો કલાક પહેલાં જ મેં એવું સંશોધન કર્યું કે પાણીપૂરીમાં 70 ટકા પાણી છે એટલું જ નહીં, પણ પાણીપૂરીના ચુસ્ત ચાહકોને તો પાણીપૂરીનો ખુમચો જોઈને જ મોઢામાં જે પાણી આવી જાય છે એ મોં-પાણી પણ 70 ટકા હોય છે. મતલબ મોઢાનો 70 ટકા ભાગ એવા પાણીથી ભરાઈ જાય છે. મારી આ ખાતરીમાં કોઈ શંકા હોય એ માપી શકે છે. મારા મતે પાણીની કોઈ શ્રેષ્ઠ બનાવટ હોય તો એ પાણીપૂરી જ છે. અરે, હું તો શરીરનું 70 ટકા પાણી મેઇન્ટેઇન કરવા જ રોજ્જે પાણીપૂરી ખાઉં છું. પાણીપૂરી આદર્શ આહારમાં ખપવાની ક્ષમતા ધરાવે છે. એમાં ચણા, બટાકાનું શાક, પૂરી અને દાળ (પાણીપૂરીનું મસાલેદાર પાણી) હોય છે. માત્ર ભાત નથી હોતો. પણ ભાતને તો એમ પણ આજકાલ ઘણા લોકો ઓપ્શનમાં કાઢતા થઈ ગયા છે ને?! અને બીજી એક વિસ્મય જેવી વાત તમેય નોંધી હશે કે પાણીનો ગમ્મે તેવો દુકાળ પડે, પાણીપૂરીમાં ક્યારેય દુકાળ વર્તાતો નથી. એ વાત અલગ છે કે તરસ લાગે ત્યારે કે નહાવા-ધોવા માટે પાણીપૂરીનું પાણી કામ લાગતું નથી.

પાણીપૂરી ઉપરાંત અખબારમાં પણ 70 ટકા પાણી જોવા મળે છે. આ નઝારો અલબત્ત, વરસમાં એક જ વાર જોવા મળે છે. `` 22 માર્ચ વર્લ્ડ વૉટર ડે'' તરીકે ઊજવાય છે અને ઉજવણીમાં શરીક થવા લેખક લોકો અખબારને 70 ટકા પાણી (પાણીલેખ)થી ભરી મૂકે છે. મતલબ એ દિવસે 70 ટકા વાતો પાણી વિશે જ લખાઈ હોય છે. જોકે હું નિયમિત કૉલમ લખતી ત્યારે 22 માર્ચે તો પાણી વિશે ન જ લખતી. એમ વિચારીને કે પાણીપુરમાં મારા પ્યાલા પાણીની શી નોંધ લેવાય? એની વે, અહીં અગત્યની વાત એ છે કે એ દિવસે પેપર (અખબાર)માં પાણીનું પૂર આવે છે, છતાં 'પેપર'નો કાગળ કોરો જ રહે છે! આ ઘટના સાબિત

કરે છે કે ચમત્કાર આજે પણ બને છે. જોકે આ ચમત્કાર પાણીનો કહેવાય કે `પેપર'નો કહેવાય કે લેખકનો... એ મતમતાંતરનો વિષય છે. પાણીપાઉચના વેપારીને એમાં પાણીનો ચમત્કાર લાગે છે, પેપર-પસ્તીવાળાને પેપરનો ચમત્કાર લાગે છે અને નવા વાચકોને લેખકની કલમનો ચમત્કાર લાગે છે. તુંડે તુંડે મતિર્ભિન્ના!

ઓહ, જોયું? પાણી વલોવતાં આપણને `પાનીમેં કોરા કાગઝ'નો ચમત્કાર લાધ્યો અને એ ચમત્કાર થકી જ વૈરાગ્યનાં ઉદાહરણ માટે પણ નવો શબ્દ જડી આવ્યો, ``જલ કાગઝવત્'' વૈરાગ્ય માટે સદીઓથી ``જલકમલવત્'' શબ્દ જ વપરાતો આવ્યો છે. વૈરાગમાર્ગીને પણ ચેન્જ મળે તો શું છે કે વૈરાગ્યની માયા મજબૂત બને. એટલું જ નહીં, વૈરાગ્ય માટે નવું ઉદાહરણ પ્રાપ્ત થતાં મને ખાતરી છે કે માયામાં મશગૂલ રહેતા મણિ-મૂળચંદને પણ વૈરાગ્યને વળગવાની માયા જાગશે. તો આશા રાખું છું કે, આજે હું આ ``જલકાગઝવત્'' શબ્દને લોન્ચ કરું છું એને રાગી-વૈરાગી સહુ કોઈ વાંધા વગર વધાવી લેશો.

અંતે, બે નાજુક વાત. અંજળ એટલે કે અન્ન + જળ. છતાં ઘણા લોકો `અંજળ પાણી' બોલે છે. અને એ રીતે બોલવામાં પણ પાણીનો વ્યય કરે છે. સંસાર તાપથી સૂકોભઠ્ઠ થઈ ગયેલો મૂળચંદ `ઉપર' જાય ત્યારે થોડો ભીનો થઈને જાય એ હેતુથી અંત સમયે એના મોંમાં પાણી મૂકવામાં આવે છે. એટલે કહું છું કે અંત સમય માટે પણ પાણી બચાવજો, બાપલિયા!

*

હાજરી-પત્રકની સૌતન

છમ્મવડું

બેય ટાઇમ મોડા પડીએ તો સારું ન લાગે એમ સમજી વિચારીને મૂળચંદ ઑફિસે આવે છે
મોડો અને નીકળી જાય છે વહેલો!!

ઑફિસોમાં તેમજ કંપનીઓમાં ઇલેક્ટ્રોનિક હાજરીપત્રક તરીકે વસાવવામાં આવેલું બાયોમેટ્રિક મશીન એ હાજરીપત્રકની સૌતન છે. આ બાયોમેટ્રિક મશીનને આપણે ટૂંકમાં બામ તરીકે ઓળખીશું. આમ પણ સૌતન તો `બામ' એટલે માથાનો દુખાવો જ લાગે ને? કિંતુ સૌતન આવવા કે લાવવા પાછળ કાંઈક કારણ તો હોય જ. અને કારણમાં મને એવું લાગે છે કે આજકાલના માણસને માણસ કરતાં મશીન સાથે વધુ લગાવ છે. એ લાગણીને ધ્યાને લઈને જ કદાચ યાંત્રિક હાજરીપત્રક એટલે કે બાયોમેટ્રિક મશીન આવી ગયા છે. જોકે એક માન્યતા એવી પણ પ્રવર્તે છે કે કેટલાક કર્મચારીઓને ઑફિસમાં સમયસર આવતાં શરમ-સંકોચ થતાં'તાં! તેઓ એવું માનતા કે સૂર્યોદય અને સૂર્યાસ્ત પણ રોજજે જુદા-જુદા સમયે થાય છે એટલે આપણે જો સમયસર જવા-આવવાનું રાખીએ તો એ સૂરજનું અપમાન કર્યું ગણાય! તેથી આવા `સૂરજમુખી'ને સમયસર આવતા કરવા મતલબ તેઓ `કર્મયોગી' બને એ તો પછીની વાત પણ એકવાર `સમયયોગી' તો બને...! એવી ભાવનાથી સમયની નોંધ સાથે હાજરી પૂરે એવાં બાયોમેટ્રિક મશીન મૂકવામાં આવ્યાં. મેં આ `બામ'નો `ટેસ્ટ' કરીને રિપોર્ટ તૈયાર કર્યો છે જે અત્રે રજૂ કરું છું.

બાયોમેટ્રિક મશીન એટલે જે હાજર હોય એની જ હાજરી પૂરી આપતું મશીન! આ મશીનમાં મત્તુ મારવા માટે કર્મચારીઓ (નિર્દોષ હોય કે ગુનેગાર)ની આગોતરી ફિંગર પ્રિન્ટ લઈ લેવામાં આવે છે. હવે જ્યારે કર્મચારી મશીનની સ્વિચ પર પોતાની ફિંગર દબાવે અને ઉપભોક્તાની `છાપ' સારી પડે મતલબ તાજી ફિંગર પ્રિન્ટ જો મશીનમાં `ફ્રિઝ' કરેલી વાસી ફિંગરપ્રિન્ટ સાથે જન્માક્ષરની જેમ મળી જાય તો મશીન `થેન્ક્યુ' બોલી ઊઠે. એટલે સમજવાનું કે હાજરી પુરાઈ ગઈ... હસ્તમેળાપ સફળ!! ઘરમાં દસ કલાક કામ કરવા છતાં જેને કદરના બે શબ્દો સાંભળવા ન મળતાં હોય એવી બહેનોનો તો આ થેન્ક-યુ સાંભળીને ઘરકામનો સઘળો થાક ઊતરી જવા માંડ્યો! પાછો આભાર પણ અંગ્રેજીમાં થેન્કયુ કહીને માને એટલે તો ગુજ્જુ બહેનો ખુશમ્ ખુશ પણ થઈ જાય. જોકે મશીન એવા દયાભાવથી થેન્કયુ કહેતું હોય કે, આ બધા બિચ્ચારા મારા હાટુ જ આવે છે ને! પણ મશીનને ક્યાં ખબર છે કે એના હાટુ આવતા નથી બલ્કિ એના હાટુ જ `આવવું પડે છે'

હવે આ મશીન `થેન્ક યુ' બોલે એમાં કેટલાક `કાન'ને તો `થઈ ગ્યું...' એવું સંભળાય. મતલબ તમારું સવારનું મહત્ત્વનું કામ થઈ ગયું. હવે સાંજ સુધી છુટ્ટા...!! આ મશીન સાથે બે વાર હસ્તમેળાપ કરવો ફરજિયાત છે. એટલે છૂટવાના સમયે પણ ફરી મત્તું મારવા `ગમ્મે ત્યાંથી' હાજર થઈ જવું પડે. હવે ઑફિસમાં આવ્યો હોય એ પાછો જવાનો તો હોય જ ને? પરંતુ કોઈ દુખિયારો ઑફિસમાં રોકાઈ ન જાય એ હેતુથી તમારા ટળ્યાનું પ્રૂફ પણ આ મશીન માંગે જ. અને જતી વખતે તમે સ્વિચ ઉપર ફિંગર દબાવો ત્યારે પણ સંસ્કારી મશીન થેન્કયુ કહે, આપણે તો આપણા ઘરેથી માંડ માંડ વિદાય લેતા મહેમાનને થેન્કયુ કહીએ તો તેમને માઠું લાગી જાય! હું તો કહું છું કે `હે ભગવાન, આવતા જન્મે મને આવું દિલની વાત સ્પષ્ટ કહી શકતું મશીન જ બનાવજે!' ટૂંકમાં આ `બામ'ને સવારે હાય... અને સાંજે બાય... કહેવું જ પડે છે, કારણ કે એને તો તમારા આવવા-જવા સાથે નિસ્બત હોય છે. બાકી વચગાળાના સમયમાં તમે શું કરો છો, ક્યાં જાવ છો, એ જોવા મશીન તમારી વાંહે-વાંહે આવતું નથી. વળી તમે

વહેલા આવો, મોડા આવો કે સમયસર આવો... એ તમને બૉસની જેમ ખખડાવે પણ નહીં. એ તો ફક્ત તમારો સમય નોંધી લે. પછી તમે છો ને તમારો બૉસ છે, હોવ!! આમ આ મશીન આપણને શીખવે છે કે કામથી કામ રાખો. ઝાઝી પંચાત ન કરો અને કોઈ સ્વાર્થે કરીને કે ગરજથી તમારા આંગણે આવે તોપણ, ભલે ગમ્મે તે ભાષામાં, પણ એનો આભાર માનો!

આ મશીન સાથે જો ઉપભોક્તાની હસ્તરેખા (ફિંગરપ્રિન્ટ)ના ગુણાંક મળતા ન આવે તો એ `પ્લીઝ ટ્રાય અગેઈન' કહીને તમને ફરી ચાન્સ લેવાનું કહે છે. અરે, આ રીતે સળંગ પચીસ વાર તમારું ઠેકાણું ન પડે તોપણ ઠરેલ વડીલ કોઈ વાંઢાને સમજાવતા હોય એટલી શાંતિથી આ મશીન પચીસ વાર `પ્લીઝ ટ્રાય અગેઈન'... `પ્લીઝ ટ્રાય અગેઈન...' એમ કહ્યા કરે! નહીં તો આમ જોવા જઈએ તો હાજરી પૂરવાની ગરજ વ્યક્તિને જ હોય. છતાં પચીસ વાર સ્વિચ દબાવીને માણસ અકળાય પણ મશીન નહીં. આમ આ મશીન આપણને સંદેશ આપે છે કે એટલી બધી ધીરજ રાખો કે સામેવાળો અકળાઈ જાય. આ `બામ'ની ધીરજને આપણે ધન્યવાદ સિવાય બીજું તો શું આપી શકીએ?... આપ્યા...!

જગતમાં માણસની ખાસ ચાર જગ્યાએ નોંધ લેવાય છે: એક – જન્મનાં ચોપડે – પૃથ્વીવલ્લભ પૃથ્વી પર પધાર્યાની સાબિતી રૂપે! બીજી નોંધ લગ્નના ચોપડે લેવાય. જોકે લગ્નની બે ચોપડે નોંધ લેવાય. એક કાયદાકીય રીતે મેરેજ રજિસ્ટરમાં અને બીજી યજમાનના ચોપડે નોંધ લેવાય. જોકે એ તો ચાંદલો કર્યો હોય તો જ, મતલબ – Paid! ત્રીજી – પરમવીર ચક્રની જેમ મરણોત્તર નોંધ લેવાય છે પણ એના માટે માણસે જીવતે જીવ મરવું પડતું હોય છે. અને ચોથી નોંધ – હાજરીપત્રકમાં લેવાય, જેના માટે મારે-તમારે ચાંદલો કરવાની કે મરવાની જરૂર પડતી નથી. બલકે એમાં નોંધ (સહી) કરવા તમારું જીવતાં હોવું જરૂરી છે. અને એ તમને ઉપરથી ચાંદલો (પગાર) આપે છે. એ પગારથી જ મૂળચંદનું જીવન ચાલે છે. તો બોલો... હાજરીપત્રક `જીંદા-' બાદ!!

આ `બામ'ને કારણે કર્મચારીએ સદેહે હાજર રહેવું પડે છે. કારણ કે એ `ડમી'ને ગ્રાહ્ય કરી શકતું નથી અને તેથી જ એ સૌતન જેવું દોહ્યલું લાગે છે. સમયની નોંધ સાથે હાજરી પૂરતું હોવાથી `સમય કે સાથ ચલો' સૂત્રની અરુચિવાળાને આ `બામ' પીડાકારી લાગે છે. બાય ધ વે, મને તો લેખનું ઇંધણ પૂરું પાડ્યું એટલે મને આ મશીન પીડાહારી બામ લાગે છે.

*

વાત ભેગું વાર્તાનુંયે વતેસર...!

છમ્મવડું

એક નવો આક્રોશ લોન્ચ કરું છું : તમારી વાત એ વાત અને મારી વાત એ વાર્તા?!

મારી જમણી આંખમાં માઈનસ એક નંબર છે અને ડાબી આંખમાં પ્લસ (નજીકનો) દોઢ નંબર છે. આમ એક આંખમાં માઈનસ અને એક આંખમાં પ્લસ નંબર છે. વળી એક આંખમાં એક અને બીજી આંખમાં દોઢ નંબર છે. હવે આંખમાં `વિષમતા' હોય તો ચાલે, પણ મારી તો દૃષ્ટિમાં જ વિષમતા છે. એટલે હું `ભક્ત નરસૈંયા'ની ભક્ત હોવા છતાં સમદૃષ્ટિ રાખી શકતી નથી. આમ ભેદદૃષ્ટિનો ભોગ બનેલી હું, મારી ટેકનિકલ ખામીને વફાદાર રહી આજે એક તફાવત (ભેદ) લખી રહી છું અને એ ભેદમાં ભાગ લેનાર ઉમેદવારો છે વાત અને વાર્તા.

જોડણીના જાણભેદુ ન હોય એ પણ જાણે છે કે, વાત અને વાર્તા વચ્ચે મુખ્ય તફાવત જોડણીનો છે. એમાં `વાત'માં ખાસ માલ નથી. મતલબ `વાત', સાવ સીધોસાદો શબ્દ છે. જ્યારે વાર્તાને વાત કરતાં એક કાનો અને રેફ વધારે મળ્યા છે. એટલે જ વાત કરતાં વાર્તાની લંબાઈ વધારે હોય છે. વળી વાર્તામાં પડખે `ઝીરો ફિગર કરીના' જેવી મતલબ સોટા જેવી પાતળી લીટી (કાનો) અને માથે મજાનો લટ જેવો રેફ હોવાથી વાત કરતાં વાર્તા વધારે આકર્ષક લાગે છે અને તેથી જ લોકોને વાર્તામાં વધુ રસ પડતો હોય છે.

બીજો તફાવત એ છે કે, માણસને પોતાની વાત કહેવામાં રસ હોય છે એટલો કોઈની વાત સાંભળવામાં રસ નથી હોતો. તેથી `મારી વાત કોઈ સાંભળતું નથી' એવી ફરિયાદ વારંવાર સાંભળવા મળતી હોય છે. જ્યારે વાર્તા કહેવા કરતાં સાંભળવી વધુ ગમે છે. એકાદ વાર્તા સંભળાવોને... એવી ફરમાઈશ પણ થતી હોય છે. વાતવાતમાં માણસ ક્યારેક ઝઘડી પડતો હોય છે. જ્યારે વાર્તા શાંતિથી સાંભળે છે. ભરી સભામાં બધા ગણગણ ચાલુ કરી દે ત્યારે તમે `એક ભાભો હતો...' કે `એક ગાભો હતો...' કે `એક હતો કૂતરો... કે એક હતી પૂંછડી...' એ રીતે વાર્તાના લયમાં વાત શરૂ કરી દો તો બધા શાંત થઈ જશે, પણ `મારી વાત સાંભળો... ઓ... ઓ...' એવું કહેશો તો હો... હો... ચાલુ જ રહેશે.

વાતને પ્રાય: વર્તમાન સાથે સંબંધ હોય છે. જ્યારે વાર્તાને પ્રાય: ભૂતકાળ સાથે સંબંધ હોય છે. જેમ કે એક હતી સ્કૂલ... એક હતી છોકરી...! વળી ભૂતકાળમાં જે છોકરી હોય છે એ આજે વર્તમાનમાં પત્ની બની બેઠી હોય છે. તેથી જ વાત કરતાં વાર્તા વધુ દિલચસ્પ લાગે છે અને વર્તમાન કરતાં ભૂતકાળ ભવ્ય લાગે છે. વાર્તા તો અભણ ડોસો પણ કરી શકે, પરંતુ સારી રીતે વાત કરવી એ અઘરી વાત છે. એટલે જ સારો વાર્તાકાર હોય પણ એ સારી રીતે વાત ન કરી શકતો હોય એવું બની શકે છે. વાત માટે મેં એક જોડકણું બનાવ્યું છે... ``રોટલી સાથે શાક અને દાળ સાથે ભાત, `સરખે સરખા' મળે તો થાય મીઠી વાત.. '' કૉફી વીથ કારેલા.. કે દહીં વીથ દૂધપાક.. મેચ ન થાય. મતલબ વેવલેન્થ મલતી આવે તો જ વાત કરવાની મજા આવે છે. જ્યારે વાર્તા તો ડફોળ, બબૂચક કે બૂડથલ સમક્ષ પણ કહી શકાય અને વાર્તામાં તો એવા લોકો જ `હા એ હા' કરે અને આપણી સાવ ડલ વાર્તાનેય દીપાવે...!

કોઈક ચર્ચાસભા ગોઠવી હોય અને એમાં કોઈ ઠોસ નિર્ણય ન લેવાય કે લાભ ન થાય, મતલબ કંઈ શક્કરવાર ન વળે તો `વાર્તા કરી આવ્યા' એવું કહેવાય છે, પણ પ્રોજેક્ટ સફળ થાય તો કહે છે કે આજ તો `બાત બન ગઈ'. આમ ક્યારેક વાતનું `ક્યા બાત'વાળું સ્ટેટસ હોય છે.

વાતનાં જનરલ અને ખાનગી એમ બે પ્રકાર જોવા મળે છે. `આજે મેં રીંગણાંનું શાક ખાધું' એવી જનરલ વાત તમે પડોશીની ઘરવાળીને પણ કહી શકો, દલા તરવાડીને પણ કહી

શકો. કિંતુ આજે મને `બૉસે ખખડાવ્યો' એવી ખાનગી વાત તમે તમારા સારા મિત્રને જ કહો છો. આમ વાત ખાનગી પણ હોઈ શકે છે જ્યારે વાર્તા ખુલ્લમખુલ્લી જ હોય છે. એ તો બધા લખે અને બધા વાંચે... કોઈ પણ કહે અને કોઈ પણ સાંભળે. ટૂંકમાં વાર્તાના પેટમાં પાપ ન હોય.

જોકે, મૂળચંદ સામાન્ય વાતનીયે વાર્તા કરી નાખે છે. જેમ કે એ આપણને સામો મળે અને આપણે ફક્ત એટલું જ પૂછીએ કે, ક્યાં જઈ આવ્યા? જવાબમાં, `તેલ લેવા ગ્યો'તો' એટલું જ કહી દે તો ચાલે, પણ એ `ભાભો ઢોર' વાર્તા માંડવા બેસી જાય... `હું ઘરના સોફા પર બેઠો-બેઠો ઑફિસની ફાઇલ જોતો હતો. એમાં મિસિસ કહે કે અત્યારે જ તેલ લઈ આવો. મેં કીધું કે, ઘડીક રહીને જઉં. એમાં તો એનું મોં ફૂલીને ફુગ્ગો થઈ ગયું. એટલે ફાઇલો પડતી મૂકીને હું ચાર પગે ઊભો થયો, કપડાં બદલ્યાં, બે ચપ્પલ પહેર્યાં અને લિફ્ટમાં બેસી નીચે ઊતર્યો. નીચે આવીને સ્કૂટર સ્ટાર્ટ કર્યું. ત્યાં રસ્તામાં રમેશભાઈ મળી ગયા. એમની જોડે દસ મિનિટ અમારા ડ્યુ – પ્રમોશનની વાતો કરી. પછી દુકાને ગયો અને જુઓ આ ડબલામાં તેલ લઈ આવ્યો!'' આમ મૂળચંદ કથાબીજનું વૃક્ષ બનાવી દે. આપણને એમ થાય કે આ વંદાને ક્યાં વતાવ્યો? જ્યારે કેટલાક લોકો વાર્તાને વાતની જેમ પતાવી દે. એક હતો મગ અને એક હતો ચોખો. બંનેએ ભેગા મળીને જનતાને ખીચડી ખવડાવી. ખીચડી ખાઈને જનતા સૂઈ ગઈ... વાર્તા પૂરી!

વાર્તાથી મીઠી ઊંઘ આવી જાય છે. જ્યારે આપણા વિરુદ્ધની કોઈ વાત સાંભળવા મળે તો ઊંઘ ઊડી જાય છે. બાય ધ વે, કહેવાની ઢબ જો સારી હોય તો ફાલતું વાત પણ સાંભળવી ગમે છે અને ઢબ સારી ન હોય તો સુંદર વાર્તા પણ બકવાસ લાગે છે.

રજૂઆત પણ એક કળા છે. એટલે વાત કરો વાર્તાની જેમ અને વાર્તા કરો... એ પણ વાર્તાની જેમ!

*

`મોતિયા'ની આંખેદેખ્યો અહેવાલ

છમ્મવડું

આંખે દેખ્યા અહેવાલ વાંચ્યા-સાંભળ્યા હશે, પણ `મોતિયાની આંખેદેખ્યો અહેવાલ' પહેલીવાર વાંચવા મળ્યો ને?

હું પ્રાણીમાં પણ પાછી કોઈ અલૌકિક પ્રાણી હોઉં અને મને મોતિયો આવ્યો હોય એમ આશ્ચર્યભાવથી કેટલાકે મને પૂછ્યું કે, `લ્લે તમને મોતિયો આવ્યો?!' તો કેટલાક શંકારસિકો જાણે `મોતિયો કૂતરો' કરડવાથી મને મોતિયો આવ્યો હોય એમ ઝીણી આંખ કરીને મારામાં `મોતિયો' કરડવાનાં લક્ષણો શોધવાના પ્રયત્ન કરવા લાગ્યા! જોકે પચપનની સાવ કુમળી વયે મારે મોતિયો ઉતરાવવાના દા'ડા આવ્યા એટલે સ્વાભાવિક છે કે, મારા સિવાય બધાને લાગી આવે! બાકી મને તો ખબર જ છે કે, મેં જિંદગીમાં ક્યારેય કોઈના માથેથી સિઝનમાં પણ કેરીનો કરંડિયો ઉતારવામાં મદદ નથી કરી એટલે જ મારે અકાળે મોતિયો ઉતરાવવાનો વારો આવ્યો છે.

કેટલાકની તો સત્તર રૂપિયાની સ્લિપરની પટ્ટી સત્તર મહિનામાં તૂટી જાય કે બે નંબરની આવકમાં મંદી આવી જાય તોય રોદણાં રોવા બેસે છે કે મેં કદી કોઈ બાળકનું બાળોતિયું પણ નથી બગાડ્યું છતાં ભગવાન મારી સાથે જ આવું કેમ કરે છે? આવા ઢીલાઢફોને સવિનય જણાવવાનું કે હું ક્યારેય મોતિયા કૂતરા સામે ભસી નથી કે, નથી મેં એના બિસ્કિટમાં કદી ભાગ પડાવ્યો. એટલું જ નહીં મેં `મોતિયા લાડુ'નો પ્રસાદ પણ ક્યારેય આંખે અડાડ્યા વગર ખાધો નથી. છતાં મારે મોતિયા સાથે પનારો પડ્યો! કહેવાનો મતલબ કે, ક્યારેક અદૃશ્ય કર્મનાં ફળ પણ ભોગવવાં પડે. આપણને ખ્યાલ ન હોય પણ એવું બન્યું હોય કે આપણે કોઈકની સામે ભવાં ચડાવ્યાં હોય ત્યારે ભવાં સાથે લેન્સ (મણિ) પણ સહેજ ચડ્યો હોય જે આપણને દેખાયો ન હોય, પણ એ (મણિ) ચડ્યો હોય તો જ ઉતારવાની નોબત આવે. ધીસ ઇઝ ફિલોસોફી!

જોકે મને મોતિયો ઉતરાવ્યા પછી ઘણું સારું લાગે છે. ઉપરથી અફસોસ થાય છે કે, મોતિયો ઉતરાવવામાં ઘણું મોડું કર્યું. યે કામ તો મુઝે બરસોં પહલે કરના થા, કારણ કે મોતિયો ઉતરાવ્યા પછી દૃષ્ટિમાં એવી ચમક આવી ગઈ કે, રસ્તા પર પડેલો કચરાનો ઢગલો પણ મને ડેકોરેટિવ લાગ્યો! અને હું એ વાતે દુઃખી થઈ કે, આવો સુંદર કચરો લોકો કેમ ફેંકી દેતા હશે? `એન્ટિક પીસ' જેવો લાગતો આ કચરાનો ઢગલો તો ડ્રોઈંગરૂમના ખૂણાને શોભાવે એવો છે! આ સાથે મને જ્ઞાન લાધ્યું કે, `ગામને ચોખ્ખું કરવા કરતાં મોતિયો ઉતરાવી લેવો સારો!!'

હવે કચરો જો આટલો કામણગારો લાગે તો કચરા (ભ'ઈ) જેવા માણસો તો કેવા મનમોહક લાગે? આ `બ્રેક કે બાદ' ખરેખર મને કાળા માણસો શ્યામ અને શ્યામ માણસો અશ્યામ દેખાય છે. તો વળી શ્વેત માણસો અંગ્રેજો જેવા ધોળિયા દેખાય છે. અમારાં એક સંબંધી શ્વેતાબહેન છે. એ ગોરાં છે. (નામ બદલ્યું છે, રંગ નથી બદલ્યો) જેમ કેટલાંક ભગવાનમાં નથી માનતા એમ આ શ્વેતાબહેન, `ગોરે રંગ પે ન ઈતના ગુમાન કર, ગોરા રંગ દો દિનમેં ઢલ જાયેગા...' આ ગીતમાં નથી માનતાં એટલે એમને એમના ગોરા રંગનું ગુમાન છે! મને એવો સુવિચાર આવે છે કે, વીમા કંપનીવાળા જો વાંધો ન ઉઠાવે તો મારા મેડિક્લેમ પર હું શ્વેતાબહેનનો મોતિયો ઉતરાવી દઉં! જેથી એમને બીજા બધા પણ `ઊજળા' દેખાય અને એ જોઈ એમનો અહમ્ `ફિક્કો' પડી જાય. મોતિયો ઊતરવાની સાથે જો અહમ્ ઊતરી જતો હોય તો એ તો માથાના દુખાવા ભેગું માથુંયે ઊતરી ગયા જેવું રૂડું કહેવાય ને?

મોતિયો ઉતરાવ્યા પછીના, કેટલાક મહાનુભાવોના અનુભવ અત્રે રજૂ કરું છું. શંભુભાઈ નામે અમારા વેવાઈ છે. (વેવાઈ એક પ્રકારના મહાનુભાવ જ કહેવાય ને?) તેઓ નામ જેવા જ ગુણ ધરાવે છે. મતલબ ભગવાન શિવ જેવા જ તેઓ ભોળા અને કલ્યાણકારી સ્વભાવના છે. એમને ત્રીજી આંખ નથી એટલો જ ફરક! જોકે ત્રીજી આંખ હોત તોપણ તેઓ ક્યારેય ખોલત નહીં. અર્થ એવો નહીં કે તેઓ આળસુ છે, પણ એકદમ ઠંડા સ્વભાવના હોવાથી તેઓ ત્રીજી આંખનો બીજો ગમ્મે તે ઉપયોગ કરત પણ ખોલવામાં ઉપયોગ ન કરત. એક વાર એમને અચાનક `પહેલી અંતિમ ઇચ્છા' જાગી ઊઠી કે ભલે અમેરિકામાં નહીં તો અમદાવાદમાં, પણ મારું એક `વ્હાઈટ હાઉસ' હોય!! એટલે એમણે ઘરને સફેદ ચૂનાથી ધોળાવ્યું. હવે એ જ વખતે એમના ભોળપણનો ગેરલાભ લઈ એમની આંખમાં મોતિયો ઘૂસી ગયેલો. અને એમને ખબર નહીં. એટલે ઘર ધોળાવ્યા પછી રોજ ઘરની દીવાલ જુએ અને એમને ઝાંખી લાગે. એટલે અફસોસ કરે કે રંગારાને એકદમ સફેદ ચૂનો લગાવવાનું કહ્યું'તું તોયે મારો બેટો `ઑફ વ્હાઈટ ચૂનો' લગાવી ગયો! હવે ઘરમાં બીજા બધાને દીવાલ ઊજળી દેખાય અને શંભુભાઈને જ ફિક્કી લાગે. તેથી શંકાને ચેક કરવા આંખો ચેક કરાવી તો નિદાન થયું કે મોતિયો પાકી ગયો છે. એટલે મોતિયાનું ઑપરેશન કરાવ્યું. પછી તો એ જ ચૂનો એમને ચાર ગણો વ્હાઈટ લાગવા માંડ્યો!!

એક બચીબેન. એમનું અસલી નામ તો બકુલાબહેન. પરંતુ ગામલોકો એમને બચીબેન કહીને બોલાવે છે, કારણ કે તેઓ સાત વાર મોતના મુખમાં જઈને બચીને પાછાં આવેલાં. એ રીતે તેઓ પણ મહાનુભાવ જ થયાં ને? આ બચીબહેન રોજ બપોરે આંખ આંજી નાખે એવા અજવાળામાં બહાર બેસીને કપડાંને ઘડી કરવા બેસે અને બધ્ધાં કપડાં એમને કધોણાં લાગે. એટલે રોજ્જે કામવાળીને ધોકાવે, મતલબ ધમકાવે! એમની કચકચથી સાત સાત કામવાળીઓએ કામ છોડી દીધું. આઠમી કામ છોડવાની તૈયારીમાં જ હતી અને બચીબહેને મોતિયો ઉતરાવ્યો. બીજા જ દિવસથી બચીબહેન ગાવા લાગ્યાં, `દૂધસી સફેદી... કામવાળી લાયે... કપડાં જોઇને આંખ... ઠરી ઠરી જાયે...!!'

બીજાં એક જમના ડોશી. આખા ગામનાં એ એકલૌતાં `આજતક'! સારી નરસી કોઈ વાત એમની જાણબહાર ન હોય. પણ આ `જમ'ના ડોશીની 'જાણબહાર' એમનો પોતાનો જ મોતિયો પાકી ગયેલો. એટલે એમને દાળ-શાકમાં હળદર-મરચું આછાં (ઝાંખાં) દેખાવાને કારણે ઓછાં લાગે. તેથી જ જમવા બેસે અને એમની જીભમાં `જમ' વસે. એ હળદર-મરચાં કરતાંય વધારે લાલ-પીળાં થાય! અને સાસુની જાત પર જઈને વહુની વલે કરે... ``વહુ, હળદર-મરચું તારા બાપના ઘરેથી લાયી છે તે ઓછાં નાખે છે? જે આંખને જોવું ન ગમે એ મોઢામાં શેં જાય?...'' એમ રોજ બરાડે. પછી બબડતી-બબડતી ડોશી માંડ પાંચ-સાત વાટકા દાળ-શાક ખાય! પણ સમજદાર વહુ સમજતી કે વન-વે ટ્રાફિકમાં ઘૂસવાથી દંડાવાનું જ આવે, તેથી એ ચૂપ જ રહેતી. આવું પૂરું પાંચ મહિના ચાલ્યું. પણ પછી જેવો મોતિયો ઉતરાવ્યો... ડોશીને દાળ-શાકનો રંગ જરા વધુ પડતો લાલચટક લાગવા માંડ્યો. પણ વહુનાં વખાણ ન થઈ જાય એટલે જમના ડોશી `જમતા જોગી'ની જેમ ચૂપચાપ જમતાં થઈ ગયાં!

એક દીકરાએ છ વરસ પહેલાં જ, વ્યાજથી લથબથતી લોન લઈને ઘર ખરીદેલું. છતાં છેલ્લા છ મહિનાથી ઇન્દ્રવદનભાઈ, પોતાના દીકરા અને ઘર સામે જોઈને રોજ સવાર-સાંજ ભજન ગાયા કરે, `પંખીડાને આ પિંજરું, જૂનું જૂનું લાગે...!' દીકરો પેરામેડિકલ લાઇનનો સ્નાતક હતો એટલે એને ભજનનો ગૂઢાર્થ ક્લિક થઈ ગયો. પોતે બાપાને `આંખ બતાવે' તો બાપા બગડે, એટલે આંખના ડૉક્ટરને બાપાની `આંખ બતાવવા' લઈ ગયો. નિદાન થયું. મોતિયો બરાબર પાકી ગયો છે. એ પાકેલા મોતિયાને તાત્કાલિક ખેરવવામાં નહીં આવે તો

જાતે ખરી પડશે. અને તેથી મેડિક્લેમની ઐસી કી તૈસી કરીને તત્કાલમાં ઑપરેશન કરાવ્યું. અને ત્રીજા દિવસે ઇન્દ્રવદનભાઈ બોલી ઊઠ્યા.... આપણું ઘર તો ઇન્દ્રભુવન જેવું લાગે છે!!

એટલે કહું છું કે હળદર હાટુ થઈને વહુ સાથે મરચાં લેવા કે નવ્વાણું લાખ નવ્વાણું હજારમાં નવું મકાન લેવા કરતાં વરસમાં બે વાર મોતિયો ઉતરાવી લેવો સારો!!

અને હા, મિત્રો... આ કથા માત્ર કથા કરવા ખાતર નથી કરી. એમાં એક મારફાડ મેસેજ છુપાયેલો છે કે, આપણને તકલીફ થતી હોય તો એમાં ક્યાંક આપણો જ વાંક તો નથી ને, એ તપાસી લેવું. મેં કહેલી આ વાતો સાંઈ જેવી સત્ય છે, બાબા! છતાં વિશ્વાસ ન આવતો હોય તો લાઇવ અનુભવ માટે એક વાર કાચો-પાકો મોતિયો ઉતરાવી જાતે ખાતરી કરી લેજો... અસ્તુ.

*

તંદુરસ્તીની રક્ષા કરે છે લાઇફ-જોય!

છમ્મવડું

નીરોગી રહેવા માટે મહિનામાં એક વાર હસવાનું રાખો.'

`તમારી પરેજી તો બહુ કડક ભાઈસા'બ!'

સાંપ્રત સમયમાં જોરશોરથી કોઈ તરફડી રહ્યું હોય તો એ છે માણસની તંદુરસ્તી! અને એની રક્ષા માટે (એની એટલે તરફડાટની રક્ષા નહીં, તંદુરસ્તીની રક્ષા માટે) `વિશ્વ આરોગ્ય દિવસ'ના નામે વરસમાં એક દિવસ ફાળવવામાં આવ્યો છે. આ દિવસ એટલે 7મી એપ્રિલ. આ દિવસ `ઓન પેપર' ખાસ્સો ધામધૂમથી ઊજવાય છે. મતલબ જેમનું આરોગ્ય કથળી ચૂક્યું હોય એવા લોકો પણ આ દિવસે આરોગ્ય વિશે હેલ્ધી લેખ લખવા બેસી જાય છે. તો મારું આરોગ્ય તો હજુ કથળવાની બોર્ડર ઉપર છે અને `બોર્ડર' ઉપર હોય એણે તો લડી જ લેવાનું હોય ને? ડાયાબિટીસ બોર્ડર ઉપર હોય એને છુપાઈને ગળ્યું ખાવાની છૂટ હોય છે એ હિસાબે હું પણ તંદુરસ્તીનો આ લેખ અંધારામાં બેસીને લખી રહી છું. કારણ કે કોઈ ઓળખીતા જોઈ જાય તો તરત જ પૂછે કે તમને જૂનો મરડો અને નવો મેનીન્જાઈટીસ મટી ગયો?! જોકે આપઘાત વિશે લખવા માટે આપઘાત કરવો જરૂરી નથી અને નાક વિશે લખવા માટે નાક હોવું જરૂરી નથી એમ આરોગ્ય વિશે લખવા માટે માત્ર નકરું હેલ્ધી હોવું જરૂરી નથી. કોઈ કવિએ શાયદ આના અનુસંધાનમાં જ કહ્યું છે કે -

`કળીને શું ખબર હોય, ખિઝા શું ને બહાર શું?
અનુભવ કાજ વિકસીને સુમન થવું ઘટે...'

મતલબ, સદાય સ્વસ્થ રહેતા એટલે કે અણનમ હેલ્ધી માણસ કરતાં બહુધા બીમાર રહેતો માણસ આરોગ્યનું મહત્ત્વ વધુ સારી રીતે સમજી અને સમજાવી શકે!!

આરોગ્ય માટે જીવનમાં આનંદ અને શાંતિ નામના બે જ સંતાનની જરૂર છે. અને આ આનંદ તેમજ શાંતિ મેળવવાના સહુના રસ્તા નોખા-નોખા હોય છે. મારી જાણમાં એક સિનિયર સિટીઝન ગ્રૂપ છે. એમણે આનંદની આપ-લે માટે સુંદર આયોજન કર્યું છે. આ ગ્રૂપના દરેક સભ્ય દિવસ દરમિયાન જે વાચન કરે એમાંથી `હસવું આવે એવું' સાહિત્યનું કટિંગ કરી તેની એક અલગ ફાઈલ તૈયાર કરે. પછી સાંજે એમની નિયત `હાસ્યકૉર્ટ'માં એ ફાઇલ લઈને હાજિર થઈ જાય. (કૉર્ટમાં હાજર નહીં, હાજિર જ થવાય!) અને સુનાવણી કરે. એમનો આ `હસો-હસાવો' પ્રાયોજિત પ્રોગ્રામ પૂરા બે કલાક ચાલે. ઉંમરને કારણે જેમને બેવડ વળવાનું રહી ગયું હોય એવા `દાદા'ઓને અહીં હસી-હસીને બેવડ વળી જવાનો લહાવો મળે! આ વડીલોને સ્વાર્થી બનતાં શરમ આવતી હોવાથી તેઓ તેમના આ સહિયારા સાહિત્યની સ્વખર્ચે અને સ્વજોખમે ઝેરોક્ષ કરાવીને સગાંસંબંધીઓને પણ વહેંચે છે. અને એમને પણ હસવા મજબૂર કરે છે. અમે હસીએ અને તમે શેના રહી જાવ... એવું જાણે મીઠું વેર વાળે! હવે જે ખુશી વહેંચતા ફરે એમને ખસ-ખૂજલી શેનાં થાય? ટૂંકમાં દિવસમાં બે કલાક પેટ પકડીને હસવાથી તેઓનું પેટ સાફ આવે છે અને જેનું પેટ સાફ એને બધાં દરદ માફ! હાસ્યસેનાની સિનિયર્સની જેમ બધા લોકો જો પ્રસન્ન પર્યાવરણ `ઊભું' કરી એમાં બે ઘડી `બેસે' તો મને લાગે છે કે ખુદ મેડિક્લેમને માંદા પડવાના દા'ડા આવે!!

આરોગ્ય માટે શાંતિ એટલી જ આવશ્યક છે. `બહારવાળી શાંતિ' નહીં હોં, અંદરવાળી `શાંતિ'! પણ કેટલાક લોકો અજંપાના આશિક હોય છે. તકલીફ ભલે ગમ્મે તેને થાય, અજંપો આવા આશિક ને જ થાય. અમારી સોસાયટીમાં એક ચિન્મયીબહેન છે, જેમને લાડમાં અમે ચિંતામણિદેવી કહીએ છીએ. એમને કો'કની ચિંતા કરીને કાળા થવાનો ભારે શોખ! `હોનારત'

ન્યૂઝ ચૅનલનાં ચાહક આ ચિંતામણિદેવી સદાય ગરમાગરમ માઠા સમાચારની તલાશમાં જ હોય, `તમે સાંભળ્યું? પેલા ગીતાબહેન ગબડી ગયાં. આ ઉંમરે એમણે ધ્યાન રાખીને ચાલવું જોઈએ ને?' (કોઈ પણ ઉંમરે ધ્યાન રાખીને જ ચાલવાનું હોય ને? અને જીવતો માણસ ગમ્મે ત્યારે ગબડી પડે. અરે ગબડી પડવાનો ગમ ગીતાબહેનને નથી તો તું ચમ્મ ગમ કરે છે?!!) આ વાવડ હજુ વાસી ન થયા હોય ત્યાં બીજી ચિંતાની આંગળી પકડીને ચિંતાનું પ્રસારણ કરતાં કહેશે, `હાય હાય ઉપરવાળા ઉપેન્દ્રભાઈ ઊપડી ગયા? હજુ કાલે તો એમને મેં નીચે ઊતરતા જોયા'તા!! (હે દેવી, જે ઊપડી ગયા એમને પરમ શાંતિ થઈ ગઈ છે. તું શું કામ પરમ ઉપાધિ કરે છે? શાંતિ રાખને! પણ ના, એની હાયવોયને જપ ન વળે) આમ ધડા વગરની ધડાધડ ચિંતાઓ કરીને પછી ફરિયાદ કરે કે મને તો હાઈ બી.પી.નો કોઠો રહે છે!! અરે મારા જેવાની શાંતિ જોઈનેય ચિંતામણિજી અકળાય... આ જુઓને, પેલાં કનકબહેનના કપડાં ક્લીપ સોતાં ઊડી ગયાં તોય નલિનીબહેન શાંતિથી બેઠાં છે! અરે હું શું કામ ચિંતા કરું? મને ખબર જ છે કે, કારણ વગર કોઈ કાર્ય થતું નથી. જેણે કોઈકનાં કપડાં ખેંચ્યાં હોય એનાં જ કપડાં ઉડે! એમાં ક્લીપનુંય કંઈ ના ચાલે.

ટૂંકમાં જે શાંતિ અને આનંદની આંગળી પકડીને ચાલે છે એના આરોગ્યને ઊની આંચ આવતી નથી. અને દવાખાનાના ધક્કામાંથી મુક્તિ મળે છે. જોકે અત્યારે તો `બૉડી પ્રોફાઈલ' કરાવવું એ લેટેસ્ટ ફૅશન છે. એટલે કેટલાક સુખિયા શ્રીમંતો તો પોતાની બૉડીનો ઉપયોગ ફક્ત બૉડી ચેક-અપ કરાવવા માટે જ કરે છે!! ભગવાને બૉડી આપ્યું છે તો બીજું કંઈ નહીં તો ચેક-અપ કે મેક-અપ તો કરાવીએ! મેં તો જોયું છે કે આરોગ્ય જાળવવાની ચિંતામાં જ કેટલાકનું આરોગ્ય બગડતું હોય છે.

ખરેખર તો લાઇફ જોય મનદુરસ્તીની રક્ષા કરે છે. તંદુરસ્તી તો એની સુંદર સાઇડ ઇફેક્ટ છે.

*

... તો બહુ રાજી ન થવું!

છમ્મવડું

`નલિનીબહેન, કેટલીક વાર તો તમારા હાસ્યલેખમાં હસવું પણ આવી જાય છે!'

`ઓહ થેન્ક્યુ... થેન્ક્યુ... વાચક ભાઈ' હેં... એ... એ... કેટલીક વાર જ?!!

સાંપ્રત સમયમાં સહુથી વધુ તેજી હોય તો એ મંદીમાં છે. નોટબંધી પછી પૈસામાં મંદી છે. ઉપરાંત પ્રેમ, પ્રામાણિકતા, વિશ્વાસ, વેપાર-વાણિજ્ય વગેરેમાં પણ તેજ મંદી છે. મગજ (બુદ્ધિ)માં પણ ઝટ ખ્યાલ ન આવે એવી મંદી ચાલી રહી છે. (મગજમાં મંદી હોય તો જ ઝટ ખ્યાલ ન આવે ને?!) આમેય મંદીની અસર મગજ પર જ વધારે થાય. હવે આ માહોલમાં વખાણ... વળી કઈ ખાણની ખેતી? મતલબ એમાં પણ મંદી છે. યાદ કરો, તમે જ છેલ્લે કોનાં વખાણ કરેલાં? જોકે વખાણ કરવામાં મંદી છે પણ વખાણ મેળવવાની ડિમાન્ડ તો માણસની આદિકાળથી એવી ને એવી જ તીવ્ર છે. એટલે વખાણની આ મંદી અને માંગનો ગેરલાભ લઈ કેટલાક ભાણિયાઓ મણિ-મૂળચંદને મામા-મામી બનાવી જાય છે. આ સ્માર્ટીઓ એવાં વખાણ વાક્યો બોલે કે એ સાંભળીને આપણે સ્વભાવ મુજબ તાત્કાલિક ખુશ થઈ જઈએ, પરંતુ ભાણિયો ભાગી જાય પછી આપણને ભાન થાય કે એ મામો બનાવી ગયો. કહેવાનો મતલબ ચાલાક લોકો આવી `કોથળામાં પાંચ શેરી'વાળી કરતાં હોય છે અને તાજમહાલ `બની' ગયા પછી શાહજહાં માથે હાથ દઈને અફસોસ કરે કે, સાલા બહોત ખર્ચા હો ગયા....! એનો અર્થ નહીં ને!એટલે આગોતરી સાવધાની જરૂરી છે.

મારા વાચકો મારી શાન છે અને તેઓ આ પાંચશેરીના આક્રમણથી આબાદ બચી જાય એમાં એમની પોતાની શાન છે. એટલે ઉભયની `શાન' ઠેકાણે એટલે કે સ્વસ્થ રહે એ શુભ હેતુથી જ, `પ્રિવેન્શન ઇઝ બેટર ધેન ક્યોર'ના ધોરણે સદરહુ નમૂનાઓના કેટલાક નમૂના રજૂ કરું છું. જેથી વખાણ સાંભળવાની લ્હાયમાં ઉલ્લુ બનતા બચી શકાય. તો પેશ છે : શું સાંભળીને ઇન્સ્ટન્ટ રાજી ન થઈ જવું એની ટિપ્સ –

* `તમે બહુ હસમુખા છો હોં... જ્યારે જોઈએ ત્યારે કાયમ હસતા જ હો છો.' આવું કોઈ કહે તો રાજી રાજી ન થઈ જવું કારણ કે એ એવું કહેવા માંગતો હોય છે કે તમને ક્યારે હસવુ, ક્યારે ન હસવું એનું ભાન જ નથી!!

* `તમને કોઈ દિવસ નવરા બેઠેલા જોયા નથી. કંઈ ને કંઈ કરતા જ હો છો.' આવું કોઈ નવરો તમને કહી જાય તો રાજી ન થઈ જવું. ખરેખર તો એ તમને વેઠિયા કે હતપતિયા સમજતા હોય છે!!

* `તમારા જેવા સિદ્ધાંતવાદી મેં મારી જિંદગીમાં જોયા નથી.' આવું સાંભળીને રાજી ન થવું. એ એવું કહેવા માંગતા હોય છે કે તમે લીધી લત મૂકો નહીં એવા ચીકણા છો અને તમારામાં ફ્લેક્સિબિલીટીનો અભાવ છે!!

* `તમારો પૌત્ર તમારા પર ગયો છે.' એવું સાંભળી ને દાદાએ ફાંદ ફુલાવીને ખુશ ન થઈ જવું. એ મજાકિયો એવું કહેવા માંગતો હોય છે કે તમારો પૌત્ર તમારા જેવો બેઠી દડીનો થશે!!

* `તમારા ટિનિયાને 93 ટકા આવ્યા, કહેવું પડે!!' આવું પડોશી કહે તો રાજી ન થઈ જવું. એ એવું કહેવા માંગતા હોય કે માનવામાં તો હજુ નથી આવતું. પણ ટકા આવ્યા છે એટલે કહેવું પડે!!

* `મેં જોયું કે તમે ગમ્મે તેના સારા-માઠા પ્રસંગે જઈને ઊભા જ રહો છો.' આવી ખુશામતથી ખુશ ન થઈ જવું. એનું કહેવાનું તાત્પર્ય એ હોય છે કે તમે સાવ નવરીના છો. જ્યાં ત્યાં હાલી જ મળો છો!! મેડિક્લેમ પાસ ન થાય એવા ટાઇમ-પાસના તમે રોગી છો રોગી!!

* `તમે તેત્રીસ વરસ નોકરી કરી પણ ભ્રષ્ટાચારમાં તમારું નામ કદી આવ્યું નહીં. ' તમારી ચા પીતાં પીતાં ચમનભાઈ આવું કહે તો રાજી ન થઈ જવું. એનો ગર્ભિત ઇશારો એવો હોય છે કે તમે ભ્રષ્ટાચાર કરીને જ તમારું નામ આવતું અટકાવ્યું હશે!!

* `આ ઉંમરે તમે ઘણું કામ ખેંચો છો.' એવું કોઈ કહે તો, હાશ, કોઈકે તો કદર કરી એમ સમજી રાજી ન થઈ જવું. કામ ખેંચો છો કહીને તમને બળદ કહી દે છે !!

* `હું તમને રોજજે મંદિર જતા જોઉં છું.' આવું કહેનાર તમને પવિત્ર અને પુણ્યશાળી માને છે એવું માનીને પોરસાવું નહીં. એ તો એવું કહેવા માંગતો હોય છે કે ભિખારી પણ રોજજે મંદિર જઈને બેસે છે!!

* `તમે ઘણું સહન કરો છો.' એવું કોઈ સગો-સંબંધી કહે તો એ એક જ તમને સમજ્યા છે એમ સમજીને રાજી ન થઈ જવું. એનો કહેવાનો મતલબ એવો નીકળતો હોય કે ભાયડા કદી સહન ન કરે!!

* `તમારામાં અભિમાનનો છાંટોય નથી...' એવું કહે તો નાકનાં પોયણા ફુલાવીને રાજી ન થઈ જવું. કારણ કે એ મનમાં બબડતો હોય કે અભિમાન કરવા જેવું કશું તમારામાં બળ્યું હોય તો અભિમાન કરો ને!!

* વરસના વચલા દિવસે કોઈ આપણને કહે કે, `ઓહો, આજે તો જામો છો ને કાંઈ?... તો બહુ રાજી ન થઈ જવું. કારણ કે આમાં વખાણખોરનો ઇશારો એવો હોય છે કે કાયમ તો તમે `મેળવણ' વગરનાં જ લાગો છો!!!

* `ઓ હો... તમે A. C. લીધું?!' એમ કહે તો એ હરખ કરે છે એમ માનીને રાજી ન થઈ જવું. પણ સમજી લેવું કે એ તમને હજુયે સુદામો જ માને છે!!

* `લે, તમે હજી રિટાયર નથી થયા?' એમ આશ્ચર્ય વ્યક્ત કરે તો એ તમારી દયા ખાય છે, એવી ગેરસમજ કરીને રાજી ન થઈ જવું. ખરેખર તો એ એવું કહેવા માંગતા હોય કે તમે ઘરડાં તો ઘણા સમયથી લાગો છો!!!

* `તમારા વિચારો બહુ ઊંચા છે.' એવું કહેનાર પર ઓળઘોળ ન થઈ જવું. એ એવું કહેવા માંગતા હોય છે કે માત્ર વિચારો જ ઊંચા છે. તમારા ઉચ્ચ વિચારો તમારા આચરણમાં ક્યાંય ડોકાતા નથી!!

* `તમે તો ભારે નસીબદાર છો ભ'ઈ. જોબ સરસ મળી, પત્ની પણ સારી મળી. બાળકો પણ વેલ સેટ.' આવું કહે તો રાજી ન થઈ જવું. અહીં વખાણકર્તા એવું કહેવા માંગે છે કે તમારી ઔકાત તો ઝીરો છે. તમને જે કંઈ મળ્યું છે તે નસીબનાં જોરે મળ્યું છે!

અહીં સેમ્પલિયાં સમાપ્ત થાય છે. બાય ધ વે, હું પણ ઘણીવાર આવા `આનંદનાં ગરબા' લેતી હોઉં છું. અને સામેવાળાને રાજી થતા જોઈને – અંદરખાને હસી લઉં છું. જોકે લોકોનો પણ વાંક નથી. અત્યારે વિટામિન K, બોલે તો કદરની કમી સાર્વજનિક તૌર પર છે. એટલે જ કેટલાક તો સાંભળી શકાય એમ બબડતા હોય છે કે તરડાઈને તૂટી જઈએ તોય કોઈને કદર નથી. ત્યારે આપણાથી કહેવાઈ જાય કે તો તરડાયા વગર તૂટતો હોય તો બટકેલ બ્રાન્ડના!! હવે આવા માહોલમાં કોઈ બે શબ્દ સારા બોલે તો સ્વાભાવિક છે કે વખાણ અને મજાક વચ્ચેનો ભેદ પરખવાની ભાંજગડમાં પડ્યા વગર આપણે ફુલ સ્પીડમાં રાજી થઈએ છીએ. થવું... રાજી થવું. રાજી થવાની છૂટ છે. પણ યાદ રાખવું કે આપણાં વખાણ કરનારા બધા આપણા ફેન નથી હોતા. એમાંના ઘણાખરા (કેટલાંક) ફેંકુ હોય છે અને એ આપણને જ ફેન એટલે કે પંખો સમજે છે કે સહેજ સ્વિચ દબાવીશું એટલે પંખો `ગોળ ગોળ' થઈને (હરખાઈને) વગર વિચાર્યે ગોળગોળ ફરવા માંડશે! એટલે જ કહું છું કે આપણી પાસે સમુદ્ર જેટલો વિશાળ સમય છે. એટલે રાજી થઈ જવામાં ઉતાવળ ન કરવી. નહીં તો ઉતાવળા સો

બહાવરામાં ખપી જવાનો વારો આવે. અને આ રીતે ખપી ગયેલા શહીદ નથી ગણાતા – કહેવાતા. એટલે `Stop, think and then be pleased'

બાય ધ વે, ખોટી પ્રશંસા એ સાચી ખુશામત છે!!

*

ભસતાં કૂતરાં કાં કરડે નહીં?

છમ્મવડું

કૂતરાં સાવ કૂતરાં જેવાં કેમ હોય છે? કાશ, માણસ પણ સાવ માણસ જેવો હોત!

`ભસતાં કૂતરાં કરડે નહીં.' એવી હાથીની પૂંછડી જેવી સાવ સીધી અને પૂર્ણવિરામવાળી કહેવત અવળચંડા મૂળચંદથી સહન ન થઈ એટલે એણે બરાબર વચ્ચે કાંકારો કરીને, પછવાડે પ્રશ્નાર્થનું પૂંછડું ઊભું કરી દીધું - ``ભસતાં કૂતરા કાં કરડે નહીં?''

લોકો અબળખા પણ કેવા રાખે છે, જુઓને! હું તો કહું છું કે લોકોએ હવે આવી આકાંક્ષાઓ અને આગ્રહો રાખવાનું છોડી દેવું જોઈએ અને કૂતરાં ભસે એનાથી જ સંતોષ માની લેવો જોઈએ. આપણને મોંઘવારી, માણસ અને મચ્છર કરડે છે એ શું ઓછું છે તે કૂતરાં પાસે કરડવાની કાકલૂદી કરવા જઈએ?! અને બીજું કે ગેટ આઉટ.... કહેવાથી જો લેણિયાત પગથિયાં ઊતરી જતો હોય તો આપણે એને બચકાં ભરીએ છીએ? નહીં ને? તો પછી કૂતરાંય આપણા જેવાં જ હોય ને? (આપણે કૂતરાં જેવા હોઈએ એવું નથી કીધું હોં!) મતલબ કૂતરાની મોમે પણ એને નાનપણથી શિખવાડ્યું જ હોય કે ગલુ બેટા, ભસવાથી જ જો બધા ભડકીને ભાગી જતા હોય તો કરડીને આપણા દાંત એંઠા ન કરવા. કહેવાનો મતલબ વ્યવસ્થિત સમજાવવામાં આવે તો કૂતરાંય કરડતાં નથી!

વળી જેમ આપણી એક કહેવતમાં `હસવું અને લોટ ફાકવો' એ બે ક્રિયા સાથે કરવાની ના પાડી છે એમ એમના બંધારણમાંયે એવો કાયદો ઘડાયો હશે કે દેશનાં કૂતરાંઓએ ભસવું અને કરડવું, એ બેમાંથી એકની જ પસંદગી કરવાની રહેશે. એટલે ભસતાં કૂતરાં કરડવાનું ઓપ્શનમાં કાઢતાં હશે. તદ્દન વાજબીમાં ખપાવી શકાય એવું કારણ એ છે કે ભસવાનું કામ દૂરથી થઈ શકે, પણ કરડવા માટે છેક નજીક જવું પડે. અને કૂતરાં માણસની નજીક આવવા માંગતા ન હોય! ઉપરાંત કૂતરાં એવુંયે વિચારતાં હોય કે માણસને કરડીશું તો કદાચ છે ને આપણો વફાદારીનો ગુણ માણસમાં સ્થાપિત થઈ જાય તો પછી આપણામાં અને માણસમાં ફરક શું રહે?!! એવા ભયથી પણ એ ભસીને બેસી રહેતાં હોય.

બીજું કે ભજનમાં ભંગ પડે એ માણસને પોસાય છે એટલેસ્તો મોટે મોટેથી ગાતા હોય છે, ``..ભજનમાં ભંગ પડ્યો રે મારા ભ'ઈ....!'' પણ ડોગ ડોટ કોમ. ને ભસવામાં ભંગ પડે એ નહીં પોસાતું હોય તેથી ભસતી વખતે કરડવામાં જીવ ન રાખતા એકાગ્ર ચિતે ભસવામાં જ મગ્ન રહેતા હોય. અને ``Bark while you bark and bite while you bite'' એવું એમનેય શિખવાડવામાં આવ્યું હોય કદાચ! વળી એને પોતાને ભસવામાં જ અલૌકિક આનંદ મળી રહેતો હોય પછી શું કાંદા લેવા કરડે? આપણને ટૂંકી સહી કરીને જો પૂરતું બેકારી ભથ્થું મળતું હોય તો નોકરી કરવા જઈએ? એ તો એવું ત્યારે!

કરડવું એ થોડું કૉમન કર્મ છે. માંકડ, મચ્છર, મધમાખી, કીડી, મંકોડા, ભમરી, વીંછી, સાપ અને ઘણીવાર તો માણસ પણ કરડે છે. જ્યારે ભસવાનું સૌભાગ્ય માત્ર કૂતરાંને જ સાંપડયું છે. ભસવું એ ડોગને મળેલી ગોડ ગિફ્ટ છે. એટલે એ મહદ અંશે ગોડ ગિફ્ટનો જ ઉપયોગ કરવાની ખેવના રાખતાં હોય! એક ખરબચડી શંકા એવી પણ કરી શકાય કે કેટલાંક ઉંમરલાયક કૂતરાં બોખાં થઈ ગયાં હોય એટલે એવા કૂતરાં ભસીને બેસી રહેતાં હોય. કૂતરાંને બિચ્ચારાંને ડેન્ચર કોણ કરાવી ધે?!

કૂતરાંઓને એવો સુવિચાર આવતો હોય કે કરડીને ઉપરથી સામેવાળાને હડકવા આપવાનો અને લેવાનું કંઈ નહીં. પછી શા માટે કરડવા દોડવું?! આમ ભસીને કંઈ ગુમાવવાનું નથી અને કરડીને કંઈ મળવાનું નથી એટલે કરડવા કરતાં ભસવું ભલું. મારું અવલોકન છે કે

કૂતરાં કારણ વગર ભસતાં હોય છે, પણ કારણ વગર કરડતાં નથી. એનું પવિત્ર કારણ મારી આ સ્વરચિત પંક્તિમાં પડેલું છે –

``પ્રાણી પ્રેમ પિછાણે છે, એને પ્રેમથી પંપાળાય,
છંછેડો જો એને તો એ કડાક કરડી ખાય.''

હે મૂળચંદ, મેં મારી યથામતિ મંથન કરી તારા `કાં' નાં કારણો જણાવ્યાં. છતાં આ કરુણામય કારણોથી તને ધાર્યો સંતોષ ન થયો હોય તો તારી ઇચ્છાપૂર્તિ કરવા હું કૂતરાંને સમજાવીશ કે અમે તો છીંક ખાતાં ખાતાં પાણી નથી પી શકતાં પણ તમે કોકવાર ભસતાં ભસતાં કરડવાનું રાખો. OK?

રહી-રહીને મને થાય છે કે અરેરે, આ મેં શું કર્યું? એ તો મૂળચંદ છે એટલે આવા ડોગીશ પ્રશ્નો પૂછે. પણ મારે શા માટે એના જવાબ આપવા જોઈએ? જવા દો હવે, ભસી નાંખ્યા પછી ભૂંસવું શું?! સૉરી, લખી નાખ્યા પછી ભૂંસવું શું? જોયું જેના અને જેવા વિચાર કરો એવી ભાષા આવી જ જાય. અહીં મૂળચંદના પ્રશ્નની પારાયણ પૂરી થાય છે. પણ કૂતરાયણ માંડી જ છે તો કૂતરાંની કેટલીક વિશેષ વાતો પણ કરી લઈએ.

કૂતરાંમાં માણસના કેટલાક ગુણો જોવા મળે છે. છતાં અજબ જેવી વાત એ છે કે આપણો નેગેટીવ ઊભરો ઠાલવવા ક્યારેક માણસને આપણે `કૂતરો' કહી દઈએ છીએ. પણ કૂતરાને ક્યારેય `માણસ' નથી કહેતા. કૂતરાંઓ ક્યારેક ટાઇમપાસ કરવા અમથાં-અમથાં ભસતાં હોય છે. એમ મૂળચંદ લોગ પણ ક્યારેક ટાઇમપાસ કરવા અમથી-અમથી લેવા-દેવા વગરની ફિઝૂલ વાતો કરતા હોય છે. જેમ કે ચૂંટણીની વાતો કરવાથી એનું ચાર પૈસા મોંઘવારી ભથ્થું વધવાનું ન હોય તોય ચૂંટણી પહેલાં, ચૂંટણી દરમિયાન અને ચૂંટણી પતી ગયા પછી ચૂંટણીની ચટણી વાટ્યા જ કરે. ગાય-ભેંસ, બકરી-બળદ પણ સાચુકલાં પ્રાણીઓ જ છે ને? પણ એકાદ ગાય-ભેંસ ભાંભરે તો બીજી ગાય-ભેંસો ગમ્મે ત્યાંથી દોડતી આવીને એની જોડે ભાંભરવા નથી માંડતી. પણ એક કૂતરું જો કારણ વગર, જસ્ટ બે ઘડી ચેન્જ માટે ચાર વાર ભસ્યું તો બીજાં કૂતરાંઓ દોડતાં દોડતાં આવીને એની હારોહાર ભસવા માંડશે. માણસોનું પણ એવું ખરું. રસ્તામાં બે વટેમાર્ગુ વચ્ચે સહેજ બોલાચાલી થાય તો બાર માણસ ભેગા થઈ જાય. પેલા બે જતા રહે પછી પણ ટોળું વિશ્લેષણ ચાલુ રાખે. વાણી વલોવે! બે રોટલી માટે કૂતરાં આખો દિવસ અહીંથી તહીં રખડતાં ફરે છે. માણસનું પણ કંઈક એવું જ ને? કૂતરાંની પૂંછડી હકીકતમાં વાંકી છે. જ્યારે માણસની કહેવતમાં વાંકી છે. `કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી' એ કહેવત લખાઈ છે માણસ માટે સ્તો! ઋણાનુબંધ વગર કોઈ કોઈના કામમાં નથી આવતું. મને એ નથી સમજાતું કે માણસ અને કૂતરામાં સારું એવું સામ્ય છે તોય માણસને કાં કૂતરા સામે જ વાંધો છે કે પછી સામ્ય છે એટલે જ વાંધો છે?!! Dog Knows, Sorry God Knows.

નજીવા અફસોસ સાથે જણાવવાનું કે કૂતરાની છીછરી ઊંઘ પણ શ્વાનનિદ્રા તરીકે પ્રસિદ્ધ છે. જ્યારે આપણા ઘસઘસાટ ઉજાગરાની ક્યાંય નોંધ નથી લેવાતી. ઉજાગરાની નોંધ ભલે ન લેવાય પણ ઉજાગરો કરીને કંઈક લખું તો ચોક્કસ નોંધ લેવાશે એવી લાલચથી ઉતરાયણના `દિવસે' ઉજાગરો કરીને મેં કૂતરાયણ કરી. આમેય મને પતંગ `ખેંચતા' સારી આવડે છે. કલમના લંગસિયાથી ગમ્મે તેની `ખેંચી' નાખું. પછી કૂતરો હોય કે કૂતરાની પૂંછડી!!

આ તો મેં વાતો જ કરી હોં કે? બાકી હું તો કૂતરાં સાથે ક્યારેય માથાકૂટમાં પડતી જ નથી. એટલે એ મારી સામે ક્યારેય ભસતાં નથી કે મને કરડ્યાં પણ નથી. અને એટલે કૂતરાં મને કૂતરાં જેવાં લાગતાં ય નથી. હા, વરસો પહેલાં એક જ વાર મને માણસજાતનો કડવો વખ અનુભવ થયેલો. એના બીજા જ દિવસથી મેં કૂતરાંને રોટલી નાખવાનું ચાલુ કરી દીધેલું એ હજુ યાદ છે. એટલું જ નહીં, મેં એ પણ અનુભવ્યું કે ખઉખઉ આપીએ તો કૂતરાં કરડતાં નથી એ

હું ખાતરીપૂર્વક કહી શકું. ટૂંકમાં કૂતરાના ચોક્કસ પ્રકારના `હાઉ-ભાવ'થી બચવું હોય તો ઉપાય તરીકે સવાર-બપોર-સાંજ રોટલી નાખવી. ઈતિ સિદ્ધમ્

*

છૂટાછેડા લેવાતા હશે?

છમ્મવડું

`નલિનીબહેન છૂટાછેડા વિશે કેમ લેખ લખ્યો?'

`આ ઉંમરે લગ્નવિષયક લેખ લખું તો સારું ના લાગે ને!'

છૂટાછેડા લેવા એટલે નવા પ્રૉબ્લેમ્સ સાથે ઢીસૂમ... ઢીસમ... કરવું. મતલબ જેમને પોતાનાં પ્રૉબ્લેમ્સમાં ચેન્જ જોઈતો હોય એમણે છૂટાછેડા લેવા જ અને અવશ્ય લેવા, પરંતુ જે માનતા હોય કે ``ચા ઊનો સારો અને પ્રૉબ્લેમ જૂનો સારો" એણે લગ્ન ચાલુ રાખવાં." આ જ પુસ્તકના છેક પહેલા લેખમાં મેં છૂટાછેડાની સુંદર ઇફેક્ટ બતાવી હતી. આ છેલ્લા લેખમાં છૂટાછેડાની સાઇડ ઇફેક્ટ બતાવીશ. અને એય કોઈને સાઇડમાં લઈ જઈને નહીં, પણ બધાની સામે જ બતાવીશ. સાઇડ ઇફેક્ટ ગમી જાય તો પછી .... તમે છો ને છૂટાછેડા છે.

વાત જાણે એમ છે કે માણસો સુખી થવા લગ્ન કરે છે. લગ્નથી દુ:ખી થઈને છૂટાછેડા લે છે અને છૂટાછેડા લઈને સુખી થતા નથી. જો સુખી થયા હોત તો તેઓ જરૂર પોતાની ડિવોર્સ – એનિવર્સરી સેલિબ્રેટ કરતા હોત અને એમાં પણ મજાની મેંદી-રસમ, રાસ-ગરબા કે ડી.જે. પાર્ટી ગોઠવતા હોત. પરંતુ આજ સુધી આવું જોવા મળ્યું નથી કે નથી છૂટાછેડાની સી.ડી. કે આલ્બમ બનતા. હવે જે પ્રસંગની `સીડી' ન ઊતરતી હોય એ પ્રસંગના પગથિયાં શું કામ ચડવાં?!

છૂટાછેડા લીધા પછી મૂળચંદલોગ બે ભાગમાં વહેંચાઈ જાય છે અને બંને પ્રકારમાં રહેંસાઈ પણ જાય છે. કેટલાક `પરમવીર ચક્રમ' છૂટાછેડા લીધા પછી બીજાં લગ્ન કરે છે. એનું દૃશ્ય જોઈએ. `તેરે બીના જીયા જાયે ના...' ગાઈને જે સવિતા સાથે શાદી કરી હોય એને,...``તેરે સંગ જીયા જાયે ના..." એવું ગાયા વગર છૂટાછેડા આપીને પછી કવિતા સાથે લગ્ન કરવા હાલી નીકળે છે. હવે તમે જ કહો, કવિતા ક્યાં સુધી સહન થાય? એટલે એ `ફંસ ગયે ઓબામા' બે-ચાર મહિનામાં જ બબડવા માંડે છે કે, આ ક-વિતા તો એના નામ પ્રમાણે બહુ ખરાબ રીતે વિતાડે છે, ભ'ઈસા'બ! આના કરતાં તો પેલી સ-વિતા સારું વિતાડતી'તી! આમ એની દશા `પહાડસે છટકા તો ખજૂરપે લટકા' જેવી થાય છે. ટૂંકમાં દરેક `રોગ'માં પીડા તો હોવાની જ પણ અનુભવે સમજાય કે નવી પથરી કરતાં જૂની શરદી સારી!! આ જ પ્રકારના પેટા મૂળચંદ તો `મૃગજળ' પર પીએચ.ડી. કરવા માંગતા હોય એમ બીજાં લગ્ન કરીને ફરી છૂટાછેડા લે, ફરી ત્રીજાં લગ્ન કરીને પાછા છૂટાછેડા લે. આપણને એ ન સમજાય કે એને લગ્નનો શોખ છે કે છૂટાછેડાનો? જોકે સમજીને આપણે કામેય શું હોય? પણ બળ્યું, અહખ થાય એટલે બોલાઈ જાય. અહીં બ્રિટની પિયર્સને યાદ કરવી ઘટે. એ લેડીને પોતાને યાદ નહોતું રહેતું કે પોતે કેટલી વાર છૂટાછેડા લીધા?! એકવાર તો લગ્નના ચોવીસ કલાક પૂરા થાય એ પહેલાં એણે છૂટાછેડા લઈ લીધેલા! અેને છૂટાછેડામાં વધુ લગન હતી, એટલે જ લગ્ન કરતાં એના છૂટાછેડા બે ઘડી લાંબા ટકતા!

બીજા પ્રકારના એટલે કે `બે નંબરના' ડિવોર્સી મૂળચંદની વાત કરીએ તો, આ મૂળચંદો આળસ કે બીકને કારણે બીજાં લગ્ન નથી કરતાં. આવા મૂર્ખ મૂળચંદો ઉપર તો મને ગરમાગરમ ગુસ્સો આવે, અરે એને તો ચીટિયો ભરીને પૂછવાનું મન થાય કે અલા, અપ-ડાઉન નહોતું કરવું તો પાસ શું કામ કઢાવ્યો? પત્ની સાથે ખાલી કીટ્ટા પાડીને જુદા રહેવા જતું રહેવાય ને? લીવ-ઈન રિલેશનશિપમાં માણસ લગ્ન કર્યા વગર સાથે રહે છે તો છૂટાછેડા લીધા વગર પણ છુટ્ટા રહી જ શકાય ને? ઠાલો ખર્ચો કરવાની ક્યાં જરૂર હતી?

જોકે રી-મેરેજની ભૂલ નથી કરતા એ મૂળચંદોને પણ ભોગવવું તો પડે જ છે. શરૂઆતનો

થોડો સમય મુક્તિની મહેફિલ માણે છે પણ સમય જતાં એ મહેફિલનો નશો ઊતરી જતાં એને એકલા એકલા અહખ થવા માંડે છે. જેમ પેલા વી.આર. એસ. (સ્વૈચ્છિક નિવૃત્તિ) લેવાની ભૂલ કરનારને થોડો સમય આરામ કર્યા પછી આરામનોય થાક લાગવા માંડે છે. અને ત્યારે એને પોતાની `ત્યક્તા ઑફિસ' યાદ આવે છે. અરે ઑફિસ જ નહીં, પણ ઑફિસનાં બોગસ બૉસ, પાવર કરતો પટાવાળો, ચાના ડાઘાવાળું ટેબલ, ગાદી વગરની ખુરશી ને ફાઈલો પરની ધૂળ પણ યાદ આવે છે. એ બધાનો ઝુરાપો સાલે છે. એવી જ દશા આ `બે નંબરના' બેકાર ડિવોર્સીની થાય છે. પડોશીના `ગુડમોર્નિંગ ઝઘડાની' રાસ-રમઝટ સાંભળીને એને પણ પત્નીનો વેલણરાસ અને વેલણથી બચવા પોતે કેવો લુંગીડાન્સ કરતો એ યાદ આવે છે. એટલું જ નહીં, પોતાનાં બાળકોનાં તોફાન વગર ઘર સ્મશાન જેવું લાગવા માંડે છે. એટલે ઘરનાં ખરબચડા ખૂણામાં બેસીને, માથે હાથ દઈને,... `બહુ સૂનું-સૂનું લાગે છે, મને વસમું-વસમું લાગે છે...' એવાં સૂમસામ ગીત ગાઈને પડ્યો રહે છે.

આમ છૂટાછેડા લીધેલ બાવાનાં બેય બગડે છે. જે ફરી લગ્ન કરે એને નવા પ્રૉબ્લેમ સાથે ઢીસૂમ... ઢીસૂમ કરવું પડે છે. જૂના મગજ સાથે નવી – મગજમારી કરવાની હોય છે. અને જે છૂટાછેડા લીધા પછી છુટ્ટા જ રહે છે એમને ગમગીન ગીતો પર ગુજારો કરવાનાં દા'ડા આવે છે.

તૂરું સત્ય એ છે કે, (મને કડવું સત્ય નથી ભાવતું એટલે હું તૂરું સત્ય વાપરું છું) એંસીનું આયખું એકલાથી ન ખૂટે એટલા માટે જ લગ્નપ્રથા ઊભી કરવામાં આવી છે. (લગ્નપ્રથા ઊભી કરી કે ઉપાધિ ઊભી કરી... એવું કોણે પૂછ્યું?) બૈરાં- છોકરાંના કજિયા-કંકાસમાં એંસીનાં બ્યાંસી થાય તોય ક્યાં પૂરા થઈ જાય, ખબરેય ન પડે. હા, લગ્નજીવન એ લાંબામાં લાંબુ ચાલતું જીવન છે. એકધારાપણાથી બકરા-બકરીનેય બગાસાં આવે, તો બંટી-બબલીને તો બબ્બે બગાસાં એકસાથે આવે. ફક્ત પિસ્તાળીસ મિનિટનું હોય તો પણ લેક્ચરમાં ક્યારેક કંટાળો અને બગાસાં આવે છે. (લેક્ચરમાં તો ક્યારેક નહીં, કાયમ... એવું કોણ બોલ્યું?) પણ બગાસાં આવે તો બંક મારીને ફ્રેશ થઈ આવવું એ બગાસાનો ઉપાય છે. બંધિયારમાંથી બે ઘડી બહાર જતા રહીએ તો બગાસાંય જતાં રહે. આમ બગાસાંના ઉપાય કરાય, ઑપરેશન નહીં. ઑપરેશન મસાનાં હોય, બગાસાંનાં નહીં!! બગાસાનું ઑપરેશન કરાવવા જતાં મસા થઈ જાય એવુંય બને!

એટલે છૂટાછેડા લેતા પહેલાં એક કામ કરવા જેવું છે. સતત સહવાસથી ઉબઈ ગયા હો તો બેમાંથી એક જણે બે-ચાર મહિના માટે દુબઈ જતાં રહેવું. દૂર ગયા પછી કદાચ બંને એક જ ગીત ગણગણશો. `મૈં યહાં... તૂ વહાં... લાગે ફીકા જહાં...' દુનિયાનો દસ્તૂર છે કે નજીક હોઈએ ત્યારે માણસને એકબીજાના દોષ દેખાય છે, દૂર જઈએ ત્યારે સારા ગુણનું દર્શન થાય છે. અને એક વાર `સુ-દર્શન' થઈ જાય તો ઉધ્ધાર થઈ જાય. ટૂંકમાં વચગાળાની રાહત મળી જાય તો છૂટાછેડાની નોબતમાં નોંધપાત્ર ઘટાડો થાય. સંબંધમાં બ્રેક રાખવાની જરૂર હોય છે, સંબંધને બ્રેક કરવાની નહીં!

લગ્નવિષયક ટચૂકડી જા.Xખ.ના સૌજન્યથી આપણને `નિર્દોષ છૂટાછેડા'નો એક અનુપમ પ્રકાર પ્રાપ્ત થયેલ છે જેનો અર્થ નિર્દોષ પરિણીતોને પણ આજ સુધી સમજાયો નથી. સમજાય નહીં એમાં શું કામ પડવું?! એટલે જ કહું છું કે છૂટાછેડામાં ના પડશો. છેવટે બાળકો માટે પણ પતિ-પત્નીએ બંધાઈ રહેવું જરૂરી છે. છૂટાછવાયા અણબનાવોને બાદ કરતાં એકંદરે શાંતિ હોય તો `શાંતિભ'ઈ' કે `શાંતિબેન'થી છૂટા ન થવું. નહીં તો બાળકોને છૂટાછવાયા થઈ અજંપાભરી સ્થિતિમાં જીવવું પડશે. અને... છૂટાછેડા લઈને એકલા પડ્યા પછી શું કરવાનું? જંગલનાં ઝાડ ગણવાનાં? એના કરતાં કભી ખુશી... કભી ગમ ચાલવા દો ને! જીવન ફિલ્મ જેવું લાગશે.

અંતે એટલું જ કહીશ કે, છૂટાછેડા પણ એક પ્રકારની `ફ્રી' (થવાની) સ્કીમની જ વાત થઈ ને? કોઈ પણ ફ્રીની સ્કીમનો લાભ લેતાં પહેલાં એની ફુદરડી (*)માં બેઠેલા ફણીનાગનો અભ્યાસ કરવો જરૂરી છે!! જેથી ફેરફુદરડીથી ચક્કર ખાઈને પડી જવામાંથી બચી શકાય.

* * *